પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

આંખો નહીં ધરાવનાર
કરતાં પોતાના દોષ
છુપાવનાર આંધળો હોય છે...

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૯-૨-૨૦૨૬, સોમવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૨૮૩

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




### પાકિસ્તાન ભારત સાથે રમવા રાજી થઈ ગયું?!!!

# શ્રીલંકાએ કરાવેલી "યાદ" ભારત સામેની રવિવારની મેચ રમવા પાકે "મન" બનાવવું પડશે?

## લાહોરમાં પીસીબી, બીસીબી અને આઈસીસી વચ્ચે થયેલી ગુપ્ત બેઠક બાદ ભારત-પાકિસ્તાન વર્લ્ડ કપ મેચના વિવાદ પર સમાધાનની આશા વધી



**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી-૨૦ વર્લ્ડ કપના મહામુકાબલાને લઈને ચાલી રહેલી મડાગાંઠમાં હવે નવો વળાંક આવ્યો છે. અત્યાર સુધી બહિષ્કારની ધમકી આપનાર પાકિસ્તાને હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ સામે શરતો મૂકીને સોદાબાજી શરૂ કરી છે.ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાને કોલંબોમાં ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો તેના જવાબમાં શ્રીલંકા ક્રિકેટ બોર્ડ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને પત્ર લખીને આ ૨૦૦૯ના લાહોર હુમલાને યાદ કરાવ્યો.

શ્રીલંકા બોર્ડે જણાવ્યું કે અમે ૨૦૦૯ના હુમલા પછી પણ પાકિસ્તાનમાં પ્રવાસ કર્યો અને ટીમ મોકલી જ્યારે અન્ય ટીમો ન આવી).તેથી પાકિસ્તાને પણ શ્રીલંકાની મેચ રમવા આવવું જોઈએ અને બહિષ્કાર પાછો ખેંચવો જોઈએ શ્રીલંકાએ તે હુમલાને યાદ કરીને પાકિસ્તા સાથે ઊભા રહ્યા, હવે તમે અમારી સાથે ઊભા રહોનો સંદેશ આપ્યો. રવિવારે રાત્રે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં આઈસીસી ઉપાધ્યક્ષ ઈમરાન ખ્વાજા,પીસીબી ચીફ મોહસિન નકવી અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ અમીનુલ ઈસ્લામ બુલબુલ વચ્ચે લાંબી બેઠક ચાલી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજનારી ભારત-પાકિસ્તાન મેચને બચાવવાનો હતો. જોકે, આ મીટિંગમાં કોઈ અંતિમ સમજૂતી થઈ શકી નથી, પણ પાકિસ્તાને તેનો પક્ષ નરમ પાડીને શરતોનું લિસ્ટ પકડાવી દીધું છે.

### પીસીબીની આઈસીસી સમક્ષ ત્રણ શરતો

**બીસીબી માટે વળતરઃ** બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને થયેલા નુકસાનનું વળતર અપાવવું.

**પાર્ટિસિપેશન ફીઃ** ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટેની ફીમાં વધારો અથવા વિશેષ ભથ્થું.

**યજમાનીના અધિકારઃ** ભવિષ્યમાં આયોજિત થનારી આઈસીસી ટ્રોફી કે ઈવેન્ટ્સના યજમાનીના અધિકારોની ખાતરી આપવી.

# સુરત એરપોર્ટ પર બેંગકોકથી આવેલી ફ્લાઈટમાં ૯ કરોડના ગાંજા સાથે બેની ધરપકડ

## બેંગકોકના ડ્રગ્સ માફિયાએ ૯ કરોડનો ગાંજો ફ્લાઈટમાં સીટ નીચે સંતાડ્યો, દિલ્હીનો પેસેન્જર માલ લેવાનો હતો

**અબતક, રાજકોટ**

સુરત એરપોર્ટ પર કસ્ટમ અને ડીઆરઆઈ ટીમનું સંયુક્ત ઓપરેશન પાર પડયું છે જેમાં પ્રવિણ કરમવીર અને પ્રદિપ ભાનની ધરપકડ કરવામાં આવી છે, વિક્રમ બુકલ, અંશુલ ગુપ્તાની ધરપકડ કરી છે, બે દિવસમાં અલગ-અલગ ગાંજા ઝડપાયા છે, એક દિવસ અગાઉ ૮ કિલો ગાંજો તો આજે ૯ કિલો ગાંજો ઝડપાયો છે.

બેંગકોકથી આવી રહેલી ફ્લાઈટમાં આ ગાંજો ઝડપાયો છે અને બેંગકોકથી સુરત સુધી આ ગાંજો પહોંચ્યો હતો, યુવાધન સુધી ગાંજો પહોંચે તે પહેલા આરોપીઓ અને ગાંજો ઝડપાઈ ગયો હતો. સુરત એરપોર્ટ પરથી વારંવાર ગાંજાનો જથ્થો ઝડપાઈ આવે છે.ગાંજો દિલ્હી સપ્લાય થવાનો હતો. બેંગકોકથી આવેલી આ વીકની બે ફ્લાઈટમાં આ ગાંજો મળ્યો છે.

### ક્રુ મેમ્બરે સીટ ઉપસેલી જોતા શંકા ગઈ

પેહલા દિવસની ફ્લાઈટ બેંગ્કોકથી આવી હતી. સુરત આવ્યા બાદ ફ્લાઈટ થોડી ખાલી થઈ ગઈ હતી અને દિલ્હી જનારા થોડા પેસેન્જર બેસી રહ્યા હતા. ત્યારે ક્રુ મેમ્બરે જોયું કે એક રોની કેટલીક સીટ પાછળના ભાગેથી ઉપસેલી છે, જાણે કંઈ મૂક્યુ હોય તેણે સીટ કવર ખસેડીને પાછળની બાજુએ જોયુ તો થેલીમાં કંઈ ભરેલું હતું. પાછળની બીજી સીટ જોઈ અને ત્યારબાદની પણ બે સીટ જોઈ તો દરેકમાં આવું જ હતું અને સીટનો પાછળનો ભાગ ઉપસેલો હતો. તમામ સીટ ચેક કરવામાં આવતા ચાર બેગ મળી આવી હતી. જેમાં ૬ કરોડનો (૬ કિલો) ગાંજો હતો. બીજા દિવસે જે ફ્લાઈટ આવી તેમાં પણ પેસેન્જરો ઉતરી ગયા બાદ ક્રૂ મેમ્બરનું ધ્યાન સીટ નીચે રાખેલી બે થેલી પર પડી હતી અને તમાંથી પણ ગાંજો મળ્યો હતો.



પહેલા દિવસે ફ્લાઈટમાં છ કિલો તો બીજા દિવસે બે કિલો ગાંજો મળ્યો હતો. આઠ કિલો ગાંજાની બજાર કિંમત રૂપિયા નવ કરોડ છે.સમગ્ર કાંડમાં સ્મગલરોની નવી જ મોડસ ઓપરેન્ડી જોવા મળી છે. ખાસ કરીને ઈમરાન હાશ્મીની 'તસ્કરી' વેબ સિરિઝમાં બતાવેલી સ્ટાઈલ સ્મગલરોએ અપનાવી છે. બંને કેસમાં ગાંજો વિમાનમાં જ સીટ નીચે અને સીટની પાછળ છોડી દેવામાં આવ્યો હતો. તમામ મુસાફરો ઉતરી ગયા બાદ ફ્લાઈટ દિલ્હી જનાર હતી અને ત્યાથી સંતાડેલા ગાંજાની ડિલિવરી અજાણ્યા શખ્શો લેનાર હતા.

કોઈ પણ એજન્સી જયારે ગાંજો કે ડ્રગ્સ પકડે છે તો તેની કાર્યવાહી એનડીપીએસ એકટ હેઠળ થતી હોય છે, અને તેની અલગ કોર્ટ હોય છે જેમાં જેલની સજા સુધીની જોગવાઈ છે, ત્યારે અસંખ્ય પેડલરોને જેલની સજા થઈ છે અને જેલમાં સડી રહ્યાં છે, યુવાધન સૌથી વધારે ગાંજાના રવાડે ચડ્યું છે, તો ગાંજો જેમાં બનાવાય છે તે ગોગા પેપરની પણ ગુજરાત પોલીસે તપાસ કરી હતી અને જે તે લોકો વેચાણ કરતા હતા તેમની સામે ગુનો પણ નોંધ્યો હતો.

# મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢીઓની નોંધણીમાં જબરદસ્ત ઉછાળો

## સેવા અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં તેજી તથા વેપાર કરારોને કારણે જાન્યુઆરીમાં એલએલપી રજીસ્ટ્રેશનનો આંકડો પહેલીવાર ૧૦,૦૦૦ને પાર

**અબતક, નવી દિલ્હી**

જાન્યુઆરી મહિનામાં લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપનું રજીસ્ટ્રેશન ઈતિહાસમાં પ્રથમ વખત ૧૦,૦૦૦ના આંકડાને વટાવી ગયું છે. આ આંકડો દેશના સર્વિસ સેક્ટર અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં વધી રહેલા ઉત્સાહને દર્શાવે છે.

કોર્પોરેટ અફેર્સ મંત્રાલયના ડેટા મુજબ, જાન્યુઆરીમાં કુલ ૧૦,૦૮૧ નવી એલએલપી સ્થપાઈ હતી, જે ગયા વર્ષની સરખામણીમાં ૬૦% નો વધારો છે. તે જ રીતે, નવી કંપનીઓની નોંધણી પણ ગયા વર્ષ કરતાં ૩૯% વધીને ૨૩,૨૭૬ થઈ છે.

અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથેના ભારતના નવીનતમ વેપાર કરારોને કારણે વેપાર જગતમાં સેન્ટિમેન્ટ મજબૂત બન્યું છે. નાની કોર્પોરેટ ભૂલોને ગુનાહિત શ્રેણીમાંથી મુક્ત કરવા અને નિયમોમાં હળવાશને કારણે બિઝનેસ કરવામાં સરળતા વધી છે. જીએસટીમાં ઘટાડો અને ઈન્કમ ટેક્સમાં રાહતને કારણે પણ નવી કંપનીઓ અને એલએલપી શરૂ કરવા માટે પ્રોત્સાહન મળ્યું છે.

ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી જાન્યુઆરી વચ્ચે કુલ ૭૬,૬૯૬ એલએલપી નોંધાઈ છે, જે વાર્ષિક ધોરણે ૪૧% નો વધારો દર્શાવે છે. આ જ સમયગાળામાં વિદેશી કંપનીઓની નોંધણી પણ વધીને ૭૮ થઈ છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ એ પણ ભારતના નાણાકીય વર્ષ ૨૦૨૬ ના વિકાસ દરનો અંદાજ ૬.૬% થી વધારીને ૭.૩% કર્યો છે.

બીએમઆર લીગલના પાર્ટનર શંકી અગ્રવાલે કહ્યું કે, વેપાર શરૂ કરવાની પ્રક્રિયા સરળ અને સસ્તી થવાને કારણે નવી કંપનીઓની નોંધણી (રજિસ્ટ્રેશન) માં વધારો થયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે,




"કંપનીને લગતી નાની-મોટી ભૂલો માટે હવે જેલ જેવી સજા થતી નથી અને નિયમો હળવા થયા છે, જેના કારણે વેપારીઓમાં દંડનો ડર અને કાયદાકીય ખર્ચ ઘટી ગયો છે." અગ્રવાલે ઉમેર્યું કે આનાથી વેપારીઓનો આત્મવિશ્વાસ વધ્યો છે અને લોકો હવે પોતાના ધંધાની

(અનુ. આઠમા પાને)

- જાન્યુઆરી-૨૦૨૫ઃ ૬,૨૯૮ એલએલપી નોંધાઈ હતી.
- જાન્યુઆરી-૨૦૨૬ઃ આ સંખ્યા વધીને ૧૦,૦૮૧ થઈ (અંદાજે ૬૦% નો વધારો).
- જાન્યુઆરી-૨૦૨૬ માં નવી કંપનીઓની નોંધણી પણ વધીને ૨૩,૨૭૬ પર પહોંચી ગઈ છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૫ઃ કુલ ૫૪,૫૪૬ એલએલપીની નોંધણી થઈ હતી.
- નાણાકીય વર્ષ ૨૦૨૬ઃ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં જ ૭૬,૬૯૬ એલએલપી નોંધાઈ ચૂકી છે.
- કંપનીઓની નોંધણીમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે, જે ગત વર્ષના ૧,૪૨,૩૦૯થી વધીને ૨,૦૧,૧૮૪ થઈ છે.

# ચોતરફ હરિયાળીઃ શેરબજાર, સોના-ચાંદીમાં તેજી, રૂપીયો નરમ

## ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ, આરબીઆઈએ રેપોરેટ યથાવત રાખતા અને એસબીઆઈના સારા ક્વાર્ટરલી પરિણામોનાં કારણે સેન્સેક્સ નિફ્ટીમાં ઉછાળો

**ચાંદીના ભાવમાં રૂ.૧૨૦૦૦ અને સોનાના ભાવમાં રૂ.૨૨૦૦નો વધારોઃ ડોલર સામે રૂપીયો ૧૦ પૈસા મજબુત**



**અબતક, રાજકોટ**

ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ ફાઈનલ થતા આરબીઆઈ દ્વારા વ્યાજદર યથાવત રાખવામાં આવતા અને એસબીઆઈ બેંકના સારા ત્રિ-માસિક પરિણામોના કારણે આજે ઉઘડતા સપ્તાહે ચોતરફ હરિયાળી જોવા મળી હતી. શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો હતો. સોના અને ચાંદીના ભાવમાં વધારો નોંધાયો હતો. જયારે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયો પણ થોડો નબળો પડયો હતો. રોકાણકારોના હૈયે હરખ દેખાયો હતો.

આજે ઉઘડતા સપ્તાહે સેન્સેકસે ફરીએકવાર ૮૪ હજારની સપાટી કુદાવી હતી ઈન્ટ્રાડેમાં સેન્સેકસની ઉપલી સપાટી ૮૪૩૧૪ રહેવા પામી હતી જયારે નીચલી સપાટી ૮૩૮૬૦ રહેવા પામી હતી. જયારે નિફ્ટીની દિવસ દરમિયાનની ઉપલી સપાટી ૨૫૯૨૨ રહેવા પામી હતી જયારે નીચલી સપાટી રૂ. ૨૫૭૮૧ રહેવા પામી હતી. એસબીઆઈ બેંકના સારા પરિણામોના કારણે આજે બેંકીંગ સેકટરમાં ઉછાળો જોવા મળ્યો હતો. બેંક નિફ્ટી ૫૧૦ પોઈન્ટથી વધુ વધી હતી જયારે નિફ્ટી મીડકેપ ૧૦૦માં પણ ૯૧૦થી વધુ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. રિયાલીટી સેકટર પણ મજબૂત જણાતું હતુ. બુલિયન બજારમાં પણ મજબૂત જોવા મળી હતી. એમસીએકસ પર આજે ચાંદીના ભાવમાં ૧૨ હજારથી વધુનોવધારો રહ્યો હતો. જયારે સોનાના ભાવ ૨૨૦૦ રૂપીયાથી વધુ ઉછાળ્યા હતા. ચાંદીના ભાવ આજે રૂ.૨,૬૫,૦૦૦ની સપાટીએ પહોચી ગયા હતા જયારે વાયદા બજારમાં નીચલી સપાટી રૂ. ૨,૫૮,૦૦૦ રહેવા પામી હતી. સોનાના ભાવ રૂ.૧,૫૮,૫૦૦એ પહોચ્યા હતા નીચલી સપાટી રૂ.૧૫૫૫૪૬ રહેવા પામી હતી અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયો ૧૪ પૈસા મજબુત બન્યો હતો.

**સેન્સેક્સમાં ૪૪૦થી વધુ અને નિફ્ટીમાં ૧૬૦થી વધુ પોઈન્ટનો ઉછાળો**

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેકસ ૪૪૦ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧૦૨૦ પોઈન્ટ પર નિફ્ટી ૧૬૦ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫૮૪૯ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. જયારે ડોલર સામે રૂપીયો ૨ પૈસાની નરમાશ સાથે ૯૦.૬૯ પર ટ્રેડ કરી રહ્યો છે.

# નીટ-પીજીમાં સિંગલ આંકડાનો સ્કોર પણ સુપર સ્પેશિયાલિસ્ટ બનાવવા કાફી?

## એમબીબીએસના ૫.૫ વર્ષના અભ્યાસ બાદ તરત જ પીજીની તૈયારી કરવી અને સાથે ઈન્ટર્નશિપમાં ૧૨-૧૨ કલાકની ડ્યુટી શારીરિક અને માનસિક રીતે તોડાય છે

**અબતક, દિલ્હી**

ભારતની આરોગ્ય વ્યવસ્થા જેને આપણે દેશની કરોડરજ્જુ ગણીએ છીએ, તે આજે એક વિચિત્ર અને ચિંતાજનક વળાંક પર ઉભી છે. એક તરફ આપણે વિશ્વસ્તરીય સ્વાસ્થ્ય સુવિધાઓના સપના જોઈ રહ્યા છીએ, તો બીજી તરફ દેશના સૌથી કઠિન ગણાતા મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશના માપદંડો એટલી હદે કથળી રહ્યા છે કે જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. NEET-PG 2025 ના કટ-ઓફમાં કરાયેલો તોતિંગ ઘટાડો એ માત્ર આંકડાનો ફેરફાર નથી, પરંતુ મેડિકલ શિક્ષણની ગરિમા સામે ઉઠેલો એક મોટો સવાલ છે.

જ્યારે ગંભીર સર્જરી અને સ્ત્રી રોગ જેવા અતિ સંવેદનશીલ વિષયોમાં નિપુણતા મેળવવા માટે 'બુદ્ધિપ્રતિભા' ને બદલે માત્ર 'હાજરી' જ પૂરતી બની જાય, ત્યારે વ્યવસ્થાની ગુણવત્તા પર પ્રશ્નો ઉઠવા લાજમી છે. આ આઘાતજનક સ્થિતિ પાછળનું મુખ્ય કારણ સરકારની 'સીટો ખાલી ન રાખવાની' જીદ છે. છેલ્લા વર્ષોમાં સીટોની સંખ્યામાં વધારો

(અનુ. આઠમા પાને)

### ન હોય... મુન્નાભાઈ એમબીબીએસ તમારા હાડકા સરખા કરી દેશે?

તાજેતરના NEET-PG ના કટ-ઓફમાં થયેલા ફેરફારે મેડિકલ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. જે પરીક્ષામાં પાસ થવા માટે વિદ્યાર્થીઓ રાત-દિવસ એક કરી દેતા હતા, ત્યાં હવે જાણે 'સેલ' લાગ્યો હોય તેવી સ્થિતિ છે. હાડકાના નિષ્ણાતમાં રોહતકમાં માત્ર ૪ માર્ક્સ લાવનારને પણ એડમિશન મળ્યું છે. ગાયનેકોલોજિસ્ટમાં દિલ્હીની ટોચની કોલેજમાં માત્ર ૪૪ માર્ક્સ લાવનાર હવે ડિલિવરી કેસ સંભાળશે. બાયોકેમિસ્ટ્રીમાં -૮ માર્ક્સ હોવા છતાં સીટ મળી છે. શું આ સાચું શિક્ષણ છે કે માત્ર સીટો ભરવાની રમત? સરકાર કહે છે કે સીટો ખાલી ન રહેવી જોઈએ, પણ શું ડિગ્રી આપવાથી કાબેલિયત આવી જશે? જો પાયાનું જ્ઞાન જ શૂન્ય હશે, તો ઓપરેશન થિયેટરમાં દર્દીના જીવનું શું? ૮૦૦ માંથી ૪ માર્ક્સ એટલે કે ૧% કરતા પણ ઓછી લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ હવે સ્પેશિયાલિસ્ટ બનશે.

### ૮૦૦ માંથી માત્ર ૪ માર્કસઃ વિદ્યાર્થીની નબળાઈ કે પરીક્ષાની પદ્ધતિઓ એવી છે?

બધા વિદ્યાર્થીઓ નબળા નથી. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ ખૂબ મહેનત કરીને સારા માર્કસ લાવે જ છે. પરંતુ, આ નવી પદ્ધતિ 'નબળા વિદ્યાર્થીઓને પણ રક્ષણ' આપે છે. તમારે માત્ર ૪ માર્કસ લાવવાના છે, ત્યારે મહેનત કરવાની વૃત્તિ મરી જાય છે. મેડિકલ એડ્યુકેટર્સ કહે છે કે આ "વર્કફોર્સ પ્લાનિંગ" ની નિષ્ફળતા છે. આપણે સંખ્યા વધારી રહ્યા છીએ, પણ શક્તિ ગુમાવી રહ્યા છીએ. કટ-ઓફ એટલો નીચો કરી દેવામાં આવ્યો છે કે જો તમે પરીક્ષામાં માત્ર હાજર રહો અને થોડાક જ સાચા ટીક કરો, તો પણ તમે 'ક્વોલિફાય' થઈ જાઓ છો. આનાથી એવા વિદ્યાર્થીઓ પણ અંદર આવી જાય છે જેમનામાં પાયાનું મેડિકલ જ્ઞાન પણ હોતું નથી. સરકારે બેઠકો તો વધારી દીધી, પણ તેની સામે લાયક શિક્ષકો વધાર્યા નથી. ઘણી નવી કોલેજોમાં પૂરતા દર્દીઓ નથી હોતા, જેના કારણે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ મળતો નથી. જ્યારે પાયો જ કાચો હોય, ત્યારે પ્રવેશ પરીક્ષામાં સ્કોર આવવો મુશ્કેલ છે.


## આજે વિશ્વ એપિલેપ્સી દિવસ

# મગજની વીજળી: એપીલેપ્સી (વાઈ)ની અજાણી સફર

**વાઈ એ એક સામાન્ય બીમારી છે, જે દુનિયાભરમાં લાખો લોકોને અસર કરે છે: આંચકી, તાણ કે ફીટ આવવી એ વાઈ ની બીમારીનું મુખ્ય લક્ષણ છે, વાઈના દર્દીઓને વારંવાર કે બે કે તેથી વધુ વખત અચાનક જ આંચકી-તાણ આવી જાય છે: ફક્ત એક જ વાર આવેલી આંચકીને વાઈ કહી શકાય નહીં**

એપીલેપ્સી (વાઈ) એ એક ક્રોનિક ન્યુરોલોજીકલ ડિસઓર્ડર છે, જે મગજમાં અચાનક અસામાન્ય વિદ્યુત પ્રવૃત્તિને કારણે વારંવાર, બિનઉશ્કેરણી જનક હુમલાઓ દ્વારા વર્ગીકૃત થયેલ છે. આ સ્થિતિ તમામ ઉંમરના લોકોને અસર કરે છે અને વિશ્વભરમાં ચોથા સૌથી સામાન્ય ન્યુરોલોજીકલ સ્થિતિ તરીકે સ્થાન ધરાવે છે. આજે વિશ્વભરમાં લગભગ પાંચ કરોડ લોકોને અસર કરે છે. આજે વિશ્વ લેવલે તેની જન જાગૃતિ માટે દિવસ ઉજવાય રહ્યો છે. WHO દ્વારા બિન-ચેપી રોગોના નિવારણ અને નિયંત્રણમાં વાઈને ટોચની પ્રાથમિકતાઓમાંની એક તરીકે ઓળખવામાં આવી હતી, અને ૨૦૨૨-૨૦૩૧ માટે વાઈ અને અન્ય ન્યુરોલોજીકલ ડિસઓર્ડર પર એક ખાસ આંતર-મૌખિક વૈશ્વિક કાર્ય યોજના અપનાવવામાં આવી છે.એપીલેપ્સી એ મગજનો એક ક્રોનિક બિન-ચેપી રોગ છે જે તમામ ઉંમરના લોકોને અસર કરે છે.

એપીલેપ્સી એ વિશ્વભરમાં તમામ ઉંમરના વ્યક્તિઓને અસર કરતી સૌથી સામાન્ય ગંભીર મગજની સ્થિતિઓમાંની એક છે, સામાન્ય વસ્તીની તુલનામાં અકાળ મૃત્યુનું જોખમ ત્રણ ગણું વધારે છે, અને મગજમાં અસામાન્ય અતિશય અથવા સિંક્રનસ ચેતાકોષીય




પ્રવૃત્તિને કારણે વારંવાર, બિનઉશ્કેરણીજનક હુમલા દ્વારા વર્ગીકૃત થયેલ છે. આ રોગ આરોગ્ય પ્રણાલીઓ, સમાજો અને અસરગ્રસ્ત વ્યક્તિઓ અને તેમના પરિવારો પર નોંધપાત્ર આર્થિક, મનોસામાજિક, શારીરિક અને માનસિક બોજ લાદે છે.

વાઈ, આંચકી અને તાણ (EPILEPSY) માં વાઈ એ એક સામાન્ય બીમારી છે, જે દુનિયાભરમાં લાખો લોકોને અસર કરે છે.આંચકી,તાણ, ફીટ આવવી એ વાઈ ની બીમારીનું મુખ્ય લક્ષણ છે. વાઈના દર્દીઓને વારંવાર કે બે કે તેથી વધુ વખત અચાનક જ આંચકી-તાણ આવી જાય છે. ફક્ત એક જ વાર આવેલી આંચકીને વાઈ કહી શકાય નહીં.આ બીમારી મગજમાં વધુ પડતી કે અસામાન્ય વિદ્યુત પ્રવૃતિને લીધે ઉદભવે છે.આ બીમારી કોઈ પણ ઉંમરે શરૂ થઈ શકે છે.મોટા ભાગના દર્દીઓમાં વાઈ જીવનભર રહેતી નથી. વારંવાર આવતી ખેંચ મગજ ને નુકસાન પહોંચાડી શકે છે તથા અકસ્માતે શારીરિક હાની કરી શકે છે, તેથી આ બીમારીમાં દવાઓ લેવી ખૂબ જ જરૂરી અને હિતાવહ છે. નિયમિત દવાઓ અને જીવનશૈલીમાં સામાન્ય ફેરફાર કરીને વાઈગ્રસ્તોમાંથી લગભગ ૮૦ ટકા દર્દી તેમની આંચકીઓને નિયંત્રણમાં લઈ શકે છે. એપિલેપ્સીથી પીડાનારામાં ઘણા બધા મહાન રમતવીરો, સંગીતકારો,કલાકારો વગેરે પણ છે, અને તેમ છતાં તેઓ સંબંધિત ક્ષેત્રોમાં, સર્વોચ્ચતમ ઊંચાઈએ પહોંચી લક્ષ્યાંકો હંસલ કરી શક્યા છે. વિશ્વભરમાં અંદાજે પાંચ કરોડ લોકોને વાઈ છે, જે તેને વૈશ્વિક સ્તરે સૌથી સામાન્ય ન્યુરોલોજીકલ રોગોમાંનો એક બનાવે છે.વાઈના લગભગ ૮૦% લોકો ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં રહે છે. એવો અંદાજ છે કે જો યોગ્ય રીતે નિદાન અને સારવાર



કરવામાં આવે તો વાઈથી પીડાતા ૭૦% લોકો હુમલા મુક્ત રહી શકે છે.વાઈના દર્દીઓમાં અકાળ મૃત્યુનું જોખમ સામાન્ય વસ્તી કરતા ત્રણ ગણું વધારે હોય છે.ઓછી આવક ધરાવતા દેશોમાં રહેતા વાઈના ત્રણ ચતુર્થાંશ લોકોને જરૂરી સારવાર મળતી નથી. વિશ્વના ઘણા ભાગોમાં, વાઈના દર્દીઓ અને તેમના પરિવારો કલંક અને ભેદભાવથી પીડાય છે. આ સમસ્યા હલનચલનના ટૂંકા ગાળાનો એપિસોડ છે, જેમાં શરીરના એક ભાગ (આંશિક) કે આખા શરીર (સામાન્યકૃત) સામેલ હોઈ શકે છે, અને ક્યારેક ચેતના ગુમાવવા અને આંતરડા કે મૂત્રાશયના કાર્ય પર નિયંત્રણ સાથે હોય છે.

મગજના કોષોના જૂથમાં અતિશય વિદ્યુત સ્ત્રાવને કારણે હુમલાના હુમલા થાય છે. મગજના વિવિધ ભાગો આવા સ્ત્રાવનું સ્થળ હોઈ શકે છે. હુમલામાં ધ્યાન ગુમાવવાથી લઈને સ્નાયુઓના ધક્કા ખાવાથી લઈને ગંભીર અને લાંબા સમય સુધી ખેંચાણ આવવા સુધીનો સમય લાગી શકે છે. હુમલાની આવર્તન પણ બદલાઈ શકે છે.

વિશ્વભરમાં ૧૦% જેટલા લોકોને તેમના જીવનકાળ દરમિયાન એક વાર હુમલો આવે છે. એપીલેપ્સીને બે કે તેથી વધુ ઉશ્કેરણી વગરના હુમલા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. એપીલેપ્સી એ વિશ્વની સૌથી જૂની માન્યતા પ્રાપ્ત સ્થિતિઓમાંની એક છે, જેના લેખિત રેકોર્ડ ૪૦૦૦ બીસીઈનો છે. ભય, ગેરસમજ, ભેદભાવ અને સામાજિક કલંક સદીઓથી વાઈને ઘેરી રહ્યા છે. આ કલંક આજે પણ ઘણા દેશોમાં ચાલુ છે, અને આ રોગ ધરાવતા લોકો અને તેમના પરિવારોના જીવનની ગુણવત્તા પર અસર કરી શકે છે. સમસ્યા નિવારણ માટે ગ્લોબલ એક્શન પ્લાન અપનાવ્યો, જેનો ઉદ્દેશ્ય ન્યુરોલોજીકલ ડિસઓર્ડર ધરાવતા લોકો, તેમના સંભાળ રાખનારાઓ અને પરિવારોની સારવાર અને સંભાળ અને જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો તેમજ સમગ્ર જીવનકાળ દરમિયાન મગજના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવાનો છે. તેમાં વૈશ્વિક લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે તમામ હિસ્સેદારો દ્વારા હાથ ધરવામાં આવનારી ક્રિયાઓનો સમાવેશ થાય છે. વૈશ્વિક કાર્ય યોજનાના વ્યૂહાત્મક ઉદ્દેશ્યો નીતિ અને શાસન, અસરકારક, સમયસર અને પ્રતિભાવશીલ નિદાન, સારવાર અને સંભાળ, પ્રોત્સાહન અને નિવારણ, સંશોધન, નવીનતા અને માહિતી પ્રણાલીઓ અને વાઈ માટે જાહેર આરોગ્ય પ્રતિભાવ જેવા મુદ્દાઓને સંબોધિત કરે છે. આ વર્ષની ઉજવણી થીમ EpilepsyPledge ઝુંબેશ પર કેન્દ્રિત છે, જે જાગૃતિને નક્કર કાર્યવાહીમાં રૂપાંતરિત કરવા માટે રચાયેલ પરિવર્તનશીલ પહેલ છે.

દુઃખદ વાત એ છે કે, દર વર્ષે વાઈથી પીડાતા ૧૦૦૦ માંથી ૧ વ્યક્તિ વાઈ સંબંધિત કારણોથી અચાનક મૃત્યુ પામે છે, જે ઘણીવાર સારવારની અપૂરતી પહોંચને કારણે વધુ ખરાબ થાય છે. ભારતમાં, વાઈનો ફેલાવો દર એક હજાર લોકો દીઠ ૫-૧૦ હોવાનો અંદાજ છે, જે આશરે ૮૦ લાખ લોકોને અસર કરે છે. મર્યાદિત આરોગ્યસંભાળ સુવિધા અને વાઈની ઓછી જાગૃતિને કારણે ગ્રામીણ વિસ્તારોમાં આ ફેલાવો વધુ જોવા મળે છે. પ્રારંભિક હસ્તક્ષેપ મહત્વપૂર્ણ સાબિત થાય છે, કારણ કે અભ્યાસો દર્શાવે છે કે યોગ્ય સારવાર અને ચાલુ તબીબી સંભાળ દ્વારા ૭૦% કેસોને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે.

### મગજના તરંગો અને એપીલેપ્સીની કહાની

આ દિવસના વૈશ્વિક સંદેશમા લોકોને વાઈ શું છે તે શીખવામાં, દંતકથાઓને દૂર કરવામાં અને આ સ્થિતિ સાથે જીવતા લોકો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે. ધ્યેય એવી જાગૃતિ લાવવાનો છે, જે સહાનુભૂતિ, સમાવેશ અને કાર્યવાહી તરફ દોરી જાય છે. હુમલાના વિકારોને સમજવા અને વાઈની જાગૃતિને ટેકો આપવાથી આપણા સમુદાયોમાં દરેકને ફાયદો થાય છે. ભલે તમે આંતરરાષ્ટ્રીય વાઈ દિવસ પર જાંબલી રંગ પહેરો, ઊાશહયાતુ હ્રહયમલય બનાવો કે ફક્ત યોગ્ય હુમલાની પ્રાથમિક સારવાર શીખો તમારા દરેક કાર્યો વધુ સમાવિષ્ટ વિશ્વને પ્રોત્સાહન આપે છે.એપીલેપ્સી માટે વહેલા નિદાન અને તબીબી સંભાળનું મહત્વ ખુબજ ફાયદો કરે છે. EEG અને MRI દ્વારા સમયસર નિદાન સ્ટેટસ એપિલેપ્ટીકસનું જોખમ ઘટાડે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

**૨૦૨૩-૩૧ માટે વાઈ અને અન્ય ન્યુરોલોજીકલ ડિસઓર્ડર પર એક ખાસ આંતર-મૌખિક વૈશ્વિક કાર્ય યોજના અપનાવવામાં આવી છે: આ બીમારી મગજ માં વધુ પડતી કે અસામાન્ય વિદ્યુત પ્રવૃતિને લીધે ઉદભવે છે: આ બીમારી કોઈ પણ ઉંમરે શરૂ થઈ શકે છે: મોટા ભાગના દર્દીઓમાં વાઈ જીવનભર રહેતી નથી: વિશ્વભરમાં લગભગ પાંચ કરોડ લોકોને આ સમસ્યા અસર કરે છે**

# એચ.વી. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે ઓન્કોલોજી વિષયક નિષ્ણાત આપ્યું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

રાજકોટ ગાર્ડી વિદ્યાપીઠની એચ.વી. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે તા. ૫ ફેબ્રુઆરીના રોજ એચ.સી.જી. હોસ્પિટલ, રાજકોટ દ્વારા એડવાન્સમેન્ટ ઈન ઓન્કોલોજી મેનેજમેન્ટ અન્ડ રોલ ઓફ નર્સ ઈન ઓન્કો ટ્રીટમેન્ટ મોડેલિટિસ વિષય આધારીત એક વિશેષ નિષ્ણાત સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ નિષ્ણાત સત્રમાં રેડિએશન ઓન્કોલોજિસ્ટ ડો. સાર્થક મોહંતી, ડી.એન.બી ઓન્કોલોજી ડો. મિતેશ ખુંટ અને કેન્સર અવેરનેસ નિષ્ણાત ડો. શ્વેતા ટીલાળા જેવા નામાંકિત તજજ્ઞોએ માર્ગદર્શન પૂરું પાડ્યુ હતું. નિષ્ણાતોએ કેન્સરની આધુનિક સારવાર પદ્ધતિઓ, મલ્ટિડિસિપ્લિનરી અભિગમ અને દર્દીની સમગ્ર સંભાળમાં નર્સિસની મહત્વપૂર્ણ ભૂમિકા પર વિશેષ પ્રકાશ પાડ્યો. સત્ર દરમિયાન નર્સિંગ વિદ્યાર્થીઓ અને આરોગ્ય કર્મીઓ સાથે સંવાદાત્મક ચર્ચા અને પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી. તેમજ કેન્સર સારવાર ક્ષેત્રે થતા નવા વિકાસ, આધુનિક ઓન્કોલોજી મેનેજમેન્ટ તથા કેન્સરની સારવારમાં નર્સિસની મહત્વપૂર્ણ અને નિર્ણાયક ભૂમિકા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. એચ.સી.જી ટીમ, રાજકોટ તથા એચ વી મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગ ના સયુંક્ત પ્રયાસોથી આયોજિત આ કાર્યક્રમ કેન્સર અવેરનેસ વધારવા તથા આરોગ્ય ક્ષેત્રે ગુણવત્તાયુક્ત સેવા માટે એક મહત્વપૂર્ણ પ્રયાસ સાબિત થયો હતો.

# ગ્રીડ્સ અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શનિવારે સાહિત્યિક પરિસંવાદ

## અમેરિકન ગુજરાતી કવિયુગલ અશરફ ડબાવાલા અને મધુમતી મહેતાના પ્રદાનને ચતુર્વિધ રીતે મૂલવવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજકોટના મારૂતિનગર ખાતે આવેલા સરસ્વતી શિશુમંદિર સભાગૃહ ખાતે આગામી તા. ૧૪ ફેબ્રુઆરી શનિવારના રોજ સાંજે ૫ કલાકે ગાર્ડી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડાયસ્પોરા સ્ટડીઝ (ગ્રીડ્સ) - રાજકોટ અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય સાહિત્યિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શિકાગો (અમેરિકા) નિવાસી અને ‘ડાયસ્પોરા રાઈટિંગ એવોર્ડ’થી સન્માનિત જાણીતા કવિયુગલ અશરફ ડબાવાલા અને મધુમતી મહેતાના સાહિત્યિક પ્રદાનને વિશેષ રીતે બિરદાવવામાં આવશે. આ પરિસંવાદમાં કવિ દંપતીના સર્જનનું ગાન, નર્તન, મૂલ્યાંકન અને કાવ્યપાઠ એમ ચતુર્વિધ પ્રકારે આયોજન કરવામાં આવ્યું છે.

સમગ્ર કાર્યક્રમની રૂપરેખા જણાવતા સાહિત્યકાર અને શિક્ષણવિદ્ બળવંતભાઈ જાનીએ જણાવ્યું હતું કે, પરિસંવાદમાં અમેરિકાના ’ગુજરાત ટાઈમ્સ’ના દિગંત સોમપુરા અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે કલાવિદ્ ભરત યાજ્ઞિક કવિ દંપતીને શાલ, પાઘ અને સન્માનપત્ર અર્પણ કરશે. અનુઆધુનિક સાહિત્યના અભ્યાસીઓ વિપુલ પુરોહિત અને અનિરૂદ્ધસિંહ ગોહિલ અનુક્રમે અશરફ ડબાવાલા અને મધુમતી મહેતાના કાવ્યવિશ્વ વિશે વક્તવ્ય આપશે. સુશ્રી અનુશ્રી મહેતા ગાયન અને પરમ કથ્થક કેન્દ્ર દ્વારા નૃત્ય રજૂ કરવામાં આવશે. લલિત ત્રિવેદી, અરવિંદ ભટ્ટ, પારુલ ખખ્ખર અને મનોજ જોશી ‘મન’ જેવા કવિ દંપતિના અમરેલીના તથા તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા ચાર કવિઓ કાવ્યપાઠ કરશે. ગ્રીડ્સના માનદ નિયામક બળવંત જાની અને ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવ દ્વારા રાજકોટના સાહિત્યપ્રેમીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ પાઠવવામાં આવ્યું છે.



# બોર્ડના વિદ્યાર્થીઓ માટે રવિવારે બાલાજી હનુમાનજી મંદિરમાં દિવ્ય રક્ષા કવચ પૂજન

**અબતક, રાજકોટ**

લક્ષ્મીનારાયણ દેવ વડતાલધામ સંચાલિત બાલાજી હનુમાનજી મંદિર, ભૂપેન્દ્ર રોડ, રાજકોટ ખાતે ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે વિશેષ આધ્યાત્મિક આયોજન કરવામાં આવ્યું છે. બોર્ડ પરીક્ષાની પૂર્વ તૈયારી દરમિયાન વિદ્યાર્થીઓને માનસિક શાંતિ, આત્મવિશ્વાસ અને સફળતાના આશીર્વાદ મળે તે હેતુથી શ્રી બાલાજી દાદાના સાનિધ્યમાં દિવ્ય રક્ષા કવચ સાથે સરસ્વતી પૂજન અને મહાપૂજા



યોજાશે. આ વિશેષ પૂજન કાર્યક્રમ તારીખ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ (રવિવાર)ના રોજ બપોરે ૪:૦૦ થી ૬:૩૦ વાગ્યા દરમિયાન બાલાજી હનુમાનજી મંદિર, ભૂપેન્દ્ર રોડ, રાજકોટ ખાતે યોજાશે. કાર્યક્રમનું માર્ગદર્શન મંદિરના મહંત વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા આપવામાં આવશે.

આ આયોજન કોઠારી રાધારમણદારાજી સ્વામી, સ્વામિનારાયણ મંદિર, ભૂપેન્દ્ર રોડ, રાજકોટ દ્વારા કરવામાં આવ્યું છે. પૂજનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પૂજા સામગ્રી મંદિર તરફથી નિઃશુલ્ક આપવામાં આવશે.જે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ આ પૂજામાં બેસવા ઈચ્છતા હોય તેમણે મંદિર ખાતે ટેબલ પર ચંદુભાઈનો સંપર્ક કરી અથવા ઓફિસમાં પોતાનું નામ નોંધાવવાનું રહેશે.

બોર્ડ પરીક્ષાની મહત્વપૂર્ણ ઘડીએ આધ્યાત્મિક શક્તિ અને ઈશ્વર આશીર્વાદથી વિદ્યાર્થીઓમાં સકારાત્મક ઉર્જા અને એકાગ્રતા વધે તે ઉદ્દેશથી આ આયોજન કરવામાં આવ્યું છે. મંદિર વ્યવસ્થાપન દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને આ દિવ્ય આયોજનનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૯-૦૨-૨૦૨૬ સોમવાર**
૧૧:૦૦ થી ૦૨:૦૦ સંસદ બજેટ સત્ર (લાઈવ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (અપ્પમ)+(ચીઝ અંગુરી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.અર્ચના પીઠડીયા)
૦૪:૩૦ થી ૦૪:૫૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૪:૫૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**તારીખ ૧૦-૦૨-૨૦૨૬ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા(પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૧૦-૨ -૨૦૨૬ મંગળવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ આઠમ સીતાનોમ વિછુડો
**નક્ષત્ર** વિશાખા
**યોગ** ધ્રુવ **કરણ:** કૌલવ
**સુર્યોદય** ૭.૨૨ **સુર્યાસ્ત:** ૬.૪૧
**ચંદ્ર રાશી** વૃશ્ચિક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** ઉત્તર દશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૯ થી ૧.૨૪

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૭ | | | | | | ૪ |
| | ૨ | | ૮ | | | ૫ | ૯ | |
| | | | | ૩ | | ૬ | | |
| ૪ | | | | | ૫ | ૧ | | |
| | ૬ | ૨ | | | | | ૫ | ૩ |
| | | | | ૨ | | ૭ | ૮ | |
| | ૮ | ૧ | ૭ | | ૪ | | | |
| | | | ૨ | | | | | |
| ૩ | | | | ૬ | ૧ | | | ૮ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૪ | ૨ | ૫ | ૭ | ૧ | ૬ | ૯ |
| ૬ | ૫ | ૯ | ૩ | ૪ | ૧ | ૮ | ૭ | ૨ |
| ૭ | ૨ | ૧ | ૮ | ૯ | ૬ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૪ | ૩ | ૫ | ૧ | ૯ | ૭ | ૮ | ૬ |
| ૯ | ૬ | ૮ | ૭ | ૨ | ૪ | ૫ | ૧ | ૩ |
| ૫ | ૧ | ૭ | ૬ | ૮ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૪ | ૭ | ૫ | ૯ | ૬ | ૮ | ૨ | ૩ | ૧ |
| ૩ | ૯ | ૬ | ૧ | ૭ | ૨ | ૪ | ૫ | ૮ |
| ૧ | ૮ | ૨ | ૪ | ૩ | ૫ | ૬ | ૯ | ૭ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૦.૨.૨૦૨૬, મંગળવાર, સંવંત ૨૦૮૨, મહા વદ નોમ, આઠમ, વિશાખા નક્ષત્ર, ધ્રુવ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** નજીકના ક્ષેત્રો માં મધ્યમ રહે પરંતુ દૂર દેશથી સારા સમાચાર મળે, આગળ વધવાની તક મળે.

**વૃષભ (બ,વ,ઉ) :** જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, નવા મિત્રો બનાવી શકો,શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** તબિયતની કાળજી લેવી, ખાવા-પીવામાં ખ્યાલ રાખવો પડે, જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કર્ક (ડ,હ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, આનંદદાયક દિવસ.

**સિંહ (મ,ટ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** મિત્રોની મદદ થી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે,પરિવાર સાથે આનંદ કરી શકો.

**તુલા (ર,ત) :** તમારા સૌમ્ય વાણી વર્તનથી કાર્ય સિદ્ધ થાય,એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે,દિવસ પ્રગતિકારક અને શુભ રહે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કામકાજમાં નુકસાની ના જાય એ જોવું,ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસ માં કાળજી રાખવી, મધ્યમ દિવસ.

**મકર (ખ,જ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, લેખન વાંચન મંથન થી આનંદ મળે.રચનાત્મક કાર્ય કરી શકો.

**કુંભ (ગ ,સ,શ) :** વેપારીવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે, નોકરિયાતવર્ગે સમજીને ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ) :** ધ્યાન યોગ મૌન થી લાભ થાય, ધાર્મિક કાર્યમાં સહભાગી થઈ શકો, આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

# વૈશ્વિક બજારનો સંગમઃ ઈન્ડિયા ઈન્ટરનેશનલ મેગા ટ્રેડ ફેર ખરીદીનું મહાકેન્દ્ર બન્યું

## ૧૫થી વધુ દેશો અને ૮થી વધુ રાજ્યોની ભાગીદારી, ૩૫૦૦થી વધુ પ્રોડક્ટ્સ અને ૧૫૦થી વધુ સ્ટોલ્સ સાથે ખરીદીનો અનોખો અનુભવ





તસવીરઃ શૈલેષ વાડોલિયા



**અબતક, રાજકોટ**

રાજકોટના નાના મવા સર્કલ ગ્રાઉન્ડ ખાતે પ્રથમવાર 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ મેગા ટ્રેડ ફેર'નો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરના ટ્રેડ ફેરનું ઉદઘાટન ધારાસભ્ય રમેશ ટીલાળા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટના મેયર નયનાબેન પેઢડિયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### એક જ છત હેઠળ દેશ-વિદેશની ઉત્તમ વસ્તુઓઃ મયુર નારવાણી



ટ્રેડ ફેરના આયોજક મયુર નારવાણીએ જણાવ્યું હતું કે રાજકોટવાસીઓ માટે આ એક અનોખો ખરીદીનો અવસર છે. જી.એસ. માર્કેટિંગ એસોસિએટ્સ દ્વારા આયોજિત આ પ્રદર્શનમાં ભારત સાથે વિદેશી સંસ્કૃતિ અને પ્રોડક્ટ્સની ઝલક પણ જોવા મળશે. તેમણે ઉમેર્યું હતું કે રાજકોટમાં આ પ્રકારનું આયોજન પ્રથમવાર થઈ રહ્યું છે અને લોકો એક જ સ્થળે વિશ્વભરની ઉત્તમ વસ્તુઓ જોઈ અને ખરીદી કરી શકશે.

ધારાસભ્ય રમેશ ટીલાળાએ જણાવ્યું હતું કે આ ટ્રેડ ફેરમાં ૧૫૦થી વધુ સ્ટોલ્સ કાર્યરત છે, જેમાં ક્રોકરી, હેન્ડલૂમ, હેન્ડીક્રાફ્ટ, ફૂડ આઈટમ્સ સહિતની વિવિધ ચીજવસ્તુઓ ઉપલબ્ધ છે. અહીં પ્રદર્શિત તમામ વસ્તુઓની ગુણવત્તા ઉત્તમ છે અને ભાવ ગ્રાહકોને અનુકૂળ રાખવામાં આવ્યા છે, જે રાજકોટવાસીઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બનશે.

આ ટ્રેડ ફેરમાં ૧૫થી વધુ દેશો અને ભારતના ૮થી વધુ રાજ્યોના વેપારીઓએ ભાગ લીધો છે. અંદાજે ૩૫૦૦થી વધુ અલગ-અલગ પ્રોડક્ટ્સનું પ્રદર્શન અને વેચાણ એક જ સ્થળે થઈ રહ્યું છે. આ પ્રદર્શન ૬થી ૧૬ ફેબ્રુઆરી સુધી કુલ ૧૧ દિવસ માટે યોજાશે અને બપોરે ૧:૦૦થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી જનતા માટે ખુલ્લું રહેશે.

અફઘાનિસ્તાનના ડ્રાયફ્રૂટ્સ, દુબઈની ચોકલેટ્સ અને પરફ્યુમ્સ, ઈરાનનું કેસર અને મધ, સિંગાપોરનું સ્ટીમ આયર્ન, જામદાની સાડીઓ તેમજ વિવિધ હસ્તકલા વસ્તુઓ અહીં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. રાજકોટમાં આવા આંતરરાષ્ટ્રીય આયોજનથી સ્થાનિક વેપાર, રોજગાર અને ગ્રાહકોને વૈશ્વિક અનુભવ મળવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

### રાજકોટવાસીઓ માટે આંતરરાષ્ટ્રીય સ્તરની ખરીદીની ઉત્તમ તકઃ ડો.દર્શિતાબેન શાહ



ધારાસભ્ય દર્શિતાબેન શાહે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજકોટમાં પ્રથમવાર ઈન્ડિયા ઈન્ટરનેશનલ મેગા ટ્રેડ ફેરનું આયોજન થવું ગૌરવની વાત છે. આ ટ્રેડ ફેર દ્વારા રાજકોટવાસીઓને હવે આંતરરાષ્ટ્રીય સ્તરની ચીજવસ્તુઓ પોતાના જ શહેરમાં ઉપલબ્ધ થશે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થયેલા વિવિધ ટ્રેડ ડીલ્સના કારણે આજે વિશ્વના અનેક દેશો ભારત સાથે વેપાર માટે આગળ આવી રહ્યા છે, જેનું જીવંત ઉદાહરણ આ ટ્રેડ ફેર છે.

# ટીમ બીજેપીનું કાલે સન્માનઃ પ્રદેશ કારોબારીના સભ્યોને પણ વધાવાશે

## ચૂંટણી વર્ષમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂકાશે







**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપના માર્ગદર્શન અને સુચના મુજબ તાજેતરમાં નિમણુક થયેલ ગુજરાત પ્રદેશ વિશેષ આમંત્રીત સભ્યો તથા કારોબારી સભ્યશ્રીઓ રાજકોટ મહાનગર ભારતીય જનતા પાર્ટી સંગઠનની ટીમ અને વિવિધ મોરચાના હોદેદારઓનો અભિવાદન સમારોહ આવતીકાલ સાંજે ૪-૩૦ કલાકે કમલમ કાર્યાલય, શીતલ પાર્ક ચોક ખાતે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેની અધ્યક્ષતામાં યોજાશે.

આ અંગે માહીતી આપતા રાજકોટ મહાનગર પ્રમુખ ડો. માધવભાઈ દવેતથા પૂર્વ મહામંત્રી અશ્વીનભાઈ મોલીયા તથા વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યુ છે કે ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા રાજકોટ મહાનગરમાંથી પ્રદેશ ભાજપની ટીમમાં વિશેષ આમંત્રીત સભ્ય વજુભાઈ વાળા, અને ગોવિંદભાઈ પટેલ તેમજ પ્રદેશ ભાજપ કારોબારી સભ્યઓ ભાનુબેન બાબરીયા, કમલેશભાઈ મીરાણી, અરવિંદભાઈ રૈયાણી, ધનસુખભાઈ ભંડેરી, કશ્યપભાઈ શુકલ અને રાજુભાઈ ધ્રુવ ને સન્માનિત કરવામાં આવશે.

આ ઉપરાંત ગઈકાલે પ્રદેશ ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલ રાજકોટ મહાનગરની સંગઠનની ટીમ તથા વિવિધ મોરચાના હોદેદારોનો અભિવાદન તથા સન્માન સભારંભ પણ યોજાશે. જેમાં મહામંત્રીઓ વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજા, ઉપપ્રમુખઓ મેહુલભાઈ નથવાણી, મહેશભાઈ પીપળીયા, ભાર્ગવભાઈ મિયાત્રા, દીપાબેન કાચા, કેતનભાઈ વાછાણી, કૌશિકભાઈ ચાવડા, સોમાભાઈ ભાલીયા અને મેઘાબેન વૈશ્નવ, મંત્રીઓ કિશનભાઈ ટીલવા, ગેલાભાઈ રબારી, સુનીલભાઈ ગોહેલ ,ધર્મિષ્ઠાબેન વાઘેલા, કિન્નરીબેન ચૌહાણ, ચાંદનીબેન ગોંડલીયા, નિશાબેન રાણપરા અને અરૂણાબેન પરમાર ,કોષાધ્યક્ષ મયુરભાઈ શાહ,કાર્યાલયમંત્રી હિતેશભાઈ ઢોલરીયા તથા યુવા મોરચામાં મીલનભાઈ લીંબાસીયા, જયકિશનભાઈ ઝાલા અને હિમાંશુ રાજયગુરુ, મહિલા મોરચામાં લીનાબેન રાવલ,કિરણબેન હરસોડા,માધવીબેન જોગીયા, કિશાન મોરચામાં યોગેશભાઈ ભુવા,રાજેશભાઈ ડાંગરિયા, અનિલસિંહ પરમાર,બક્ષીપંચ ( ઓ.બી.સી.) મોરચોમાં બાબુભાઈ માટીયા, મહેશભાઈ મિયાત્રા, રાજેશભાઈ સવનીયા, અનુસુચિત જાતિ મોરચોમાં દિનેશભાઈ ગોહેલ, સંજયભાઈ બગડા, અભિષેકભાઈ ગોરી, અનુસુચિત જન જાતિ મોરચોમાં મનોજભાઈ દુબલ, વિજયભાઈ રાઠોડ, જીતેન્દ્રભાઈ વાઘેલા, લઘુમતિ મોરચોમાં ઈબ્રાહીમભાઈ સોની,ફિરોજભાઈ ડેલા,અમનભાઈ સમા ને સન્માનીતકરવામાં આવશે.

આ અભિવાદન સમારોહમાં પરસોતમભાઈ રૂપાલા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, રાજકોટ શહેર સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, રાજકોટ શહેર પૂર્વ અધ્યક્ષ મુકેશભાઈ દોશી, રાજકોટ શહેર મેયર નયનાબેન પેઢડીયા,પૂર્વ મહામંત્રી અશ્વીનભાઈ મોલીયા તથા વિરેન્દ્રસિંહ ઝાલા અને રાજકોટ શહેર સંગઠનના પૂર્વ હોદેદાર સહિત રાજકોટ મહાનગર ભારતીય જનતા પાર્ટીના તમામ શ્રેણીના હોદેદારો તેમજ કાર્યકર્તાઓ તથા રાજકોટ મહાનગર પાલીકાના પદાધીકારીઓ અને કોર્પોરેટરશ્રીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

---

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવશાળી આયોજન

# ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ક્રિકેટ લીગનો ધમાકેદાર પ્રારંભ

## આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દિલ્હીની યુનિવર્સિટી વચ્ચે કાંટે કી ટક્કરઃ ત્રણ દિવસ લીગ મેચ બાદ નોકઆઉટ મુકાબલાનો પ્રારંભ થશે


તસવીરઃ શૈલેષ વાડોલિયા



### ગુજરાતમાં પ્રથમવાર યોજાતી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ સ્પર્ધા : જયદેવ ઉનડકટએ ખુલ્લી મુકી



**કેમેરામેનઃ વિપુલ ચૌહાણ**
**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા તારીખ ૨૭ જાન્યુઆરીથી ૮ ફેબ્રુઆરી દરમિયાન આયોજિત એઆઈયુ વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ ભાઈઓ સ્પર્ધાનો ભવ્ય સમાપન અને ઈનામ વિતરણ સમારંભ તથા ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ ભાઈઓ સ્પર્ધાનો ઉદઘાટન કાર્યક્રમ અત્યંત ભવ્યતા અને ઉત્સાહપૂર્વક યોજાયો હતો.આજથી ઓલ ઈન્ડિયા ક્રિકેટ ભાઈઓ લીગ ટુર્નામેન્ટનો ધમાકેદાર પ્રારંભ થયો છે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમ પૂર્ણ જુસ્સા અને આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરી છે.

ઉલ્લેખનીય છે કે, વેસ્ટ ઝોન સ્પર્ધાના વિશેષ કાર્યક્રમમાં પ્રેસિડેન્ટ ઓફ પાર્લામેન્ટ રામભાઈ મોકરીયા, આંતરરાષ્ટ્રીય ક્રિકેટર જયદેવ ઉનડકટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી, રજીસ્ટ્રાર ડો. મનીષ ધામેચા તેમજ ભૂતપૂર્વ અનેક રણજી ટ્રોફી ખેલાડીઓ અને આમંત્રિત મહેમાનોની ગૌરવસભર ઉપસ્થિતિ રહી હતી.

ગુજરાતમાં પ્રથમવાર યોજાતી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ ભાઈઓ સ્પર્ધાના ઉદઘાટન કાર્યક્રમને આંતરરાષ્ટ્રીય ખેલાડી જયદેવભાઈ ઉનડકટ દ્વારા ખુલ્લી મુકવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ભવ્ય કાર્યક્રમ દ્વારા સમગ્ર ક્રિકેટ જગતમાં વિશેષ ઉત્સાહ અને ગૌરવનો માહોલ સર્જાયો હતો.

વેસ્ટ ઝોન સ્પર્ધામાં ચેમ્પિયન, રનર-અપ અને સેકન્ડ રનર-અપ ટીમોને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી ઓલ ઈન્ડિયા સ્પર્ધા માટે ક્વોલિફાઈ કર્યું હતું, જે યુનિવર્સિટી માટે ગૌરવની બાબત છે.

આ સમગ્ર સ્પર્ધાનું સફળ આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા અને તેમની ટીમના સુચિંતિત આયોજન, સંકલન અને અવિરત મહેનતથી શક્ય બન્યું છે. અનેક વર્ષો બાદ જોવા મળેલી આ ધમાકેદાર ઉદઘાટન અને સમાપન સેરેમનીએ તમામ ઉપસ્થિતોને યાદગાર અનુભવ આપ્યો હતો.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આ ભવ્ય આયોજનથી સમગ્ર રાજ્ય તેમજ દેશના રમતગમત ક્ષેત્રમાં ગૌરવની લાગણી પ્રસરી છે.

### વેસ્ટ ઝોન યુનિવર્સિટીમાં આદિત્ય રાઠોડ બન્યાં મેન ઓફ ધ સિરીઝ

વેસ્ટ ઝોનની કુલ ૧૫૪ યુનિવર્સિટીઓમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓમાં પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ખેલાડીઓનું દમદાર પ્રદર્શન રહ્યું હતું.બેસ્ટ બોલર તરીકે આદિત્ય રાઠોડ, બેસ્ટ બેટ્સમેન તરીકે રામદેવ આચાર્ય જયારે મેન ઓફ ધ સીરિઝ (૨૬ વિકેટ) સાથે આદિત્ય રાઠોડને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

### ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ક્રિકેટ સ્પર્ધાની યજમાની ગૌરવની વાતઃ કુલપતિ ડો.ઉત્પલ જોશી



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી યુનિવર્સીટીના કુલપતિ ડો.ઉત્પલ જોશીએ ''અબતક'' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ખૂબ જ આનંદ સાથે જણાવું છું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઈન્ટર યુનિવર્સિટી વેસ્ટ ઝોનની સ્પર્ધાઓ છેલ્લા ત્રણ અઠવાડિયા રાજકોટ ખાતે રમાઈ હતી જેનું સમાપન થયું છે અને આજથી ઓલ ઈન્ડિયા ઝોનલ ટુર્નામેન્ટ જેમાં ૧૬ ટીમો ભાગ લઈ રહી છે. ગૌરવની વાત છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આંગણે આ સ્પર્ધા રમાઈ રહી છે. શિક્ષણની સાથે રમત ગમતનું મહત્વ રહેલું છે. દરેક વિદ્યાર્થી ઈન્ટરનેશનલ કક્ષાએ ન જઈ શકે પરંતુ સ્પર્ધામાં ભાગ લેતા તેમનું ઘડતર થાય છે.

# ગુરૂ સાથે વ્યતીત થયેલી એક પણ પળ ભવ-ભવને સુધારવા માટે સક્ષમ: નમ્રમુનિ

## રતિલાલજી મહારાજ સાહેબની ૨૮મી પુણ્ય સ્મૃતિનો અવસર તેમજ રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની ૩૫મી દીક્ષા જયંતિની ઉજવાણી






**અબતક, રાજકોટ**

દુર્લભ એવા મનુષ્ય ભવમાં પ્રભુનો - સંયમનો અમૂલ્ય વેશ પ્રાપ્ત કરવાની પાવન પ્રેરણા પ્રસારતાં પરમધામ સાધના સંકુલના પ્રાંગણે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની ૩૫મી દીક્ષા જયંતિનો અવસર, દરેક ભક્તહૃદયના ઊંડાણથી પ્રગટ થતાં અહોભાવ અને વંદનભાવની અર્પણતા સાથે અવિસ્મરણીય બની ગયેલ.

પરમ ગુરુદેવની દીક્ષા જયંતિ નિમિત્તે પરમધામમાં યોજાયેલી બે દિવસીય ''ઉપકારનો ધબકાર'' વિશિષ્ટ શિબિરમાં જોડાઈને શિષ્યત્વને શ્રેષ્ઠ બનાવવાની પ્રેરણા પામવા તેમજ ગુરુ ચરણમાં દીક્ષા જયંતિની શુભેચ્છા વંદના અર્પણ કરવા સમગ્ર મુંબઈ, રાજકોટ, જૂનાગઢ, બરોડા, અમદાવાદ, કોલકાતા, ચેન્નઈ, અમરાવતી આદિ અનેક ક્ષેત્રોથી બહોળી સંખ્યામાં પધારેલાં ભાવિકો કૃતકૃત્ય બન્યાં હતાં.

બે દિવસીય આ વિશિષ્ટ શિબિરમાં પરમધામના નૈસર્ગિક વાતાવરણમાં વહેલી સવારના સમયે યોગા, ધ્યાન સાધના, પ્રવચન, પ્રેરણાત્મક પ્રયોગો, પ્રભુ વાણી એવા આગમ ગ્રંથોની ગાથાઓનો સ્વાધ્યાય, સંધ્યાભક્તિ જેવા વિવિધ આયોજન દ્વારા ભાવિકોને બોધિત કરવામાં આવ્યાં હતાં.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબની ૨૮મી પુણ્ય સ્મૃતિ અવસરે ઉપકારી ગુરુ પ્રત્યે અનન્ય ભક્તિભાવ સાથે બોધ પ્રસારિત કરતાં પરમ ગુરુદેવે ફરમાવ્યું હતું કે, કોઈપણ મહાપુરુષનું સર્જન એમનેમ નથી થતું. અંતરના ગુણોની મહાનતા એક મહાપુરુષનું સર્જન કરતી હોય છે દુ:ખો, તકલીફો અને વેદનાઓની ભઠ્ઠીમાં જે સહનશીલ બનીને તપે છે, એને જ સિદ્ધિઓની પ્રાપ્તિ થતી હોય છે.

મહાપુરુષોના- ગુરુના ગુણગાન જેટલી વાર કરીએ એટલી વાર એમના ગુણોના બીજ આપણાં અંતરમાં વાવીને એક દિવસ એમના જેવા જ ગુણવાન બની જઈએ. દરેક શિષ્ય હૃદયનું એક જ લક્ષ્ય હોય, મારે મારા ગુરુ જેવું

(અનુ. આઠમા પાને)

## અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા ભારતભરના ક્ષેત્રોમાં અબોલ જીવોના ભોજનની કીટ વિતરણના સત્કાર્યથી મહેકી ઊઠી માનવતા

# જલારામ બાપાની ૧૪૫મી પુણ્યતિથિએ ભક્તિ અને સેવાનો મહાસંગમ






તસવીર: વિપુલ ચૌહાણ

## રઘુવંશી મિત્ર મંડળ દ્વારા મહાઆરતી-મહાપ્રસાદ, રઘુવીર યુવા સેના રાજકોટની ૨૬ પદયાત્રામાં ૧૨૦૦થી વધુ ભાવિકો જોડાયા

**અબતક, રાજકોટ**

સંત શિરોમણી જલારામ બાપાની ૧૪૫મી પુણ્યતિથિ નિમિત્તે રાજકોટ શહેરમાં ભક્તિ, સેવા અને સમાજ એકતાનો સુંદર સંગમ જોવા મળ્યો. રઘુવંશી મિત્ર મંડળ (રેલનગર), રાજકોટ દ્વારા સમગ્ર રઘુવંશી સમાજ તથા જલારામ બાપાના ભક્તો માટે ભવ્ય મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન સફળતાપૂર્વક યોજાઈ ગયું.



આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી હતી. મહાઆરતી બાદ સર્વે ભક્તજનો માટે મહાપ્રસાદની સુવ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં સમાજના તમામ વર્ગોએ પ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિભાવ અને આનંદથી છલકાયું હતું.

આ સાથે જ રઘુવીર યુવા સેના રાજકોટ પદયાત્રા સંઘ દ્વારા રાજકોટથી વિરપુર સુધી જલારામ બાપાની પુણ્યતિથિ નિમિત્તે ૨૬મી પદયાત્રાનું આયોજન પણ ભવ્ય રીતે યોજાઈ ગયું. આ પદયાત્રામાં અંદાજે ૧૨૦૦ જેટલા ભાવિકો જોડાયા હતા. પદયાત્રીઓની સુવિધા માટે દર એકથી દોઢ કિલોમીટરે ચા-નાસ્તા, ભોજન, આઈસ્ક્રીમ, પીવાનું પાણી તથા મેડિકલ સેવાઓના સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા.

અબ તકની વાતચીતમાં હિમાંશુ વસંતે જણાવ્યું હતું કે, જલારામ બાપાની સેવા, સાદગી અને સમર્પણની ભાવનાને જીવંત રાખવાનો આ પ્રયાસ છે. ભક્તોની નિષ્ઠા અને સેવાભાવથી આ તમામ કાર્યક્રમો સફળતાપૂર્વક પૂર્ણ થયા છે.

આ સમગ્ર આયોજન દ્વારા રાજકોટ શહેરમાં જલારામ બાપાની ભક્તિ સાથે સમાજમાં એકતા, સેવાભાવ અને સંસ્કારનો સુંદર સંદેશ પ્રસરી ગયો હતો.

### વરસાદી પાણીના નિકાલ માટે

# વોર્ડ નં.૮માં પાઈપ લાઈન નાખવાના કામનું ખાતમુહૂર્ત કરતાં ધારાસભ્ય ડો.દર્શિતા શાહ



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૮માં કાલાવાડ રોડ પર મહિલા અંડર બ્રિજથી જન કલ્યાણના નાલા સુધી અને ચિત્રકૂટ ધામ શેરી નં.૧-એ માં રૂ.૪૮.૦૨ લાખના ખર્ચે વરસાદી પાણીના નિકાલ માટે પાઈપ ગટર નાખવાના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય ડો.દર્શિતા શાહના વરદ્હસ્તે કરવામાં આવ્યું.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, કોર્પોરેટર અશ્વિનભાઈ પાંભર, બિપીનભાઈ બેરા, ડો.દર્શનાબેન પંડ્યા, રવિ ચાંગેલા, નિલેશભાઈ ભટ્ટ, અશોકભાઈ ડાંગર, મહેશભાઈ રાઠોડ, જયસુખભાઈ મારવીયા, સંજયભાઈ દવે, પ્રવિણભાઈ, ધી આઈ.દોશી, શોભનાબેન, રંજનીબેન, મીનાબેન શર્મા, દેવાંગીબેન મૈયડ, કિરણબેન માંકડીયા, ધૈર્યાભાઈ પરસાણા, મયુરભાઈ પાંભર, દિનેશભાઈ, મનોજભાઈ હુંબલ, શોભનાબેન સોલંકી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# માસિક મિલન પ્રબુધ્ધ ગોષ્ઠીમાં વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ નાગરિક બનાવવાના પાઠ ભણાવાયા



## વિદ્યાર્થીઓને નાગરિક કર્તવ્ય ધર્મ અનુરાગ અન દેશભકિત સાથેનું જીવન જીવવા નિષ્ણાકોએ આપી શિખામણ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં શાળા સંપર્ક અભિયાનમાં મહાનગર ની ૧૦૦ શાળાઓનો સંપર્ક દ્વારા ધોરણ ૭ થી ધોરણ ૧૨ ના વિદ્યાર્થી કુમાર -કુમારિકાઓ સાથે માસિક મિલન ના પ્રબુદ્ધ મોટીવેશનલ વક્તાઓ ની ગોષ્ઠિ દ્વારા નાગરિક કર્તવ્યનું જ્ઞાન પીરસવાનું કાર્ય ચાલુ છે.

સૌ પ્રથમ રાજકોટની છ શાળાઓ પૈકી કર્ણાવતી સ્કૂલમાં અગ્રણી ડો.એન. ડી.શીલુ તથા વિપુલભાઈ ભોજાણી દ્વારા પ્રારંભ થયો હતો.

કર્ણાવતી સ્કૂલના ટ્રસ્ટી અશોક પાંભરસર, પ્રાચાર્ય અર્જુન સેજપાલ, વિભાગીય આચાર્ય વિરલ ડોબરીયા અને શૈક્ષિકગણના ઉમળકાભેર સહકારથી ધોરણ આઠ થી ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠિ કરી હતી. તેમજ

સમય પાલન, અનુશાસન , વ્યવહારમાં વિવેક, વિનય, સહકાર, સમ્માન અને આજ્ઞાપાલન જેવા ગુણો આપણને શ્રેષ્ઠ વિદ્યાર્થી બનાવે છે. માતાના ગર્ભથી માંડી અંત સુધી આપણે વિદ્યાર્થીભાવ કાયમ રાખવો જોઈએ.તેવી શીખામણ આપવામાં આવી હતી.

આપણા ઋષિમુનિઓ આર્ષદ્રષ્ટા હતા. સૂર્ય, ચંદ્ર, તારાઓ, ગ્રહો, નક્ષત્રોની શોધ કેટલી સનાતન અને વૈજ્ઞાનિક છે. સૂર્યદેવના સાત ઘોડાઓ એટલે સફેદ રંગના વિભાજીત થતા સાત રંગો છે....


હજારો વર્ષો પહેલાં લખાયેલા પંચાંગમાં આવતી કાલના થનાર સૂર્યગ્રહણની આગાહી કેટલી સચોટ છે કે સેકન્ડ(પળ-વિપળ)નો પણ ફર્ક નથી. પાશ્ચાત્ય વિજ્ઞાન તો આ સમજવાં ઘણું પાછળ છે. પરંતુ આપણી પરતંત્રતાએ આ મૂલ્યોને ભૂલાવી દીધા છે એટલે એ ગુલામી માનસિકતા છોડી વિદ્યાર્થીકાળથી જ સત.ય અને સનાતન સમજવાં નો દરેક વિદ્યાર્થીનો અધિકાર છે.

આપણા શાસ્ત્રોમાં વર્ણવેલા સનાતન સંશોધનો માત્ર પરિકલ્પના ન હતી એ આજે વિજ્ઞાન દ્વારા સાબિત થયું છે.

શૈક્ષિક મહાસંઘના અધિકારી આચાર્ય વિપુલભાઈ ભોજાણીએ આ અઘરી પણ સનાતનની સત્ય વાતોને બાળકોની જ ભાષામાં

(અનુ. આઠમા પાને)

# કણસાગરા કોલેજમાં અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓએ ચાર્ટ- પ્રોજેક્ટ દ્વારા કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કરાયુ



## વિકસિત ભારત ૨૦૪૭ના રોડમેપ સાથે બજેટના મુખ્ય મુદ્દાઓનું કર્યું વિશ્લેષણ

**અબતક, રાજકોટ**

કણસાગરા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય આર્થિક નીતિઓ અંગે સમજ વિકસે તે હેતુસર વિકસિત ભારત ૨૦૪૭ના રોડમેપને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૬-૨૭ વિષયક વિશેષ શૈક્ષણિક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કોલેજના બાપુજી હોલમાં યોજાયો હતો, જેમાં એફવાય, એસવાય અને ટીવાયના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓએ ચાર્ટ, પોસ્ટર અને પ્રોજેક્ટ વર્ક દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ના મુખ્ય મુદ્દાઓને અસરકારક રીતે રજૂ કર્યા હતા. તેમણે શિક્ષણ, આરોગ્ય, કૃષિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોજગાર સર્જન, ડિજિટલ અર્થતંત્ર, સામાજિક કલ્યાણ અને ટકાઉ વિકાસ જેવા ક્ષેત્રોમાં કરવામાં આવેલી જોગવાઈઓનું વિશ્લેષણ કર્યું હતું. સાથે જ તેમણે સમજાવ્યું હતું કે આ અંદાજપત્ર ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે કેવી રીતે મજબૂત આધાર પૂરું પાડે છે.

અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકો રાજેન્દ્ર સેજલીયા, પુષ્પાબેન સોલંકી અને રેણુકા ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ સ્નેહલ કોટક, કેમ્પસ નિયામક રાજેશ કલારીયા, મનોજભાઈ વ્યાસ તથા મીરાબેન ત્રિવેદીની ઉપસ્થિતિએ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને પ્રેરણા પૂરું પાડી હતી. માનનીય મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓના ચાર્ટ અને પ્રોજેક્ટ વર્કનું નિરીક્ષણ કરી તેમની મહેનત તથા વિષયની સમજની પ્રશંસા કરવામાં આવી હતી.

પ્રિન્સિપાલ સ્નેહલ કોટકે જણાવ્યું હતું કે, આવી શૈક્ષણિક પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય આર્થિક નીતિઓ અંગે ઊંડાણપૂર્વકની સમજ વિકસે છે અને તેઓ જવાબદાર નાગરિક તરીકે ઘડાય છે.

# મિરામ્બિકા શૈક્ષણીક સંકુલના જોશ રમતોત્સવમાં ૧000 ખેલાડીએ બતાવ્યું કૌવત

## એલ.કે.જી.થી લઈને કોલેજ સુધી વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં લીધો ભાગ




**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના રેસકોર્સ એથ્લેટીક ગ્રાઉન્ડ ખાતે મીરામ્બિકા એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ રાજકોટ દ્વારા આયોજિત ત્રિદિવસીય વાર્ષિક રમતગમત મહોત્સવ 'JOSH 2025-26' નું ગૌરવવંતુ સમાપન થયું હતું. આ મહોત્સવ તા. ૫, ૬ અને ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી બી. ડી. જાડેજાના આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ અત્યંત ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો.

ભવ્ય ઉદ્દઘાટન અને સહભાગીઓ રમતોત્સવના પ્રથમ દિવસે ઉદ્દઘાટન સમારોહ અત્યંત આકર્ષક રહ્યો હતો. ખેલાડીઓ દ્વારા મસાલ પ્રગટાવવામાં આવી હતી અને ત્યારબાદ તમામ ખેલાડીઓએ શિસ્તબદ્ધ રીતે માર્ચ પાસ્ટ કરી હતી. આ પ્રસંગે આકાશમાં ત્રિરંગી ફુગ્ગા ઉડાડી મહોત્સવને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં શાળાના એલકેજી થી

(અનુ. આઠમા પાને)

# ભારતીય સૈનામાં કારકીર્દીની તક વિષયે યુવાનોને સેના તજજ્ઞોએ આપ્યું માર્ગદર્શન

## બાબુભાઈ વૈદ્ય લાયબ્રેરી ખાતે કોર્પોરેશન દ્વારા યોજાયો માર્ગદર્શન સેમિનાર



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બાબુભાઈ વૈદ્ય લાઈબ્રેરી ખાતે તા.૦૮/૦૨/૨૦૨૬, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે Career Opportunities in Indian Army પર મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને સેમિનાર યોજાયો. જેમાં ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષદંડક મનીષભાઈ રાડીયા, કર્નલ પી.પી. વ્યાસ સાહેબ, ભારતીય સેનાના જવાન અમિત જોશી, શ્રી સુરેશ અમીપરા તથા રમેશભાઈ ચાવડા ઉપસ્થિત રહેલ હતા.

મહેમાનોનું સ્વાગત લાઈબ્રેરીના ચીફ લાઈબ્રેરિયન નરેન્દ્ર આરદેશણા દ્વારા આવેલ તેમજ પુષ્પથી સ્વાગત લાઈબ્રેરીના ડેપ્યુટી ચીફ લાઈબ્રેરિયન સુનીલ દેત્રોજા દ્વારા કરવામાં આવેલ.

કાર્યક્રમમાં ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ તથા રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના દંડક મનીષભાઈ રાડીયા દ્વારા યુવાનોમાં દેશપ્રેમ,શિસ્ત અને સમર્પણની ભાવના વધારવા પ્રેરણાદાયી પ્રવચન આપવામાં આવેલ.

કર્નલ પી.પી. વ્યાસ દ્વારા યુવાઓને પોતાની સેવાઓ દરમ્યાનના જીવંત ઉદાહરણો દ્વારા જીવનમાં શિસ્ત અને રાષ્ટ્ર ભાવના અને લીડરશીપ કેવી રીતે ડેવલપ કરી શકાય તે વિશે ઊંડાણપુર્વક માહિતી આપવામાં આવેલ હતી અને યુવાઓને જ્યારે પણ કોઈપણ પ્રકારની માહિતી કે માર્ગદર્શનની જરૂરીયાત પડે ત્યારે તેમનો સંપર્ક કરવા જણાવેલ હતું. આર્મી મેન અમિત જોશી અને સુરેશ અમીપરા દ્વારા યુવાનોને ભારતીય સેનામાં જોડાવાની તમામ પ્રક્રિયાઓની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. ભરતીના વિવિધ માર્ગો અને તાલિમ વિષે સંપૂર્ણ માહિતીથી વાકેફ કરવામાં આવેલ હતા. ભરતીમાં શારીરિક

(અનુ. આઠમા પાને)

ચંપકનગરની રૂ.૧.૬૨ કરોડની ચાંદી ચોરીમાં

# ક્રેટા કાર સાથે બોટાદ પંથકનો શખ્સ ઝડપાયો : સાંજ સુધીમાં દૂધનું દૂધ, પાણીનું પાણી થવાના એંધાણ

## ઝડપાયેલા શખ્સની ક્રાઈમ બ્રાન્ચે આકરી સરભરા કરતા 'પોપટ' બન્યો : બનાસકાંઠાના દાંતીવાડાનો શખ્સ મુખ્ય સૂત્રધાર હોવાની કબૂલાત, તસ્કરોને પકડવા ટીમો દોડાવાઈ

**અબતક, રાજકોટ**

શહેરના સામાકાંઠા વિસ્તારમાં ચંપકનગરમાં પાંચ દિવસ પૂર્વે રૂ. ૧.૬૨ કરોડની ચાંદી ચોરીને અંજામ આપી તસ્કર ટોળકી ક્રેટા કારમા નાસી ગઈ હતી. જે બનાવમાં ક્રાઈમ બ્રાન્ચે બોટાદ પંથકમાંથી ક્રેટા કાર સાથે તસ્કર ટોળકીના સભ્યને દબોચી લીધો હતો. બાદ ઝડપાયેલા શખ્સની આકરી સરભરા કરવામાં આવતા તે પોપટ બન્યો હતો અને ચોરી પ્રકરણનો મુખ્ય સૂત્રધાર બનાસકાંઠાના દાંતીવાડાના શખ્સનું નામ ખોલી નાખ્યું હતું. પોલિસે હાલ મુખ્ય સૂત્રધાર સહીત તસ્કર ટોળકીને પકડી મુદ્દામાલ કબ્જે કરવા ટીમો દોડાવી છે અને સાંજ સુધીમાં જ ગુનાનો ભેદ ઉકેલાઈ જાય તેવી પ્રબળ શક્યતા સેવાઈ રહી છે.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો રૈયા સર્કલ પાસે રામેશ્વર પાર્ક-૦૧ શેરી નં.૧ માં રહેતા મૂળ પડધરીના વિમાસણ ગામના વતની અતુલભાઈ લિંબાભાઈ બુસા (ઉ.વ.૩૯) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને પેડક રોડ ચંપકનગર-૦૧ ખત્રીની વાડીની પાસે બીપીનભાઈના મકાનમાં શકિત સિલ્વર નામની પેઢી આવેલ છે. જ્યાં તેઓએ ગઈ તા. ૦૩ ના સાંજે ચારેક વાગ્યે પેઢીને તાળુ મારી ચાવી સાથે લઈ લગ્ન પ્રસંગમાં જતો રહેલ હતો. બાદ ગઈકાલે સવારના તેઓ ઘરે હતા ત્યારે પોણા નવેક વાગ્યાની આસપાસ કાકા જયેશભાઈ બુસાનો ફોન આવેલ કે, તારી પેઢીના દરવાજા ખુલ્લા છે, તેમ જણાવતા તુરત જ ત્યાં ગયેલ તો ત્યાં કાકા જયેશભાઈ અને બીપીનભાઈ હાજર હતા, પેઢીમાં જોયેલ તો પેઢીના દરવાજા પર લોખંડની જાળી પરનો લોક જોવામાં આવેલ નહી તેમજ દરવાજા પાસે આશરે બે ફુટનો લોખંડનો સળીયો પડેલ જોવામાં આવેલ હતો.જાળી પછીના રૂમમાં તપાસ કરતા ચાંદીના વિંછીયા તેમજ સાંકળા આશરે ૫૦ ટચના તૈયાર કરેલ દાગીના પ્લાસ્ટીકના બોક્ષમાં ભરેલ હતા, તે બોક્ષની ૧૧ બોરી જોવામાં આવેલ નહી જેમાં આશરે ૧૩૦ થી ૧૪૦ કિલો ગ્રામ જેટલા તૈયાર ચાંદીના દાગીના હતા, જેની કિંમત આશરે રૂ. ૧,૬૨,૫૦,૦૦૦ ગણાય. જે કોઈ અજાણ્યા ચોર પેઢીના જાળીના ભાગે મારેલ તાળુ તોડી ચોરી કરી લઈ જતાં બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને બી. ડિવિઝન પોલીસ મથકની અલગ અલગ ટીમોએ તપાસનો ધમધમાટ આદર્યો હતો. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંતે તસ્કરોનું પગેરું મેળવવામાં સફળ થઈ હોય તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ક્રાઈમ બ્રાન્ચની ટીમે બોટાદ પંથકમાંથી ચોરી કરવા તસ્કરો જે ક્રેટા કરમાં આવ્યા હતા તે ઝડપી તેની સાથે એક શંકાસ્પદ શખ્સને પણ ઉઠાવી લીધો હતો.

જે શખ્સની ક્રાઈમ બ્રાન્ચની ટીમે આકરી સરભરા કરતાં મોટા ઘટસ્ફોટ કર્યા હતાં. પકડાયેલ શખ્સની કબૂલાત પરથી ક્રાઈમ બ્રાન્ચની એક ટીમે બોટાદ પંથકમાં ધામા નાંખ્યા છે અને તે શખ્સના ઘરના સીસીટીવી અને ડીવીઆર કબ્જે કરી તપાસ આદરી છે. તેમજ દાંતીવાડા પંથકનો શખ્સ મુખ્ય સૂત્રધાર હોવાનું પણ સામે આવી રહ્યું છે. બધું સમુ સુતરું ઉતરશે તો સાંજ સુધીમાં ગુનાનો ભેદ ઉકેલાઈ જશે તેવું પણ ઉચ્ચ પોલીસ અધિકારીઓ જણાવી રહ્યાં છે.

## રાજકોટની ચાંદી ચોરી પ્રકરણનો ભેદ ઉકેલવા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પુરેપુરી સક્રિય : એકને દબોચ્યો, મુખ્ય સૂત્રધારને પકડી લેવા ચક્રો ગતિમાન

### અમદાવાદ ખાતેથી મોબાઈલ દુકાન ધારકને ૪૦ કિલો ચાંદી વેચવા જતાં ઝડપી લેવાયો : સપ્લાય કરનાર કુખ્યાત રાજસ્થાની તસ્કરને પકડવા સુરત-વડોદરામાં દરોડાનો દોર

રાજકોટના ચંપકનગરમાંથી થયેલી ચકચારી ચાંદી ચોરી પ્રકરણનો ભેદ ઉકેલવા રાજકોટની સાથોસાથ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પણ પુરેપુરી સક્રિય થઈ છે. ચોરી બાદ સૌથી પહેલા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે મોબાઈલ દુકાન ચલાવતા પ્રદિપ ચંપાલાલ પ્રજાપતિ નામના શખ્સની ધરપકડ કરી તેની પાસેથી ૪૦ કિલો ચાંદી કબ્જે કર્યું હતું.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ તપાસમાં જોડાઈ આરોપી પ્રદિપ ચંપાલાલ પ્રજાપતિ (ઉ.વ,૨૪ રહે, યમુનાનગર સોસાયટી, મધુવન સોસાયટીની પાસે, આદિશ્વર કેનાલ, નરોડા અમદાવાદ, મુળ રાજસ્થાન)ને ચોરીમા ગયેલ ચાંદીના અલગ અલગ દાગીના મળી કુલ વજન ૪૦ કિલો ૭૩૮ ગ્રામના મુદ્દામાલ સાથે પકડી પાડી કાર્યવાહી કરેલ છે.આ ધરપકડ કરેલ આરોપી પ્રદિપ પ્રજાપતિની તપાસ દરમ્યાન સામે આવેલ કે, પ્રદિપ પ્રજાપતિનો મામાનો દિકરો મુકેશ રામારામ પ્રજાપતિ (મુળ રહે, શિરોહી, રાજસ્થાન હાલ રહે, તરસાલી વડોદરા) જે અગાઉ અમદાવાદના રામોલ, ઈસનપુર તેમજ નિકોલ પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલ છે. આ રીઢા ઘરફોડ ચોરે રાજકોટમાંથી ચાંદીની ચોરી કરી તે ચાંદીના દાગીના પૈકી ૪૦ કિલો ચાંદીના દાગીના ભરેલ થેલો સગેવગે કરવા પ્રદિપ પ્રજાપતિને આપી ગયેલ હતો. આ ચાંદીના દાગીનાનો અન્ય મુદ્દામાલ પણ અમદાવાદ શહેર બુલીયનના ધંધાર્થીને આપેલ હોવાની હકીકત તપાસ દરમ્યાન ધ્યાને આવેલ હોય, વધુ મુદ્દામાલ રીકવર કરવા તથા આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓની ધરપકડ કરવા ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેરની જુદી જુદી ટીમો દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે અને તેઓ પણ મુખ્ય સૂત્રધાર ટૂંક સમયમાં જ હાથમાં આવી જશે તેવો આશાવાદ વ્યક્ત કરાયો છે.

# મલાબાર ગોલ્ડ શો રૂમમાંથી સોનાના ચેઈનની ચોરી કરનાર આંતરરાજ્ય ગેંગનો સાગરીત ઝડપાયો

### જવેલરી શો રૂમમાં ત્રાટકી નજર ચૂકવી ઘરેણાં સેરવી લેવાની મોડસ ઓપરેન્ડી ધરાવતી ગેંગની ત્રણ મહિલા સહિત ચાર શખ્સો પુનાથી રાજકોટ ચોરીને અંજામ આપ્યા'તા

### ચારેય શખ્સો એકસાથે જ શો રૂમમાં ત્રાટક્યા'તા : વર્ષા અને ધનરાજે સાથે મળીને રૂ. ૪.૭૨ લાખની કિંમતનો ચેઈન સેરવી લીધા બાદ કારમાં બેસી ખાટુશ્યામ નાસી ગયા'તા

### ચોરીને અંજામ આપી ચેઈન વેંચી રોકડી પણ કરી લીધી'તી : ધનરાજને રૂ. ૮૦ હજાર મળ્યા'તા

**અબતક, રાજકોટ**

શહેરના માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસ શો રૂમમાંથી રૂ.૪.૭૨ લાખના સોનાના ચેઈનની ચોરીના બનાવમાં એ ડિવિઝન પોલિસે આંતરરાજ્ય તસ્કર ગેંગના સાગરીતને દબોચી લઈ રૂ. ૮૦ હજારની રોકડ કબ્જે કરી છે. જ્યારે અન્ય ત્રણ મહીલા તસ્કરોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો કાલાવડ રોડ પર કટારીયા ચોકડી પાસે રંગોલી પાર્કમાં રહેતાં વિજયભાઈ સંતોષભાઈ બુલચંદાણી (ઉ.વ.૪૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે એક અજાણી મહિલા સહિતના શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ યાજ્ઞિક રોડ ઉપર ડી.એચ.કોલેજની બાજુમાં આવેલ મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસ કંપનીના શોરૂમ મેનેજર તરીકે છેલ્લા ૧૦ વર્ષથી નોકરી કરે છે.

ગઈ તા. ૨૩ ના રાત્રીના સાડા આઠેક વાગ્યે મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસ કંપની બંધ કરી ત્યારબાદ કંપનીના સ્ટાફ દ્વારા મલબાર ગોલ્ડમાં રાખેલ સોનાના જુદા જુદા આભુષણો દાગીનાના સ્ટોક ગણતરી કરતા સ્ટોકમાં એક સોનાનો ચેઈન નંગ-૦૧ જેનું વજન ૨૭.૫૯ ગ્રામ, ૨૨ કેરેટ જેની કિંમત રૂ.૪.૭૨ લાખનો મળી આવેલ નહી. જેથી સ્ટાફને આ ચેઈન બાબતે પુછપરછ કરતા તેઓને આ સોનાના ચેઈન બાબતે કંઈ ખબર નહી હોવાનુ જણાવેલ હતું.જેથી સીસીટીવી ફુટેજ જોતા ફુટેજમાં ગઈ તા.૨૩ ના બપોરના ૦૪/૫૦ વાગ્યે એક અજાણી સ્ત્રી મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસ ડીસ્પ્લેય ટ્રે માંથી સોનાનો ચેઈન ચોરી કરતી નજરે જોવામા આવેલ છે. જે અંગે ઉપરી અધિકારીને વાત કરી ફરીયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી મહિલા તસ્કરની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન પીઆઈ બી વી બોરીસાગર અને સર્વેલન્સ પીએસઆઈ એસ એમ રાણાની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરતા ચોરીની ઘટનામાં આંતરરાજ્ય ગેંગ શામેલ હોવાનું સામે આવ્યું હતું. દરમિયાન એ ડિવિઝન પોલિસે મહારાષ્ટ્રના પુણાથી ધનરાજ વિજયભાઈ પરમાર(ઉવ ૪૯ રહે. પુણા, મહારાષ્ટ્ર)ને દબોચી પૂછપરછ કરતા મોટા ખુલાસા થયાં હતા. આરોપીએ કબૂલાત આપી હતી કે, તે અને વર્ષા ધીરજભાઈ પરમાર(રહે. થાણે, મુંબઈ), ચંદા નાગપુરે (રહે. થાણે, મુંબઈ) અને શ્યામાદેવી (રહે. થાણે, મુંબઈ) એમ ચારેય શખ્સો કારમાં અહીં રાજકોટ ખાતે આવ્યા હતા. ચારેય એકસાથે મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ શો રૂમમાં ત્રાટક્યા હતા. દરમિયાન વર્ષા અને ધનરાજ બાજુ બાજુમાં બેસી ઘરેણાં જોતા હતા. બાદમાં તકનો લાભ મળતા જ વર્ષાએ રૂ. ૪.૬૨ લાખનો સોનાનો ચેઈન સેરવી લીધો હતો. જે બાદ ચારેય શો રૂમમાંથી નીકળી ગયા હતા અને કારમાં જ રાજસ્થાનના ખાટુશ્યામ તરફ નાસી ગયા હતા. બાદમાં ચારેય પોતપોતાના ઘરે પરત ફરી ગયા હતા. દરમિયાન વર્ષાએ સોનાનો ચેઈન વેંચી રોકડી કરી લીધી હતી અને ચોરીની ભાગબટ્ટાઈમાં ધનરાજને રૂ. ૮૦ હજાર મળ્યા હતા. જેથી એ ડિવિઝન પોલિસે ધનરાજ વિજયભાઈ પરમારની ધરપકડ કરી રૂ. ૮૦ હજારની રોકડ રીકવર કરી તેના એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે. જયારે ચોરીને અંજામ આપનાર વર્ષા પરમાર સહીત ત્રણેય મહિલાઓની શોધખોળ હાથ ધરી હતી.

### તસ્કર ટોળકી વિરુદ્ધ ગોવા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ભોપાલ અને સુરતમાં પણ ગુના

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટની માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ શો રૂમમાં નજર ચૂકવી સોનાના ચેઈનની ચોરીને અંજામ આપનાર ગેંગ વિરુદ્ધ આ પ્રકારે જ ચોરી કરી લેવા મામલે સુરત ઉપરાંત મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, ભોપાલમાં પણ ગુના નોંધાઈ ચુક્યા છે અને અનેક રાજ્યની પોલિસ આ ગેંગને શોધી રહી છે.

### ગ્રાહકોનો ધસારો ધરાવતી આલીશાન જવેલરી શોપમાં ત્રાટકતા : નજર ચૂકવી ઘરેણાં ચોરી લેવાની એમઓ

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ઝડપાયેલી ટોળકી હંમેશા સતત ભીડ ધરાવતા મોટા જવેલરી શોપમાં જ ત્રાટકતી હતી. ગ્રાહકોનો સતત ધસારો ધરાવતી જવેલરી શોપમાં ઘરેણાં જોવાના બહાને અઢળક વસ્તુઓ કઢાવી લેતા હતા અને સેલ્સમેનનું ધ્યાન ન હોય ત્યારે નજર ચૂકવી તેઓ ઘરેણાં સેરવી લઈ હવે કંઈ ગમતું નથી તેમ કહી નીકળી જવાની મોડસ ઓપરેન્ડી ધરાવતી ગેંગના સાગરીતને એ ડિવિઝન પોલિસે દબોચી લીધો છે.

### એ ડિવિઝન પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણાની ટીમે ધનરાજ પરમારને પુણાથી દબોચ્યો : રૂ. ૮૦ હજારની રોકડ કબ્જે, ત્રણ મહિલાઓની શોધખોળ

# ખોખડદળ પાસેથી યુવાનનું અપહરણ : ત્રીજા દિવસે પણ ભાળ નહિ મળતા ચકચાર

### મિત્રો સાથે જઈ રહેલા રિક્ષાચાલક યુવાનને બે કારમાં આવેલા અજાણ્યા શખસો સમી સાંજના ઉઠાવી ગયા'તા: સગડ મેળવવા વિવિધ દિશામાં તપાસ

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ કણકોટ વિસ્તારમાં રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા મુકેશભાઈ ઉઘરેજા (ઉ.વ ૨૬) નામના યુવકનું ગઈ તા.૭ ના સાંજે ખોખડદળ ગામ પાસેના મેલડી માતાના મંદિર નજીકથી ચાર અજાણ્યા શખસો છરી બતાવી કારમાં અપહરણ કરી ગયા હતા. બનાવને બે દિવસ વીત્યા બાદ પણ અપહૃત યુવાનનો કોઈ પતો લાગ્યો નથી. ત્યારે આરોપીઓને શોધી કાઢવા અને યુવાનને મુક્ત કરાવવા આજીડેમ પોલીસ દ્વારા વિવિધ દિશામાં તપાસ ચલાવવામાં આવી રહી છે અપહરણના આ બનાવ અંગે કણકોટ કોળીવાસ એન્જિનીયરીંગ કોલેજ પાસે રહેતાં પૂજાબેન મુકેશભાઈ ઉઘરેજા (ઉ.વ.૨૬)ની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદી પૂજાબેન ઉઘરેજાએ જણાવ્યું હતું કે, તા. ૦૭/૦૨/૨૦૨૬ના રોજ બપોરે તેમના પતિ મુકેશભાઈ અને તેમના મિત્રો અરૂણભાઈ રાઠોડ, વિજયભાઈ ઉકેળીયા તથા વિજય મહતો પોતાની સ્વિફ્ટ કાર જીજે૩૬આર-૭૯૪૮ લઈને શાપર ગયા હતા. સાંજે ચાર વાગ્યે મુકેશભાઈએ પત્નિને ફોન કરીને કહ્યું હતું કે આજે રસોઈ બનાવતી નહીં, આપણે બહાર જમવા જઈશું. જો



કે સાડા સાત વાગ્યા બાદ મુકેશભાઈનો ફોન બંધ આવવા લાગતા પરિવાર ચિંતામાં મુકાયો હતો.મુકેશભાઈના મિત્ર અરૂણ ઉર્ફે ગીડીએ પરિવારને આપેલી માહિતી મુજબ તેઓ શાપરથી પરત ફરતા હતા ત્યારે ખોખડદળ મેલડી માતાના મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. આ સમયે સાંજના પોણા સાત વાગ્યાના અરસામાં એક સિલ્વર કલરની કારે તેમની ગાડી આંતરી હતી. કારમાંથી નીચે ઉતરેલા એક શખસે ઈશારાથી ગાડી ઉભી રખાવી હતી. ત્યારબાદ બીજી કારમાંથી અન્ય ત્રણ માણસો નીચે ઉતર્યા હતા. આરોપીઓએ ગાડીમાં સવાર મુકેશભાઈ અને તેના મિત્રોને નીચે ઉતારવા દબાણ કર્યું હતું. મુકેશભાઈ નીચે ન ઉતરતા એક શખસે છરી બતાવી ગાળો આપી તેમને ખેંચીને બહાર કાઢ્યા હતા અને ઢીકાપાટુનો માર માર્યો હતો. મુકેશભાઈના મિત્રો તેમને છોડાવવા વચ્ચે પડતા આરોપીઓએ છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી પથ્થરમારો કર્યો હતો, જેના કારણે મિત્રો થોડે દૂર જતા રહ્યા હતા. તકનો લાભ લઈ ચારેય અજાણ્યા શખસો મુકેશભાઈને તેમની જ સ્વિફ્ટ કારમાં બળજબરીથી બેસાડી, બંને કાર લઈ અંધારામાં ફરાર થઈ ગયા હતા.આજીડેમ પોલિસના પીએસઆઈ એસ. એલ. ગોહિલે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ ચકાસવા અને આરોપીને શોધી અપહૃતને મુક્ત કરાવવા તપાસ શરૂ કરી છે. પોલીસ અપહૃતના મિત્રોની પણ પુછતાછ કરી રહી છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે તેમના પતિને કોઈ સાથે માથાકૂટ હોય તેવું તેમને ધ્યાન આવતુ નથી.ત્યારે યુવાનનું અપહરણ કયા કારણસર અને કોણે કર્યું તે અંગે તપાસ હાથ ધરી યુવાનને મુક્ત કરાવવા પોલીસ વિવિધ દિશામાં તપાસ ચલાવી રહી છે.

### અપહરણ પાછળ પૈસાની લેતીદેતી જવાબદાર હોવાનું પ્રાથમિક તારણ

અપહરણના આ બનાવ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, યુવાનનુ અપહરણ કરનાર કોણ અને તેનું અપહરણ કયા કારણોસર કરવામાં આવ્યું? તે અંગે પરિવારજનો અજાણ છે. પરંતુ પોલીસની પ્રાથમિક તપાસમાં પૈસાની લેતીદેતીમાં યુવાનનું અપહરણ થયું હોવાની શંકા સેવાય રહી છે.

# ઈન્સ્ટાગ્રામમાં ખરાબ કોમેન્ટ કરનાર યુવકને છરીનો ઘા ઝીંકી દેવાયો

### જૂના માર્કેટીંગ યાર્ડ નજીક રહેતા નવાણિયાને સેટેલાઈટ ચોકમાં બોલાવી ત્રણ શખ્સોએ હુમલો કર્યો : બી ડીવીઝન પોલિસમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

સોશિયલ મીડિયામાં બેફામ વાણીવિલાસ ઘણીવાર હિંસક સ્વરૂપ ધારણ કરતું હોય છે તેવા જ એક બનાવમાં નવયુવાને ઈન્સ્ટાગ્રામમાં કરેલી ખરાબ કમેન્ટને પગલે ત્રણ શખ્સોએ ધસી આવી યુવકને માર મારી છરીનો ઘા ઝીંકી દીધો હતો. જે બનાવ અંગે બી ડિવિઝન પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો. બનાવ અંગે જૂના માર્કેટિંગ યાર્ડ પાસે નરસિંહનગરમા રહેતો ૧૮ વર્ષીય નવયુવાન માનવભાઈ મુકેશભાઈ સોલંકીએ બી ડિવિઝન પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ધવલ અને તેના બે મિત્રોનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું દૂધની ગાડીઓમાં વાયરીંગ કામ કરું છું. ગઈ તા. ૮/૨/૨૦૨૬ ના સાંજના છ એક વાગ્યાની આસપાસ 'ધવલ ૮૯' નામની ઈન્સ્ટા આઈડીમાં મેં મારી ઈન્સ્ટા આઈડી 'કાનુડો.૭૭૭૨' માંથી મેં ખરાબ કોમેન્ટ કરેલ હતી. જેથી મને ધવલનો ઈન્સ્ટાગ્રામમાં કોલ આવેલ હતો. જેથી મેં કરેલી ખરાબ કોમેન્ટ બાબતે માફી માંગેલ તેમ છતાં તેણે કહેલ કે, ના હવે તો રૂબરૂ મળીને વાત થશે. જેથી મેં તેને રૂબરૂ મળવા સેટેલાઈટ ચોક પાસે આવેલ શીલ્ડન સેક સામે આવેલ ખાલી પ્લોટ પાસે બોલાવ્યો હતો. ધવલને મળવા હું તથા મારો મિત્ર આદિ કેસરિયા, વૈભવ પરમાર આદિના મોટરસાયકલમાં રાતના આશરે આઠ વાગ્યે સેટેલાઈટ ચોક ખાતે ગયેલ હતા. આ વખતે ધવલનો ઈન્સ્ટાગ્રામમાંથી કોલ આવતા મેં તેને સરનામું આપતાં થોડીવારમાં આવેલ એક બાઈક ઉપર ત્રણ સવારીમાં આવી ઊભા રહેલ હત. જેથી મેં કહેલ કે, ધવલ તમે જ ને? બાદ મેં તમને ગાળ આપેલ હોય જેથી હું માફી માગું છું તેમ કહેતા ધવલ તથા તેની સાથે આવેલ તેના મિત્રો મને ગાળો આપી ઝપાઝપી કરવા લાગેલ હતા. દરમિયાન ધવલની સાથે રહેલ તેના મિત્રએ મને તેની પાસેની છરીથી જમણા પગના સાથળના ભાગે એક ઘા મારી દીધેલ હતો અને બાદમાં ત્રણેય શખ્સો મોટરસાયકલ લઈ ત્યાંથી જતા રહેલ હતા. બાદ મને મારા મિત્રો મોટરસાયકલમાં બી ડિવિઝન પોલિસ મથકે લઈ ગયેલ હતા. જયાથી પ્રથમ મને સારવાર અર્થે ખસેડવાનું કહેતા હું ૧૦૮ એમ્બ્યુલન્સમાં સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ગયેલ હતો. સારવાર લીધા બાદ યુવકે ધવલ અને તેના બે મિત્રો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા બી ડીવીઝન પોલિસે ત્રણેયની શોધખોળ શરૂ કરી હતી.


**-: જાહેર નોટીસ :-**

આથી હુ નીચે સહી કરનાર હસીનાબેન આરીફભાઈ બાંગા ઉ.વ. પુખ્ત ધર્મેઃ મુસ્લીમ ધંધોઃ ઘરકામ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે મારી પુત્રી આસ્તાના નું તા.૨૨/૧૧/૧૯૮૩ ના રોજ રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના કોટડાસાંગાણી ગામે જન્મ થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે આસ્તાનાનો જન્મ અંગેની કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આદિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા.૭/૧૨/૨૦૨૫ ના રોજ જન્મ/મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે મામલતદાર સાહેબ, કોટડાસાંગાણી સમક્ષ દાદ મેળવા અરજદાર/એડવોકેટ મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મનોંધ સબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦ માં લેખિત આધાર પુરાવા સાથે શ્રી મામલતદાર સાહેબ, મામલતદાર કચેરી, કોટડાસાંગાણી તા.કોટડાસાંગાણી જી.રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી. જેની લાગતા વળગતાઓએ તથા સબંધકર્તાઓએ નોંધ લેવા વિનંતી.

તા.૭/૨/૨૦૨૬
મુ.કોટડાસાંગાણી

**અમારા અસીલની સુચનાથી**
હસીનાબેન આરીફભાઈ બાંગા
રહે. વાણીયાશેરી
મુ.કોટડાસાંગાણી-૩૬૦૦૩૦
મો.નં.૯૭૩૭૨ ૦૦૧૧૩

**અમારા મારફત**
આર.પી. જોશી
એડવોકેટ
ગુજરાત હાઈકોર્ટ

**-: જાહેર નોટીસ :-**

આથી હું નીચે સહી કરનાર હસીનાબેન આરીફભાઈ બાંગા ઉ.વ. પુખ્ત ધર્મેઃ મુસ્લીમ ધંધોઃ ઘરકામ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે મારી પુત્રી અજીમાનું તા.૭/૦૩/૧૯૮૫ના રોજ રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના કોટડાસાંગાણી ગામે જન્મ થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અજીમાનો જન્મ અંગેની કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજદિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા.૭/૧૨/૨૦૨૫ના રોજ જન્મ/મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે મામલતદાર સાહેબ, કોટડાસાંગાણી સમક્ષ દાદ મેળવા અરજદાર/એડવોકેટ મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મનોંધ સબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦ માં લેખિત આધાર પુરાવા સાથે શ્રી મામલતદાર સાહેબ, મામલતદાર કચેરી, કોટડાસાંગાણી તા.કોટડાસાંગાણી જી.રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી. જેની લાગતા વળગતાઓએ તથા સબંધકર્તાઓએ નોંધ લેવા વિનંતી.

તા.૭/૨/૨૦૨૬
મુ.કોટડાસાંગાણી

**અમારા અસીલની સુચનાથી**
હસીનાબેન આરીફભાઈ બાંગા
રહે. વાણીયાશેરી
મુ.કોટડાસાંગાણી-૩૬૦૦૩૦
મો.નં.૯૭૩૭૨ ૦૦૧૧૩

**અમારા મારફત**
આર.પી. જોશી
એડવોકેટ
ગુજરાત હાઈકોર્ટ

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**ઈલેક્ટ્રિકલ પાવર અર્થિંગનું રિન્યુઅલ, ઈલેક્ટ્રિકલ જનરલ એસેટ્સ નું અપગ્રેડેશન, સુરક્ષા સુધારણા માટે MSDAC ની જોગવાઈ, રેલ નેટનું અપગ્રેડેશન/જોગવાઈ**

| અનું. નં. | કામનું નામ | અંદાજીત પડતર | ઈએમડી પડતર |
|---|---|---|---|
| ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૫-૨૦૨૬/૪૭ | | | |
| ૧. | (a) રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝનના ઈલેક્ટ્રિકલ પાવર અર્થિંગનું રિન્યુઅલ અને (b) રાજકોટ ડિવિઝન - રાજકોટની ઈલેક્ટ્રિકલ જનરલ એસેટ્સ નું અપગ્રેડેશન. | ૮૩,૭૩,૨૦૫.૫૦/- | ૧,૬૭,૫૦૦/- |
| ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૫-૨૦૨૬/૪૮ | | | |
| ૨. | (a) રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝનના સુરેન્દ્રનગર સ્ટેશન ખાતે સુરક્ષા અને ભરોસાપાત્રતા સુધારણા માટે MSDAC ની જોગવાઈ (b) રાજકોટ ડિવિઝન :- વિવિધ ઓફિસો અને રેલવે કોલોનીઓ ખાતે રેલ નેટ અને ટેલીકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન/જોગવાઈ. | ૧૩,૦૧,૯૫૮.૬૨/- | ૨૬,૦૦૦/- |

**ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા. ૦૨-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી, **ઓફિસનું સરનામુ :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

RJT-198

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## તંત્રી લેખ

# પરીક્ષા ઉત્સવ: સ્ટ્રેસને સક્સેસમાં બદલવાનું માધ્યમ

હવે પરીક્ષા ઉત્સવ શરૂ થશે.પરીક્ષા એ છાત્રોની  મહેનતનું પ્રતિબિંબ છે. સ્ટ્રેસને સકસેસમાં બદલવાનું એક મજબૂત માધ્યમ છે. વિદ્યાર્થીઓ અભ્યાસ અને વાંચનના ટાઈમ ટેબલ જેમ મોબાઈલ-ટી.વી. જોવાનો પણ સમય નક્કી કરવો જોઈએ.જીવનમાં ડગલે અને પગલે કસોટી આવવાની છે.આવામાં એક પરીક્ષા ડરી જવાની કે ડિપ્રેશનમાં આવી જવાની જરૂરિયાત નથી.

ડિપ્રેશનમાં આવ્યા વિના જીવનમાં સંતુલન જાળવીને કોઈપણ પરિસ્થિતિનો સ્વસ્થ મનથી સામનો કરવો જોઈએ.

પરીક્ષા એ જીવનની કસોટી નથી, પણ આપણી મહેનતનું ફળ મેળવાની એક ઉત્તમ છે. હાલના વ સમયમાં વિદ્યાર્થીઓમાં વધી રહેલા મોબાઈલ ફોનના વળગણ છે.બાળકો જેમ અભ્યાસ, વાંચન, રમત-ગમતનો સમય અને ટાઈમ ટેબલ નિયત કરે છે તેમ મોબાઈલ જોવાનો પણ કોઈ ચોક્ક્સ સમય નક્કી કરવો જોઈએ.

રાષ્ટ્રહિત અને રાષ્ટ્ર વિકાસમાં ૫ વિદ્યાર્થીઓનો રોલ ખુબ મોટો હોય છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર વર્ષે પરીક્ષા પહેલા બાળકો વચ્ચે જઈને પરીક્ષા પે ચર્ચા અંતર્ગત પ્રત્યક્ષ સંવાદ કરીને તેમને સારા પર્ફોર્મન્સની પ્રેરણા આપનારા સંભવતઃ વિશ્વના એક માત્ર નેતા છે.વિદ્યાર્થીઓમાં સંસ્કાર, સમજણ અને સદાચાર એમ ત્રણ એસનું નિર્માણ થાય છે.

શિક્ષણનો અર્થ માત્ર પરીક્ષા નથી. શિક્ષણ જીવન જીવવાની કળા શીખવે છે ત્યારે પરીક્ષાએ અંતિમ લક્ષ્ય નથી. તેને ધ્યાનમાં લઈને આત્મવિશ્વાસથી તણાવ મુક્ત વાતાવરણમાં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી જોઈએ.

વિદ્યાર્થીઓને પરીક્ષાને આનંદથી અવસરરૂપે માણવા માટે અનુરોધ કર્યો હતો.

## ભાજપ બક્ષીપંચ મોરચા વોર્ડ નં.૪ના પ્રમુખ અજય લોખીલનો આજે જન્મદિવસ



રાજકોટ ભાજપ બક્ષીપંચ મોરચાના વોર્ડ નંબર ચાર ના પ્રમુખ અજયભાઈ રાવતભાઈ લોખીલ નો આજે જન્મદિવસ છે, અજયભાઈની સેવા પ્રવૃત્તિમાં આહીર સમાજ વેચારીક ક્રાંતિ ગ્રુપ રાજકોટ શહેર ઉપપ્રમુખ ,દ્વારકેશ યુવા ગ્રુપના પ્રમુખ અને અનેકવિધ સામાજિક સંસ્થાઓમાં સેવા આપે છે જન્માષ્ટમી મહોત્સવ ,રથયાત્રા, હોસ્પિટલની સેવા, ગણેશ મહોત્સવ તુલસી રોપા નું વિતરણ જેવી અનેક પ્રવૃત્તિમાં સેવારત અજયભાઈ ને આજે તેમના જન્મદિવસે શુભેચ્છાઓ અપાય રહી છે.

## જલારામ ભકિતધામ ટ્રસ્ટની વિનામૂલ્યે લગ્ન વિષયક માહિતી


**અબતક, રાજકોટ**

જલારામ ભકિતધામ ટ્રસ્ટ તરફથી હિંદુ સર્વજ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતિ માટે નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે. જેમાં દિકરા વાળા કે દિકરીવાળા કોઈપણ પક્ષ પાસેથી ફિ લેવામાં આવતી નથી. માત્ર ફોર્મનો વહીવટી ચાર્જ રૂ. ૨૦ એક વખત ભરવાનો રહે છે. ફોર્મ મેળવવા તથા ભરીને પરત આપવાનો તેમજ દરેક જ્ઞાતિના પરિચય મેળાની બુક વિનામૂલ્યે જોવા આપવામાં આવશે. સમય દર શનિવાર તથા દર ગુરુવાર સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ સુધી રહેશે વધુ વિગત માટે સંપર્ક કરશો. મીનાક્ષીબેન સંઘાડીયા મો. નં. ૯૯૦૪૫ ૭૧૯૯૪

હિંદુ સર્વ જ્ઞાતિ અલગ અલગ જ્ઞાતિ મુજબ વોટશોપ ગ્રુપ કરવામાં આવેલ બ્રાહ્મણ, વાણીયા, પટેલ, લોહાણા, કડીયા, સોની, હિંદુ જ્ઞાતિ જલારામ ૬૦+ યુવક-યુવતિ જે બધા જ ગ્રુપ રવિવારે સવારે ૯ થી રાતના ૮ વાગ્યા સુધી ઓપન રહે છે. ગ્રુપમાં સભ્ય બનવા માટે સંપર્ક કરશો. ભરતભાઈ લાલસેતા મો. નં. ૯૮૨૫૩ ૫૦૫૪૬

## જનકલ્યાણ ટ્રસ્ટના દેહદાન જાગૃતિ અભિયાનમાં ૮૦૫મું ચક્ષુદાન મળ્યું

**અબતક, રાજકોટ**




જયોતિબેન જીતેન્દ્રભાઈ મહેતાનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયું છે. જન કલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહ દાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૦૫ ચક્ષુદાન મળેલ છે. જાન્યુઆરી ૨૬માં સતરમું  ચક્ષુદાન મળેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

## જૈન અગ્રણી જયવંતભાઈ મહેતાના ચક્ષુદાનથી બે દ્રષ્ટિ હીન બાંધવોને મળશે આંખોની રોશની

**અબતક, રાજકોટ**



રાજકોટના સુદાનવાળા રાજકોટ નિવાસી જૈન સમાજ ના સ્વ જયવંતભાઈ પ્રેમચંદ મહેતાનું  અવસાન થતા વીપીનભાઈ તેમજ પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે

સ્વ. જયવંતભાઈ  ના ચક્ષુ નું દાન વિવેકાનંદ યુથ કલબ માર્ગદર્શક  મુકેશભાઈ દોશી અને ચક્ષુદાન અભિયાન સમિતિ ના સંયોજક અનુપમ દોશી અને ઉપેનભાઈ મોદી દ્વારા કરવા માટે  આવેલ  ડો. ધર્મેશ શાહ એ સહકાર આપેલ. સંસ્થા એ મહેતા પરિવાર નો આભાર માનેલ. સંસ્થાનું આ સળંગ ૧૯૧ મું ચક્ષુદાન છે.

શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા  કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી ૯૮૨૪૦ ૪૩૧૪૩ નો સંપર્ક સાધવા જણાવ્યું છે.

# કેન્દ્રીય બજેટ વિકસિત ભારતના પ્રકલ્પોને સાકાર કરનારૂ: મંત્રી રીવાબા જાડેજા

## શહેર મહિલા મોરચા દ્વારા યોજાયો ‘મહિલા સંવાદ’

**અબતક, રાજકોટ**



સ્વતંત્ર ભારતનું ૮૦મું કેન્દ્રીય બજેટ કેન્દ્રીય નાણામંત્રી દ્વારા તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સંસદમાં રજૂ કરવામાં આવેલ હતું. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માની સુચના અનુસાર રાજયમાં ''બજેટ પ્રચાર અભિયાન ૨૦૨૬'' અંતર્ગત રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવભાઈ દવે તેમજ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા અંજુબેન વેકરીયાની અધ્યક્ષતામાં કેન્દ્રીય બજેટ સંદર્ભે ''મહિલા સંવાદ'' નો આ કાર્યક્રમ રાજકોટ મહાનગરના કેન્દ્રીય બજેટના સંયોજક પરિમલભાઈ પરડવા, શૈલેષભાઈ જાની, અમૃતભાઈ ગઢીયા મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માકડીયાની આગેવાનીમાં રાજકોટના પ્રમુખ ઓડીટોરીયમ, રૈયા રોડ, રાજકોટ ખાતે યોજવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ભાનુબેન બાબરીયા, રમેશભાઈ ટીલાળા તેમજ મેયરશ્રી નયનાબેન પેઢડીયા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, પ્રદેશ મહિલા મોરચા ઉપાધ્યક્ષ અરૂણાબેન ચૌધરી, ઉર્વશીબેન પંડયા, પ્રદેશ મહિલા મોરચા મંત્રી નીપાબેન પટેલ, આશાબેન નકુમ, ભાજપ મહિલા અગ્રણી અંજલીબેન રૂપાણી, પૂર્વ મેયર બીનાબેન આચાર્ય, રક્ષાબેન બોળીયા, શહેર ઉપાધ્યક્ષ કાશ્મીરાબેન નથવાણી, પૂજાબેન પટેલ, શહેર મંત્રી ઈલાબેન પડીયા, રાજકોટ મહાનગરપાલિકાના મહિલા કોર્પોરેટરઓ સહિત મહિલા મોરચાના મંગળાબેન સોઢા, સેજલબેન ચૌધરી, દીપાબેન કાચા, વૈશાલીબેન મહેતા, પ્રફુલાબેન બારોટ ,રસીલાબેન પાંભર ઈલાબેન પડિયા, ધર્મિષ્ઠાબેન વાઘેલા, હિનાબા ગોહેલ તેમજ અગ્રણીઓ અને કાર્યકર્તા મહિલાઓ તેમજ રાજકોટ મહાનગરના મહિલા નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી રીવાબા જાડેજાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કેન્દ્રના નેતૃત્વમાં સતત નવમી વખત મહિલા નાણામંત્રી સુશ્રી નિર્મલા સીતારમનજી દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ રજૂ થયું એ સમગ્ર વિશ્વ માટે એક મહિલા કાર્યકર્તા તરીકે ગૌરવની વાત છે. આ બજેટમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા મહિલા સશકિતકરણની પહેલ કરી દેશની મહિલાઓના ઉધ્ધાર માટે વિવિધ યોજનાઓ બજેટમાં આપતાં રહ્યા છે,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મહિલા સશકિતકરણ માટે મહિલા કાર્યકર્તાઓએ સ્વસહાય જુથની મહિલાઓ, બિઝનેસ સંભાળતી મહિલાઓ અને જે મહિલાઓને પોતાનો બિઝનેશ શરૂ કરવો છે તેવી ઉત્સાહિત મહિલાઓને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓથી વાકેફ કરી યોજનાઓનો વધુને વધુ મહિલાઓ લે તે માટે સાથ સહકાર આપી આગળ વધારવા કહેવામાં આવેલ હતુ.

# ન્યુઝીલેન્ડના વડાપ્રધાનના હસ્તે ‘હરિ સુમિરન’ કોમ્યુનીટી હોલનું લોકાર્પણ

## ન્યુઝીલેન્ડના ભૂમિ પર સનાતન ભારતીય સંસ્કૃતિન મૂલ્યોની સુવાસ પ્રસરશે

**અબતક, રાજકોટ**



વસુધેવ કુટુમ્બકમ ની ભારતીય સંસ્કૃતિ પરંપરાને સાત સમંદર પાર ઉજાગર કરવાની સતત યજ્ઞ ચાલી રહ્યા છે. ત્યારે ન્યુઝીલેન્ડમાં હરિ સુમિરન કોમ્યુનીટી સેન્ટરનું વડાપ્રધાન ક્રિસ્ટોફર લકસનના હસ્તે લોકાર્પણ કરાયું હતું.

હરિ પ્રબોધમ્ પરિવાર દ્વારા ગુરુહરિ પ્રબોધ સ્વામીજીના પ્રત્યક્ષ સાંનિધ્યમાં ઓકલેન્ડ, ન્યુઝીલેન્ડની ધરતી પર સનાતન ભારતીય સંસ્કૃતિના મૂલ્યોની સુવાસ પ્રસરાવતા “હરિ સુમિરન કમ્યુનીટી સેન્ટર ના નિર્માણ અને મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો હતો.

૭ ફેબ્રુઆરીના રોજ ગુરુહરિ પ્રબોધ સ્વામી અને ન્યુઝીલેન્ડના પ્રધાન મંત્રી  ક્રિસ્ટોફર લકસનના હાથે નૂતનકમ્યુનીટી સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ ઉત્સવના ભાગ રૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત મુખ્ય અતિથિના સ્થાને ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી શ્રી ક્રિસ્ટોફર લકસન ઉપસ્થિત રહ્યા હતા.

તેમની સાથે વર્તમાન સરકારનું પ્રતિનિધિત્વ કરનાર બીજા અનેક સાંસદો અને સરકારના ઉચ્ચ અધિકારીઓની પણ હાજરી રહી હતી.

પ્રધાન મંત્રીએ સૌપ્રથમ હરિ સુમિરન કમ્યુનીટી સેન્ટરની મુલાકાત લીધી. અને ભારતીય પરંપરા પ્રમાણે પૂજન કરીને આશીર્વાદ લીધા. ત્યાંથી મુખ્ય મંદિરના સ્થાન પર પધાર્યા. ત્યાં ખાત મુહુર્તની પ્રથાના પ્રતિક રૂપે જમીન પરથી માટી ખોદી ! ત્યાર બાદ તેઓ સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન સ્થળ પર પહોચ્યા હતા. ત્યારબાદ આયોજન સમિતિ વતી તેમને એક વિશિષ્ટ પ્રતીકાત્મક સ્મૃતિ ભેટ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું.

દેશ વિદેશથી લગભગ ૧૮૦૦ કરતાં વધુ ભકતોથી ભરેલા સભા હોલમાં તેમનું ભવ્ય સ્વાગત થયું હતું.

ન્યુઝીલેન્ડ સરકાર રાજનૈતિક રીતે ભારત સરકાર સાથેના સંબંધોને વધુ ગાઢ અને મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે.  આ પ્રસંગે ન્યુઝીલેન્ડના ઉચ્ચ સ્તરીય રાજનેતા અને સાંસદ Mark Mitchell પણ પધાર્યા હતા.

# નમ્રમુનિ મ.સા.ની કાલે દીક્ષાજયંતિ ૩૫ વર્ષ પહેલાની સ્મૃતિના સંભારણા



મુમુક્ષુ મહાવીરભાઈ (પૂ.નમ્રમુનિ)ને ૧૦-૨-૯૧ના મહા અભિનિષ્ક્રમણ યાત્રામાં ખંભે ઊંચકી પ્રવજયા પટાંગણમાં લઈ જતાં જૈન સાહિત્યકાર મનોજ ડેલીવાળા,દીપક ભાયાણી વગેરે

પૂ.ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ની તા.૧૦/૨/૨૦૨૬ મંગળવાર ના શુભ દિવસે દીક્ષા જયંતિ છે.

પૂ.ગુરુદેવ નમ્રમુનિજી મ.સા.ના ૩૫ વર્ષ પહેલાના સ્મૃતિ સંભારણા..

૩૫ વર્ષ પૂર્વે ૧૦/૨/૧૯૯૧ ના રોજ રાજકોટની ધન્ય ધરા ઉપર પૂ.નમ્રમુનિ મ.સા. ની દીક્ષા થયેલ.

સંયમ મહોત્સવ જ્ઞાન શિબિર,તપ - ત્યાગપૂર્વક ધર્મોલ્લાસ સાથે ઊજવાયેલ..

### ગોંડલ ગચ્છનું ગૌરવ કોણ ?

**શાસનના શણગાર કોણ? મહાવીરભાઈ... મહાવીરભાઈ જિન શાસન અને દીક્ષાર્થી આત્માના પ્રચંડ જયઘોષ અને ગગનભેદી નારા સાથે ૧૦/૨/૧૯૯૧ના રોજ ખભે ઊંચકીને રાજકોટના રાજમાર્ગો ઉપર દોરી જતાં જૈન સાહિત્યકાર મનોજ ડેલીવાળા તથા બાજુમાં પૂ.ગુરુદેવના જયેષ્ઠ બંધુ  દીપકભાઈ ભાયાણી સહિતના ભાવિકો તસવીરમાં દ્રશ્યમાન થાય છે.**

અબતક, રાજકોટ

૩૫ વર્ષ પૂર્વે ધર્મ નગરી રાજકોટમાં આગમ પ્રેમી સંઘ પ્રમુખ સ્વ.નગીનભાઈ વિરાણીના નેતૃત્વ માં શ્રી રાજકોટ સ્થાનકવાસી જૈન મોટા સંઘના ઉપક્રમે સંયમ મહોત્સવ ઉજવાયેલ. સંયમ શોભાયાત્રા પાવન એવમ્ પૂણ્ય ભુમી વિરાણી પૌષધ શાળાથી શરૂ થઈ

રાજકોટ જૈન બોર્ડીંગના પ્રવજ્યા પટાંગણમાં ધર્મ સભામા પરીવર્તીત થયેલ.સંયમ શોભાયાત્રા દરમ્યાન ન માઈક,ન મુવી ,ન બગી કે ન બેન્ડ વાજા એકદમ સાદગી પૂર્ણ...છતાં જાજરમાન મહા અભિનિષ્ક્રમણ યાત્રામાં સૌ પગપાળા ચાલીને મુમુક્ષુ મહાવીર કનૈયાલાલ ભાયાણી ( પૂ.નમ્રમુનિજી નું સંસારી નામ)નો જય જયકાર કરતો એ માહોલ દર્શનીય એવમ્ ગરીમાપૂર્ણ હતો.

**સંકલનઃ મનોજ ડેલીવાળા**

રાજકોટ સ્થા.જૈન બોર્ડીંગમા અનંત ઉપકારી દીક્ષા દાતા પૂ.ગુરુદેવ રાજેશમુનિ મ.સાહેબે “ કરેમિ ભંતે “ નો પાઠ ભણાવી મહાવીરમાથી નૂતન દીક્ષીત પૂ.નમ્રમુનિજી નામની ઉદ્ઘોષણા કરતા ધર્મોલ્લાસ છવાઈ ગયેલ.સાડા ત્રણ દાયકા ઉપરાંતની સંયમ યાત્રા દરમ્યાન પૂ.નમ્રમુનિ મ.સાહેબે અનેક આત્માઓને સંયમના દાન આપી મહાવીરના માર્ગે લઈ આવી શાસનની અપૂર્વ પ્રભાવના કરી રહ્યાં છે.

પૂ.નમ્રમુનિ મહારાજ સાહેબ અનેક આત્માઓને અંતિમ સમયની આરાધના કરાવી શ્રેષ્ઠ કાર્ય કરેલ છે.પરોપકાર,માનવતા અને જીવદયા, શૈક્ષણિક તથા મેડીકલ સહાય સહિત અનેક સત્કાર્યોની પ્રેરણા કરી રહ્યાં છે.અનેક યુવા વર્ગને સેવાના ક્ષેત્રમાં જોડી આહલેક જગાડી રહ્યાં છે.લુક એન લર્નના માધ્યમથી ભાવિ પેઢી તૈયાર કરી રહ્યાં છે.પૂ.ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ની દીક્ષા જયંતિ અવસરે તેઓને વંદન સહ અભિનંદન.

# લોકકથાનું અપમાન સહન નહીં - ભવાઈ પર વિવાદાસ્પદ નિવેદન સામે કલાકારોનો ઉગ્ર વિરોધ

## ગુજરાત કલાવૃંદના હિરેન જોશીનો કડક પ્રતિસાદઃ ‘સંસ્કૃતિ વિરુધ્ધની ભાષા, ભવાઈ ગુજરાતની ઓળખ -તેને નબળી બતાવવાનો પ્રયાસ નિંદનીય’

**અબતક, રાજકોટ**

ટંકારામાં સેવાદલ અધ્યક્ષ લાલજી દેસાઈ દ્વારા ગુજરાતની લોકકલા ભવાઈ અને કલાકારો અંગે કરવામાં આવેલી ટિપ્પણી સામે સમગ્ર કલાકાર જગતમાં વિરોધનો ઉઠ્યો છે. આ મુદ્દે કલાવૃંદ ચેરીટેબલ ટ્રસ્ટ ગુજરાતે સ્પષ્ટ રાજકીય ભાષામાં પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે ગુજરાતની સંસ્કૃતિ અને લોકકલાઓના માન સન્માન પર કોઈપણ પ્રકારનો પ્રહાર સ્વીકાર્ય નથી.

ટ્રસ્ટના સંસ્થાપક ડો. હિરેન જોશીએ જણાવ્યું કે ભવાઈ માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ ગુજરાતની લોકપરંપરા, સામાજિક જાગૃતિ અને સાંસ્કૃતિક ઓળખનું શકિતશાળી પ્રતિક છે. સદીઓથી ભવાઈ લોકજીવનના પ્રશ્નોને વ્યંગ્ય અને કલા દ્વારા રજૂ કરીને સમાજમાં વિચાર અને પરિવર્તન લાવતી આવી છે. આવા ઐતિહાસિક વારસાને નિશાન બનાવતી ટિપ્પણીઓ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખને અવમૂલ્યન કરતી હોવાનું તેમણે જણાવ્યું.

જીવનમાં રહેલા અગવાનોને શબ્દોની જવાબદારી સમજવી જોઈએ. રાજકીય લાભ માટે લોકકલાઓને ટાર્ગેટ કરવું અથવા કલાકારોને અવગણનાભરી ભાષામાં રજૂ કરવું અયોગ્ય છે અને તે કલાકાર સમાજના આત્મસન્માન પર સીધી અસર કરે છે. તેમણે ઉમેર્યું કે કલાકારો સમાજના સંસ્કૃતિદૂત છે, જે પરંપરાને જીવંત રાખવા સતત સંઘર્ષ કરે છે.

લોકકલાઓને નબળી બતાવવાના પ્રયાસો સામે સાંસ્કૃતિક મંચો અને કલાકાર સમાજ એકજૂટ થઈને જવાબ આપશે. ટ્રસ્ટે રાજકીય અને સામાજિક આગેવાનોને અપીલ કરી કે તેઓ સંસ્કૃતિ અંગે નિવેદનો કરતી વખતે સાવચેતી રાખે અને લોકવારસાની ગૌરવપૂર્ણ પરંપરાને સન્માન આપે.

# એપીલેપ્સી માનસિક નહી, ન્યુરોલોજિકલ બીમારી છે: ડો.આશુતોષ દુધાત્રા

## ઈન્ટરનેશનલ એપિલેપ્સી દિવસ નિમિતે ડો.આશુતોષ દુધાત્રાએ આપ્યું એપિલેપ્સી લઈને યોગ્ય માર્ગદર્શન

**અબતક, રાજકોટ**



એપિલેપ્સી દુનિયાભરમાં જોવા મળતી સૌથી સામાન્ય ન્યુરોલોજિકલ બીમારીઓમાંની એક છે, છતાં આજેય સમાજમાં તે અંગે અનેક ગેરસમજો, ભય અને કલંક વ્યાપક છે. ઈન્ટરનેશનલ એપિલેપ્સી ડેના અવસરે, ન્યુરોલોજિસ્ટ ડો. આશુતોષ દુધાત્રાએ એપિલેપ્સી અંગે જાગૃતિ ફેલાવવાની, સમયસર નિદાન અને યોગ્ય સારવારના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ડો.દુધાત્રાએ જણાવ્યું કે,એપિલેપ્સી કોઈ માનસિક બીમારી નથી અને તે ચેપ લાગતી બીમારી પણ નથી. મગજમાં થતા અસામાન્ય વિદ્યુતપ્રવાહના કારણે એપિલેપ્સી થાય છે. યોગ્ય નિદાન અને નિયમિત સારવારથી આશરે ૭૦ ટકા દર્દીઓ સંપૂર્ણપણે ઝટકા વિહોણું જીવન જીવી શકે છે.

તેમણે વધુમાં સમજાવ્યું કે એપિલેપ્સી કોઈ પણ ઉંમરે બાળકોથી લઈને વૃદ્ધો સુધી થઈ શકે છે. દરેક વખત ઝટકા (રશતિં)ના સ્વરૂપમાં જ બીમારી દેખાય એવું જરૂરી નથી. ઘણા દર્દીઓમાં થોડી ક્ષણો માટે ધ્યાનભંગ, એક જગ્યાએ નિહાળતા રહેવું, અચાનક ગભરાટ, સ્મૃતિમાં ખલેલ અથવા સમજશક્તિ ઘટવી જેવા સૂક્ષ્મ લક્ષણો જોવા મળે છે, જેને ઘણીવાર અવગણવામાં આવે છે અથવા ખોટી રીતે સમજવામાં આવે છે.

સમયસર તબીબી સલાહ લેવાની જરૂરિયાત પર ભાર મૂકતાં ડો.દુધાત્રાએ જણાવ્યું કે ભય, શરમ અને ગેરસમજોના કારણે અનેક દર્દીઓ યોગ્ય સારવારમાં વિલંબ કરે છે. એપિલેપ્સી એક સંપૂર્ણપણે નિયંત્રિત કરી શકાય તેવી બીમારી છે. નિયમિત દવાઓ, યોગ્ય જીવનશૈલી, પૂરતી ઊંઘ, દારૂથી પરહેજ અને ન્યુરોલોજિસ્ટ સાથે સતત અનુસરણથી દર્દીઓના જીવનની ગુણવત્તા નોંધપાત્ર રીતે સુધારી શકાય છે. કેટલાક દર્દીઓમાં આધુનિક તપાસ પદ્ધતિઓ અને સર્જિકલ વિકલ્પો પણ ઉપલબ્ધ છે.

ઈન્ટરનેશનલ એપિલેપ્સી ડેના અવસરે, વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા સમાજને અપીલ કરવામાં આવી હતી કે એપિલેપ્સીના પ્રારંભિક લક્ષણોને ઓળખે, અંધશ્રદ્ધા અને ગેરમાર્ગે દોરતી માન્યતાઓથી દૂર રહે અને સમયસર નિષ્ણાત ન્યુરોલોજિસ્ટનો સંપર્ક કરી યોગ્ય મેડિકલ સલાહ લે.

# સંથારા સાધક મુકતાબેન બન્યાં મુકિતજી મહાસતીજી

**અબતક, રાજકોટ**



ઋષભદેવ જૈન ઉપાશ્રયની પાવન ભૂમિ ઉપર ભા.બ્ર. રાજેશમુનિજી મહારાજ સાહેબના શ્રીમુખે અનશન આરાધક મુક્તાબેન બાલુભાઈ ખારા (ઉ.વ. ૯૫) એ સાગારી સંથારાના ૧૭માં ઉપવાસના દિવસે તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬, રવિવાર સવારે ૧૧.૦૦ વાગ્યા આસપાસ ખારા પરિવાર તથા ચતુર્વિધ શ્રીસંઘની મંગલ-ઉત્તમ ઉપસ્થિતિમાં જૈન ભાગવતી દીક્ષા ગ્રહણ કરી ગોંડલ ગચ્છના 'જશ' પરિવારના ગૌરવવંતા રત્ન રાજગુરુભગવંત'ના આજ્ઞાનુવર્તી પરમ પૂજ્ય ગુરુણીભગવંત કુસુમબાઈ મહાસતીજીના સુશિષ્યા નવદીક્ષિત મુકિતજી મહાસતીભગવંત બન્યા. આ સમયે ભગવાન મહાવીર સ્વામીના તેમજ જૈન શાસનના તથા નવદીક્ષિત મહાસતીજીભગવંતના જય-જયકારથી વાતાવરણ ગુંજી ઉઠેલ. મુકતાબેન ઘણા સમયથી દીક્ષા અંગીકાર કરવાની ભાવના ભાવતા અને ગુરુભગવંતને દીક્ષાની આશા આપી અનંતો ઉપકાર કરવા વિનંતી કરતા હતા. ગુરુભગવંત રાજેશમુનિજી મહારાજસાહેબની અનંતી કૃપાથી, મુકતાબેનની ભાવના આજે પરિપૂર્ણ થઈ.

દીક્ષા મહોત્સવમાં રાજગુરુભગવંતના સુશિષ્ય-સુશિષ્યારત્નોનું તથા બરવાળા સંપ્રદાયના શાશ્વતમુનિજી મહારાજસાહેબ અને હરીશમુનિજી મહારાજસાહેબનું મંગલ સાંનિધ્ય પ્રાપ્ત થયેલ હતું. સમગ્ર દીક્ષા મહોત્સવ જૈન શાસન શૌરવ અને ગોંડલ સંપ્રદાયનું ગૌરવ વધારીને આરંભ-સમારંભ, બેન્ડવાજા, ફોટોગ્રાફી, મૂવી, માઈક કે કોઈપણ ઈલેકટ્રીક સાધનોના ઉપયોગ વગર પૂર્ણ સાદાઈથી શ્રીસંઘોના અનેક આગેવાનો, શ્રેષ્ઠીઓ, શાસન સેવકો તથા સેંકડો શ્રાવક-શ્રાવિકાજીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલ.

દીક્ષા પ્રસંગે મુકતાબેનના પરિવારજનોએ એમનું જીવનચરિત્રનું વર્ણન કરતા કહ્યું કે, મુકતાબેનની યુવાવસ્થામાં જ એમના પતિનું અવસાન થયેલ. પુત્ર-પુત્રી આદિ સમગ્ર કુટુંબની જવાબદારી નાની ઉંમરે એમના પર આવી. હિંમત હાર્યા વગર એ જવાબદારી નોકરી કરી સરસ રીતે પૂર્ણ કરી. સાથોસાથ પરિવારજનોને ધર્મકરણીની પણ પ્રેરણા કરી. ગુરુભગવંતના શિષ્ય અનશન આરાધક પ્રત્યે જયમુનિજી મહારાજસાહેબના સંસાર પક્ષે માતુશ્રી મુકતાબેને જયમુનિજી મહારાજસાહેબને સંથારાની પ્રેરણા કરેલ હતી અને ૧૨ વર્ષ પછી સ્વયંએ સંથારો ગ્રહણ કરેલ છે. મુકતાબેને ૧૪થી પણ વધારે વર્ષીતપ અને અનેકવાર આયંબિલ તપશ્ચર્યા કરેલ.' ધન્ય છે પુત્ર અને માતાના શ્રાવકના ત્રણેષ મનોરથ પૂર્ણ કરવાના ભવ્ય પુરુષાર્થને!

મુકતાબેન રાજગુરુભગવંત પ્રત્યે ઘણો અહોભાવ રાખતા. એમણે મનોમન નિશ્ચય કરેલો કે શ્રાવકના ત્રણેય મનોરથ તો પૂર્ણ કરવા. તેઓ આ ભાવનાની અનુપ્રેક્ષા સતત કરતા. ૨૩ જાન્યુઆરીએ ઋષભદેવ સંઘમાં ગુરુભગવંતના શ્રીમુખે સંથારો ગ્રહણ કરેલ.

# ભાજપના ૫૦થી વધુ કોર્પોરેટરોની ટિકિટ પર ઝળુંબતુ જોખમ

## સંગઠન માળખાની જેમ ટિકિટ ફાળવણીમાં પણ હાઈકમાન્ડ નો-રિપીટ થિયરી અપનાવે તેવી પ્રબળ બનતી સંભાવના: ૧૫થી ૧૭ અનુભવી અને વિવાદમાં ન ફસાયા હોય તેવા સિટીંગ કોર્પોરેટરોને ફરી મેદાનમાં ઉતારાશે

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ જાણે રાજકોટને રાજકીય પ્રયોગશાળા સમજી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. પક્ષ દ્વારા કોઈપણ નિર્ણયની અમલવારી રાજકોટથી કરવામાં આવે છે. રાજકોટ શહેર ભાજપના સંગઠન માળખામાં પક્ષ દ્વારા નો-રિપીટ થિયરી અપનાવવામાં આવી છે. જો કોર્પોરેશનની ચુંટણીમાં ટિકિટ ફાળવણીમાં પણ આજ થિયરી હાઈકમાન્ડ અપનાવશે તો ભાજપના ૫૦થી વધુ સિટીંગ કોર્પોરેટરોની ટિકિટ પર કાતર ફરી વળે તેવું જોખમ હાલ દેખાઈ રહ્યું છે. પ્રદેશમાં રાજકોટનું ચિત્ર કંઈક અલગ જ ઉપસી રહ્યું છે. છેલ્લા થોડા સમયથી શહેર ભાજપમાં દેખાય રહેલા જૂથવાદના કારણે રાજકોટે ઘણું સહન કરવું પડ્યું છે. હવે ત્રણ મહિના પછી જ્યારે કોર્પોરેશનની સામાન્ય ચુંટણી યોજાવાની છે ત્યારે જોવાનું એ રહે છે કે ભાજપ કેટલા સિટીંગ કોર્પોરેટરોને ફરી ટિકિટ આપવાનું જોખમ ઉઠાવે છે.

મહાપાલિકામાં ૫૦ વર્ષ સુધી ભાજપ શાસન કરે છે. પરંતુ વર્તમાન બોર્ડની પાંચ વર્ષની ટર્મ સતત વિવાદાસ્પદ રહી છે. જેના કારણે પ્રદેશ હાઈકમાન્ડમાં રાજકોટનું ચિત્ર કંઈક અલગ જ ઉપસી રહ્યું છે. સંગઠન માળખાની ગઈકાલે જાહેરાત કરવામાં આવી છે. જેમાં ત્રણેય મહામંત્રી, આઠ ઉપપ્રમુખ અને આઠ મંત્રીમાં નો-રિપીટ થિયરી અપનાવવામાં આવી છે. હવે કોર્પોરેશનની ચુંટણીમાં પણ ભાજપ ટિકિટ ફાળવણીમાં નો-રિપટ થિયરી અપનાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આવામાં ૫૦થી વધુ કોર્પોરેટરોની ટિકિટ કપાઈ તે લગભગ ફાઈનલ મનાઈ રહ્યું છે. વોર્ડ નં.૧માંથી ભાજપ હિરેન ખીમાણીયાને ટિકિટ આપે તેવી સંભાવના દેખાઈ રહી છે. જ્યારે વોર્ડ નં.૨માંથી જો રિપીટ કરવામાં આવે તો એકમાત્ર જયમીન ઠાકરને ટિકિટ આપવામાં આવે તેવું લાગી રહ્યું છે. વોર્ડ નં.૩માંથી ડેપ્યૂટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા પર પક્ષ ફરી એકવાર વિશ્વાસ મૂકશે તેવું દેખાઈ રહ્યું છે. વોર્ડ નં.૪માં કાળુ કુંગશીયાની ટિકિટ પણ સલામત મનાઈ રહી છે. વોર્ડ નં.૫માંથી દિલીપ લુણાગરીયાને ફરી ટિકિટ આપવામાં આવશે તેવું લાગી રહ્યું છે. જ્યારે આ વોર્ડના સિટીંગ કોર્પોરેટર હાર્દિક ગોહિલને વોર્ડ બદલાવી ફરી મેદાનમાં ઉતારવામાં આવશે. વોર્ડ નં.૬માં ચારેય નવા ચહેરા આવી શકે છે. જ્યારે વોર્ડ નં.૭માં નેહલભાઈ શુકલને ફરી ટિકિટ મળી શકે છે. વોર્ડ નં.૮માં અશ્વિન પાંભર અને ડો.દર્શનાબેન પંડ્યાને ફરી ટિકિટ મળે તેવી શક્યતા છે. વોર્ડ નં.૯માં પુષ્કરભાઈ પટેલ હાલ ચુંટણી લડવા માટે અનિચ્છુક છે પરંતુ તેઓની સિનિયોરિટી જોતા પક્ષ તેઓને ફરી મેદાનમાં ઉતારી શકે છે. જીતુભાઈ કાટોળીયાના સ્થાને તેઓના પરિવારમાંથી કોઈને ટિકિટ આપવા અંગે નિર્ણય લેવાય શકે છે. વોર્ડ નં.૧૦માં ચેતન સુરેજાને ફરી ટિકિટ મળે તેવું મનાઈ રહ્યું છે. વોર્ડ નં.૧૧માં ચારેય નવા ચહેરા આવી શકે છે. વોર્ડ નં.૧૨માંથી પૂર્વ મેયર ડો.પ્રદિપ ડવને ફરી ટિકિટ મળશે તેવું નિશ્ચિત મનાઈ રહ્યું છે. જ્યારે વોર્ડ નં.૧૩માં ચારેય કોર્પોરેટરોને રિપીટ કરાય તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. વોર્ડ નં.૧૪માં નિલેશ જલુને ફરી મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. વોર્ડ નં.૧૬માં ભાજપ એકપણ સિટીંગ કોર્પોરેટરને ફરી ટિકિટ આપવાના મૂડમાં નથી. જ્યારે વોર્ડ નં.૧૭માં વિનુભાઈ ઘવાને ટિકિટ મળી શકે છે. જ્યારે વોર્ડ નં.૧૮માં ચારેય નવા ચહેરા આવે તેવું મનાઈ રહ્યું છે.

### નવા ચહેરાને જીતાડી દેવાની જવાબદારી કપાયેલાઓને સોંપાશે: રાજકોટ શહેર ભાજપ માટે પ્રદેશમાં અલગ જ ઉપસતું ચિત્ર

---

મંગળા રોડ પર સરાજાહેર ફાયરિંગ કરનાર...

# મુરઘા ગેંગનો મુખ્ય સૂત્રધાર સમીર ઉર્ફે સંજલો ત્રણ માસ બાદ કુર્તી-લેગિન્સમાં ઝડપાયો

## ભડાકા કરી હત્યાનો પ્રયાસ અને ગુજસીટોકના ગુનામાં ૧૦૦ દિવસથી પોલિસને ચકમો આપતો સંજલો મહિલાના વેશમાં ઘરે આવતા'તો : રસ્તામાં જ માલીયાસણ ચોકડી નજીકથી દબોચી લેતી એસઓજી પીઆઈ એસ એમ જાડેજા અને પીએસઆઈ વી.વી.ધ્રાંગુની ટીમ

### ફાયરિંગ પ્રકરણ બાદ ૨૩ સ્થળે ભાટક્યો : એક સીમકાર્ડનો એક જ વાર ઉપયોગ કરતો, અઢળક મોબાઈલ પણ સાથે રાખતો

મુરઘા ગેંગના મુખ્ય સૂત્રધાર સમીર ઉર્ફે સંજલાને પકડ્યા બાદ એસીપી ભરત બસિયાએ જણાવ્યું હતું કે, કુખ્યાત સંજય ઉર્ફે સંજલો ત્રણ માસમાં દેશભરના ૨૩ સ્થળો ફર્યો હતો. જેમાં રાજકોટ, મોરબી, ઉત્તરપ્રદેશ, બિહાર, તામિલનાડુ, મુંબઈ, દમણ, ધોરાજી, ગોંડલ, અમદાવાદ, સાસણ,કડી સહિતના શહેરોનો સમાવેશ થાય છે. તેમજ તેની પાસેથી ત્રણ એન્ડ્રોઈડ અને ચાર સાદા ફોન મળી આવ્યાં છે, જેમાં તે એક જ વખત એક સીમકાર્ડનો ઉપયોગ કરી ફેંકી દેતો હતો.

### કડી-કલોલમાં આશરો આપનાર મૂળ અમરેલીના દિલાવર ખલીફાની પણ ધરપકડ : પોલિસે ઘટનાસ્થળે લઈ જઈ આકરી સરભરા કરી કૂકડો બનાવ્યો, હાથ જોડી માંફી માંગી : ૧૪ દિવસના રિમાન્ડ મેળવવા તજવીજ





**અબતક, રાજકોટ**

શહેરના મંગળા રોડ પર આશરે ત્રણેક માસ પૂર્વે સરાજાહેર ફાયરિંગ કરી નાસી જનાર જંગલેશ્વરની મુરઘા ગેંગના મુખ્ય સૂત્રધાર સમીર ઉર્ફે સંજલાને એસઓજી ટીમે માલીયાસણ ચોકડી નજીકથી કુર્તી-લેગિન્સ પહેરેલી હાલતમાં ઝડપી લીધો હતો. બાદ સંજલાની આકરી સરભરા કરી ઘટનાસ્થળે લઈ જઈ રિકન્ટ્રક્શન કરાવી મુરઘો બનાવ્યો હતો. આરોપીએ હાથ જોડી માફી પણ માંગી હતી. હાલ એસઓજીની ટીમે આરોપીના ૧૪ દિવસના રિમાન્ડ મેળવવા તજવીજ આદરી છે.

બનાવની પ્રાપ્ત વિગત અનુસાર ગઈ તા.૨૯-૧૦-૨૦૨૫ ના રોજ મંગળા રોડ પર પેંડા ગેંગ અને મુરઘા ગેંગના સભ્યો દ્વારા સામસામે ફાયરિંગ કરવામાં આવ્યા હતા. જે ઘટના બાદ એ.ડિવિઝન પોલીસ મથકમાં હત્યાનો પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધાયા બાદ તપાસ એસઓજીને સોંપવામાં આવી હતી. જે ઘટનાની ગંભીરતા જોઈ ડિસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ આદરી એસીપી ક્રાઈમ ભરત બસીયાએ પેંડા ગેંગના ૧૭ શખ્સો અને મુરઘા ગેંગના ૨૧ શખ્સો સમયે ગુજસીટોક એક્ટ હેઠળ અલગથી ગુનો નોંધી મોટી કાર્યવાહી કરી હતી.

જેમાં પેંડા ગેંગના તમામ શખ્સોની ધરપકડ કર્યા બાદ મુરઘા ગેંગના પણ તમામ આરોપીની ધરપકડ કરી હતી. જો કે, તેમાં મુરઘા ગેંગનો મુખ્ય સૂત્રધાર સંજય ઉર્ફે સંજલો છેલ્લા ત્રણ માસથી ફરાર હતો, જે પોલીસને હાથતાળી આપી રહ્યો હતો. દરમિયાન એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ વિ.વિ.ધ્રાંગુ ટીમ તપાસમાં હતી ત્યારે સંજલો રાજકોટ તરફ આવી રહ્યો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે માલિયાસણ પાસેથી મહિલાના વેશમાં ડ્રેસ પહેરી રાજકોટ આવી રહેલ સંજય ઉર્ફે સંજલો અને તેની સાથેના દિલાવર મહમદ ખલીફા (ઉ.વ.૪૦,રહે. હાલ કડી, મૂળ અમરેલી) ને પણ દબોચી સાત મોબાઈલ, છરી, એક નંબર પ્લેટ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

શહેરમાં ભયનો માહોલ સર્જનાર સંજય ઉર્ફે સંજલો પકડાતા ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બસીયા અને એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા અને ટીમે આરોપીની આકરી સરભરા કરી હતી. જે બાદ તેને ઘટનાસ્થળે લઈ જઈ રિકન્ટ્રક્શન કરાવી મુરઘો પણ બનાવ્યો હતો. જે બાદ આરોપીએ બે હાથ જોડી માફી માંગી હતી.

### ગાંજા સહિતના નશાનો વેંપલો કરતો સંજલા વિરુદ્ધ નવ ગંભીર ગુના

ઝડપાયેલો શખ્સ સમીર ઉર્ફે મુરઘો ગાંજા સહિતના નશાકીય પદાર્થના વેંપલા સાથે સંકળાયેલો છે. તેના વિરુદ્ધ, રાયોટીંગ, હત્યાનો પ્રયાસ, આર્મ્સ એકટ સહિતના ગંભીર પ્રકારના નવ જેટલાં ગુના નોંધાયેલ છે.

---

# રેલનગરના યુવાને મિત્રતાના દાવે આપેલું એક્ટિવા મિત્ર ઓળવી ગયો

## એક દિવસ માટે વાહન લઈ ગયા બાદ વારંવાર માગવા છતાં પરત નહિ આપતા ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રેલનગરના ભકિત પાર્કમાં રહેતા યુવાને કનકનગરમાં રહેતા મિત્રને મિત્રતાના દાવે એક દિવસ માટે એકટીવા આપ્યું હતું. જે બાદ મિત્રએ વાહન પરત આપ્યું જ ન હતું. વારંવાર માંગણી કરવા છતાં વાહન પરત ન આપતા અંતે યુવાને પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

રાજકોટમાં રેલનગર પાસે ભક્તિપાર્ક-૨ પલ્સ હોસ્પિટલની સામે રહેતા રોહિત ઉર્ફે રામ અમૃતભાઈ ચૌહાણ(ઉ.વ ૩૦) દ્વારા પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે કનકનગર રાજારામ સોસાયટીમાં રહેતા જલકિત સુરેશભાઈ સાકરીયા(ઉ.વ ૨૨) નું નામ આપ્યું છે.યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે છેલ્લા ૧૧ વર્ષની સુરત ખાતે રહેતો હતો અને ફ્રુટ વેચવાનું મજૂરીકામ કરતો હતો. પિતાના અવસાન બાદ સાતમ આઠમ પહેલા એટલે કે આજથી આઠેક મહિના પહેલા તે સુરતથી રાજકોટ અહીં માતા સાથે રહેવા આવતો રહ્યો હતો. યુવાને બીલખાના શૈલેષભાઈ માંડાણી પાસેથી એકટીવા નંબર જીજે ૧૧ બીપી ૭૨૪૯ ખરીદ્યું હતું

સાતેક મહિના પહેલા કનકનગરમાં રહેતા જલકિત સાકરીયા સાથે પરિચય થયો હતો બાદમાં બંને મિત્રો બન્યા હોય એકબીજાના ઘરે આવતા જતા હતા. આ દરમિયાન જલકિત યુવાન પાસેથી તેનું એકટીવા ચલાવવા માટે અવારનવાર લઈ જતો હતો અને પરત આપી દેતો હતો.ગઈ તા. ૨૫/૯/૨૦૨૫ ના રાત્રીના ૧૧:૦૦ વાગ્યે યુવાનને ગેબનશાપીરની દરગાહ પાસેના રોડ પર મિત્ર જલકીત મળ્યો હતો અને કહ્યું હતું કે, તારું એકટીવા મારે એક દિવસ પૂરતું જોઈએ છે તેમ કહી યુવાનો એક્ટિવા કિંમત રૂપિયા ૫૦,૦૦૦ મિત્ર લઈ ગયો હતો. ત્યારબાદ જલકિત એક્ટિવા પરત આપવા ન આવતા તેને ફોન કરતા હમણાં આપી જઉં છું તેવું કહ્યા કરતો હતો પરંતુ એકટીવા આપ્યું ન હતું.

યુવાને કહ્યું હતું કે એકટીવા નહીં આપે તો ફરિયાદ કરીશ જેથી જલકિતે પણ કહ્યું હતું કે હું પણ ફરિયાદ કરીશ. ત્યારબાદ આ એકટીવા પાછું આપવા અથવા એકટીવાના પૈસા આપી દેવા સમાધાનની વાતચીત જલકીતના મામા સંજયભાઈ સરવૈયા મારફત બે મહિના પૂર્વે થઈ હતી. પરંતુ ત્યારબાદ પણ જલકિતે એકટીવા પરત આપ્યું ન હતું આમ એક દિવસનું કહી આરોપી યુવાન પાસેથી તેની એકટીવા કિંમત રૂપિયા ૫૦,૦૦૦ વાળું લઈ જઈ પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હોય જે અંગે યુવાને પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# કોઠારીયા કોલોનીમાં દેણાના ટેન્શનમાં યુવાને ઝેરી દવા પીધી

## મિત્ર પાસેથી ઉછીના લીધેલા રૂ. ૮ લાખ પરત ન ચૂકવી શકતા યુવાનનો આપઘાતનો પ્રયાસ કર્યો

**અબતક, રાજકોટ**

શહેરમાં આર્થિક સંકડામણને કારણે આપઘાતના બનાવો વધી રહ્યા છે, ત્યારે વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કોઠારીયા કોલોની વિસ્તારમાં રહેતા અને વિરાણી અઘાટમાં લેથ મશીનનું કારખાનું ધરાવતા ૩૨ વર્ષીય યુવાને દેણાના ટેન્શનમાં આવી પોતાના જ કારખાને માંકડ મારવાની દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર, કોઠારીયા કોલોનીમાં રહેતા કૃપાલભાઈ પ્રકાશભાઈ અખિયાનિયા (ઉ.વ. ૩૨) વિરાણી અઘાટ ન્યૂ નહેરુ નગર ઈન્ડસ્ટ્રી એરિયામાં 'વિશ્વકર્મા એન્જિનિયરિંગ' નામનું લેથ મશીનનું કારખાનું ચલાવે છે. આજે સવારે જ્યારે તેઓ પોતાના કારખાને હતા, ત્યારે ઝેરી દવા ગટગટાવી લેતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, કૃપાલભાઈએ પોતાના મિત્ર પાસેથી ધંધાર્થે રૂ. ૮ લાખ ઉછીના લીધા હતા. છેલ્લા કેટલાક સમયથી ધંધો બરાબર ચાલતો ન હોવાથી તેઓ નાણાં પરત ચૂકવી શક્યા નહોતા. મિત્ર દ્વારા ઉઘરાણી કરવામાં આવતા કૃપાલભાઈ આર્થિક ભીંસ તેમજ ટેન્શનમાં આવી જઈ અંતિમ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. કૃપાલભાઈ બે ભાઈઓમાં મોટા છે અને તેમને સંતાનમાં એક દીકરો છે. હાલમાં સિવિલ હોસ્પિટલ ખાતે તેમની સારવાર ચાલી રહી છે અને પોલીસે આ અંગે નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પોલિસની કોમ્બિંગ નાઈટ : પાંચ શખ્સો છરી સાથે અને ૧૧ ડમડમ હાલતમાં ઝડપાયા

## રવિવાર રાત્રીના શહેર પોલીસ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં સઘન ચેકિંગ

**અબતક, રાજકોટ**

શહેર પોલીસ દ્વારા રવિવારે કોમ્બિંગ નાઈટ દરમિયાન શહેરના અલગ અલગ વિસ્તારમાંથી છરી સાથે પાંચ શખસોને ઝડપી લીધા હતા. જ્યારે દારૂ પી નીકળેલા ૧૧ શખસો પોલીસની ઝપટે ચડી ગયા હતા.જેની સામે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવવા અને ગુનેગારો પર લગામ કસવા માટે શહેર પોલીસ દ્વારા સમયાંતરે કોમ્બિંગ નાઈટ કરવામાં આવે છે. દરમિયાન ગઈકાલ રાત્રિના પોલીસ દ્વારા કોમ્બિંગ નાઈટ કરવામાં આવી હતી. જેમાં છરી સાથે અને પીધેલી હાલતમાં ૧૬ શખસો પોલીસની ઝપટે ચડી ગયા હતા. પોલીસે છરી સાથે પાંચ શખસો અને દારૂ પી નીકળેલા ૧૧ શખસોને ઝડપી લીધા હતા.

શહેરમાં સામાન્ય બાબતમાં છરી સહિતના હથિયારો વડે હુમલા કરવાની ઘટનાઓ સતત વધી રહી હોય ત્યારે પોલીસે છરી સહિતના હથિયારો સાથે રાખી ફરતા શખસો સામે પણ તવાઈ ઉતારી હતી. જેમાં ગાંધીગ્રામ પોલીસે જામનગર રોડ પરથી જયેશ સંપટભાઈ ચારોલીયાને, માલવિયાનગર પોલીસે અમરનગર ૧ માંથી રાજદીપ ચુનીભાઈ પરમારને અને મયાણી નગર ચોક પાસેથી રામ ડામર સિંધને, રાજકોટ તાલુકા પોલીસે સત્ય સાંઈ રોડની બાજુમાં આંગન રેસીડેન્સી પાસેથી વનરાજ ભીખાભાઈ વાઘેલાને, બી ડિવિઝન પોલીસે સંત કબીરના નાલા પાસેથી ભરત પ્રેમજી છરી સાથે પકડી પાડી હથિયારબંધી જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

શહેરની અલગ અલગ પોલીસે નાઈટ પેટ્રોલીંગ કરી પીધેલી હાલતમાં ૧૧ શખસોને પકડી પાડ્યા હતા. જેમાં કુવાડવા રોડ પોલીસે નવાગામ આણંદ પર પાસેથી નટવરસિંહ માનભા ચુડાસમાને, ભક્તિનગર પોલીસે ગાયત્રીનગર રોડ પરથી રૂપસિંહ ઉત્જીરસિંગ ટમટાને, પ્રદ્યુમન નગર પોલીસે કીટીપરા ગાયકવાડીમાંથી હુસેન દાઉદભાઈ ઢેબાને, ગાંધીગ્રામ પોલીસે નાણાવટી ચોક પાસેથી મયુરસિંહ મોહનસિંહ ઝાલાને અને હનુમાન મઢી પાસેથી મયંક મહેન્દ્રભાઈ ખજુરીયા તેમજ સુરેશ સાજણભાઈ દુબેને, માલવીયાનગર પોલીસે સરદાર નગર મેન રોડ પરથી મહેશ બાબુભાઈ ગોહિલને અને માવડી પ્લોટ અમરનગરમાંથી રણજીત ભુપતભાઈ ડાભીને તથા મેઘમાયાનગર રાજનગર ચોકમાંથી મનીષ પંકજકુમાર ચુડાસમાને, રાજકોટ તાલુકા પોલીસે પુનિત નગર, મટુકી રેસ્ટોરન્ટ પાસેથી દીપક ઈન્દ્રસિંહ વિશ્વકર્માને, પ્રદ્યુમન નગર પોલીસે બહુમાળી ભવન પાસેથી જયેશ ઉર્ફે નવઘણ ગોવિંદભાઈ વાઘેલાને પીધેલી હાલતમાં પકડી પાડી પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# સાત હનુમાન નજીક બીમારીથી કંટાળી વૃદ્ધે ફિનાઈલ ગટગટાવી

## શ્વાસની બીમારીથી પરેશાન ૫૫ વર્ષીય વૃદ્ધે કર્યો આપઘાતનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

શહેરના સાત હનુમાન રોડ પર આવેલા રૂડા નગર વિસ્તારમાં રહેતા એક વૃદ્ધે બીમારીથી કંટાળી જઈ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. લાંબા સમયથી શ્વાસની તકલીફથી પીડાતા રણછોડભાઈ સોલંકી નામના વૃદ્ધે ગઈકાલે બપોરે પોતાના ઘરે ફીનાઈલ ગટગટાવી લેતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, સાત હનુમાન પાસે રૂડા નગર અવધ ઈન્ડસ્ટ્રીઝ ઝોનમાં રહેતા રણછોડભાઈ નાનજીભાઈ સોલંકી (ઉ.વ. ૫૫) ગઈકાલે બપોરે સાડા ત્રણેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા, ત્યારે ફીનાઈલ પી લીધું હતું. પરિવારજનોને જાણ થતા જ તેમને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, રણછોડભાઈ છેલ્લા કેટલાય સમયથી શ્વાસની ગંભીર બીમારીનો સામનો કરી રહ્યા હતા. વારંવારની તકલીફ અને બીમારીથી કંટાળી જઈ તેમણે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. રણછોડભાઈને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. હાલ સિવિલ હોસ્પિટલના તબીબો તેમની સારવાર કરી રહ્યા છે અને પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# સંરક્ષણ, અર્થતંત્ર અને તકનીકી ક્ષેત્રે ભારત-સેશેલ્સનો સહયોગ નવી ઊંચાઈ આંબશે

## નરેન્દ્ર મોદી અને સેશેલ્સના પ્રમુખ પેટ્રિક હર્મિની વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં વ્યૂહાત્મક ભાગીદારી અને દરિયાઈ સુરક્ષાને લઈને ચર્ચા કરવામાં આવી

**અબતક, રાજકોટ**

ભારત અને સેશેલ્સ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં આજે એક નવો અધ્યાય લખાયો છે. નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સેશેલ્સના પ્રમુખ પેટ્રિક હર્મિની વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં વ્યૂહાત્મક ભાગીદારી અને દરિયાઈ સુરક્ષાને લઈને ચર્ચા કરવામાં આવી હતી. બંને નેતાઓની ઉપસ્થિતિમાં અનેક મહત્ત્વના એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જે



આગામી સમયમાં સંરક્ષણ, અર્થતંત્ર અને તકનીકી ક્ષેત્રે બંને દેશોના સહયોગને નવી ઊંચાઈએ લઈ જશે. આ બેઠક હિન્દ મહાસાગર ક્ષેત્રમાં ભારતના પ્રભુત્વ અને 'ગ્લોબલ સાઉથ'ના મજબૂત નેતૃત્વની દિશામાં એક મોટું કદમ માનવામાં આવી રહ્યું છે. ઑકટોબર ૨૦૨૫માં સત્તા સંભાળ્યા બાદ પેટ્રિક હર્મિનીની આ પ્રથમ ભારત મુલાકાત છે,

જે ભારત અને સેશેલ્સ વચ્ચેના રાજદ્વારી સંબંધોના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાઈ રહી છે.

આ બેઠક પહેલાં તેમણે રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ તેમની સાથે મુલાકાત કરી હતી

અને ભારતના 'વિઝન મહાસાગર' પ્રત્યેના સેશેલ્સના સમર્થનની પ્રશંસા કરી હતી.

ભારત માટે સેશેલ્સ એક વ્યૂહાત્મક દરિયાઈ પાડોશી છે અને 'ગ્લોબલ સાઉથ' સાથેના સહયોગના ભાગરૂપે આ મુલાકાત અત્યંત મહત્ત્વની માનવામાં આવે છે.

નવી દિલ્હીમાં રોકાણ દરમિયાન તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે પણ મુલાકાત કરશે અને પ્રાદેશિક તથા આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર મંતવ્યોનું આદાનપ્રદાન કરશે.

### બ્લુ ઈકોનોમી અને રોકાણની તકો પર વિશેષ ભાર

ચેન્નાઈની મુલાકાત દરમિયાન પેટ્રિક હર્મિનીએ સેશેલ્સના સ્વાસ્થ્ય મંત્રી સાથે મળીને આરોગ્ય સેવાઓ સુધારવા માટે ચર્ચાઓ કરી હતી, જેમાં સુપર-સ્પેશિયાલિટી આઉટરીચ, હોસ્પિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સસ્તી દવાઓ પૂરી પાડવા જેવા મુદ્દાઓ સામેલ હતા. તો બીજી તરફ મુંબઈમાં તેમણે કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ સાથે મુલાકાત કરી અને 'ઈન્ડિયા-સેશેલ્સ બિઝનેસ રાઉન્ડ ટેબલ'માં ભાગ લીધો હતો. આ બેઠકમાં બ્લુ ઈકોનોમી, દરિયાઈ વેપાર અને ટકાઉ વિકાસના ક્ષેત્રમાં રોકાણની તકો શોધવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## શિવ કરેંગે બેડા પાર, ભર લે ઝોલી મેરે ચાર

# ‘મિનિ શ્રાવણ’… બ્રહ્માકુમારીઝ દ્વારા શુક્રવારથી ત્રિદિવસીય શિવોત્સવ

### ૯૦,૦૦૦ રત્નોથી નિર્મિત ૧૯ ફૂટ ઊંચા અદભુત શિવલિંગના દિવ્ય દર્શન અને મહા શિવરાત્રી મેળો

### જલ અભિષેક, વેલ્યુ ગેઈમ, સત્યયુગ દર્શન, શાંતિ અનુભવ કક્ષ, જીવનમૂલ્ય પ્રદર્શની, અવગુણ અર્પણ કુંડ, દિવ્ય વરદાન પ્રાપ્તિ તથા મહાઆરતીઃ ભોલેનાથની ભક્તિમાં ભીંજાવાનો સુવર્ણ અવસર

**અબતક, રાજકોટ**

પરમપિતા પરમાત્મા શિવના દિવ્ય અવતરણ ની સ્મૃતિમાં ઉજવાતી ૯૦મી ત્રિમૂર્તિ શિવજયંતિના પાવન અવસરે બ્રહ્માકુમારીઝ* દ્વારા રાજકોટ શહેરમાં એક અલૌકિક અને આત્માને સ્પર્શી જાય એવો આધ્યાત્મિક કાર્યક્રમ આયોજિત થવાનો છે.

આ વિશેષ આયોજન અંતર્ગત ૯૦,૦૦૦ રત્નોથી નિર્મિત ૧૯ ફૂટ ઊંચા અદભુત શિવલિંગના દિવ્ય દર્શન ભક્તોને પ્રાપ્ત થનાર છે.

આ શિવલિંગ માત્ર એક કલાત્મક રચના નહીં પરંતુ શ્રદ્ધા, વિશ્વાસ અને આધ્યાત્મિક ચેતનાનું જીવંત પ્રતીક છે. તેના દર્શનથી મનને શાંતિ, આત્માને સાંત્વના અને જીવનને નવી દિશા મળે તેવો દિવ્ય અનુભવ થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

કાર્યક્રમ દરમિયાન જલ અભિષેક, વેલ્યુ ગેઈમ, સત્યયુગ દર્શન, શાંતિ અનુભવ કક્ષ, જીવન મૂલ્ય પ્રદર્શની, અવગુણ અર્પણ કુંડ તથા દિવ્ય વરદાન પ્રાપ્તિ જેવી આધ્યાત્મિક વ્યવસ્થાઓ દ્વારા ભક્તોને આંતરિક શુદ્ધિ અને આત્મિક આનંદનો અનુભવ કરાવવામાં આવશે.

આ ભવ્ય શિવદર્શન કાર્યક્રમ અને મહા શિવરાત્રી મેળો રાજ પેલેસ સામેનું ગ્રાઉન્ડ સાધુવાસવાણી રોડ રાજકોટ ખાતે તારીખ ૧૩ થી ૧૫ ફેબ્રુઆરી દરમ્યાન દરરોજ સવારે ૧૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી સર્વે ભાવિકો માટે દર્શન અર્થે ખુલ્લો રહેશે.

પ્રતિ દિન સાંજે ૭ કલાકે યોજાનારી મહાઆરતી ભક્તિભાવથી ભરેલું વાતાવરણ સર્જશે.

આ ભવ્ય અને દિવ્ય મહાશિવરાત્રી મેળાનું ઉદઘાટન તારીખ ૧૨ ફેબ્રુઆરી ગુરુવારે સાંજે ૫:૩૦ કલાકે બ્રહ્માકુમારીઝ ગુજરાતના ડાયરેક્ટર રાજયોગીની બ્રહ્માકુમારી ભારતીદીદીજી, રવિરતન સેવા કેન્દ્ર સંચાલિકા નલિનીબેન, બ્રહ્માકુમારીઝ ના સર્વ બહેનો તથા રાજકોટના ગણમાન્ય ૯૦ મહેમાનોના વરદ હસ્તે ૯૦ દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવશે.

શહેરના તમામ શિવભક્તો અને શાંતિપ્રેમી નાગરિકોને આ પાવન અવસરનો લાભ લેવા અને દિવ્ય અનુભૂતિના સાક્ષી રૂપ બનવા બ્રહ્માકુમારીઝ રાજકોટ

હૃદયપૂર્વક નું આમંત્રણ અનુરોધ કરવામાં આવ્યો છે.

## (પહેલા પાનાનું ચાલું)

### ભાગીદારી પેઢી...

યોગ્ય રીતે કાયદેસર નોંધણી કરાવવા તરફ વળ્યા છે.

કરંજવાલા એન્ડ કંપનીના પાર્ટનર તાહિરા કરંજવાલાએ કહ્યું કે, જીએસટીમાં ઘટાડા જેવા પગલાંને લીધે બજારમાં લોકો વધુ ખરીદી કરશે તેવી આશા છે, જેનાથી નવા ઉદ્યોગસાહસિકોને નવા ધંધા શરૂ કરવાનું પ્રોત્સાહન મળ્યું છે.

દેશમાં હોશિયાર અને ઓછા ખર્ચે કામ કરતા કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપલબ્ધ હોવાથી પણ નવી કંપનીઓ શરૂ કરવામાં વેગ મળ્યો છે.

### નીટ-પીજી...

થયો છે, પરંતુ મોંઘી ફી અને અઘરા વિષયોને કારણે ઘણી બધી જગ્યાઓ ખાલી રહી જતી હતી.આ ખાલીપો ભરવા માટે સરકારે 'લાયકાતની લાઈન'ને એટલી નીચી કરી દીધી કે હવે સિંગલ ડિજિટ એટલે કે ૮૦૦ માંથી માત્ર ૪ કે ૧૦ માર્ક્સ લાવનારા ઉમેદવારો પણ 'સ્પેશિયાલિસ્ટ ડોક્ટર' બનવાની રેસમાં આવી ગયા છે.

આ સિક્કાની બીજી બાજુ પણ સમજવા જેવી છે. જ્યારે આપણે ૮૦૦ માંથી ૪ માર્ક્સ જોઈએ છીએ ત્યારે તે આઘાતજનક લાગે છે, પણ તેની પાછળ વિદ્યાર્થીઓ પર રહેલું માનસિક દબાણ અને સિસ્ટમની જટિલતા પણ જવાબદાર છે. મેડિકલ ક્ષેત્રમાં સ્પર્ધા એટલી આકરી છે કે વિદ્યાર્થીઓ ઘણીવાર માનસિક રીતે થાકી જવુંનો શિકાર બને છે. સમાજ અને પરિવાર દ્વારા એવું દબાણ હોય છે કે કાં તો તમે ટોપ લેવલના સર્જન બનો અથવા તમે નિષ્ફળ છો. આ દબાણ હેઠળ ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓ પણ પરીક્ષાના દિવસે ગભરાટ અનુભવે છે અને જાણીતા જવાબોમાં પણ ભૂલ કરી બેસે છે. **MBBS** ના ૫.૫ વર્ષના અભ્યાસ બાદ તરત જ **PG** ની તૈયારી કરવી અને સાથે ઈન્ટર્નશિપમાં ૧૨-૧૨ કલાકની ડ્યુટી કરવી શારીરિક અને માનસિક રીતે તોડી નાખે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં **NEET-PG** ના પેપરો માત્ર ગોખણપટ્ટીના બદલે અત્યંત 'ક્લિનિકલ' અને લાંબા પ્રશ્નો વાળા હોય છે. જો કોઈ વિદ્યાર્થીએ પાયાનું જ્ઞાન પ્રેક્ટિકલ રીતે નથી મેળવ્યું, તો તે ૮૦૦ માંથી ૮૦ માર્કસ પણ નથી લાવી શકતો.જ્યારે સરકાર કટ-ઓફ ઘટાડીને ૦ કે ૭ પર્સન્ટાઈલ કરી દે છે, ત્યારે વિદ્યાર્થીઓમાં એવી માનસિકતા ઘર કરી જાય છે કે ગમે તેમ કરીને બસ ક્વોલિફાય થઈ જઈએ, સીટ તો મળી જ જવાની છે. આ 'સલામત' રહેવાની વૃત્તિ તેમને મહેનત કરતા અટકાવે છે. પ્રાઈવેટ કોલેજોમાં ફી એટલી વધારે હોય છે કે ત્યાં મેરિટ કરતા 'પૈસા' વધુ બોલે છે. સરકાર સીટો ખાલી ન રહે તે માટે કટ-ઓફ નીચો લાવે છે, જેનો ફાયદો એવા લોકો ઉઠાવે છે જે ભણવામાં નબળા છે પણ આર્થિક રીતે સક્ષમ છે.

## (ચોથા પાનાનું ચાલુ)

### નમ્રમુનિ...

ગુણવાન બનવું છે. શિષ્ય હંમેશા ગુરુના ધ્યાનમાં હોય, ગુરુમય હોય. જે શિષ્યના ધ્યાનમાં સતત ગુરુનું સ્મરણ હોય એવા શિષ્યો ગુરુના ધ્યાનમાં રહેતા હોય છે. ગુરુના ગુણો જ શિષ્યને, શિષ્યમાંથી ગુરુ બનાવી દેતાં હોયછે.

વિશેષમાં, આ અવસરે તપસમ્રાટ ગુરુદેવની પુણ્ય સ્મૃતિ અવસરે તેમને પ્રિય ગાયો માટે ‘‘મેરી નન્હી -અડોપ્ટ અ કાફ‘‘ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવતા અનેક ભાવિકોએ નાના- નાના વાછરડાઓને પોતાના પરિવારનું એક સભ્ય બનાવી તેની જવાબદારી લઈ, ગુરુ ચરણમાં જીવદયાની અનોખી ભેટ અર્પણ કરી હતી. એ સાથે જ, અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા ભારતભરના ક્ષેત્રોમાં કબૂતર, ગાય, શ્વાન જેવા અબોલ જીવોના ભોજન સાથેની ‘‘કાઈન્ડનેસ કીટ‘‘ના વિતરણના સત્કાર્યથી કરવામાં આવતા સહુને માનવતાની પાવન પ્રેરણા મળી હતી. આ કીટ ઈચ્છુક ભાવિકો અબોલ જીવો માટે પોતાના નજીકના અર્હમ યુવા સેવા ગ્રુપ સેન્ટર્સથી મેળવી શકશે એવી માહિતી આવેલ. તે સાથે જ આ અવસરે ભારતના વિવિધ ક્ષેત્રોમાં અનેકવિધ માનવતાના સત્કાર્યો કરવામાં આવેલ.

### માસિક મિલન...

ઉદાહરણો અને વાર્તાઓ સહિત સમજાવી. બાળકો પણ આ ગોષ્ઠિ દરમ્યાન જાગૃત રહી પોતાનાં મંતવ્યો રજૂ કરતાં રહ્યા.

જામનગર રોડ પર આવેલ વિશાળ શૈક્ષણિક સંકુલ કોસ્મિક સ્કૂલમાં વ્યવસ્થાપક ગણ વિરમભાઈ તથા ભાવેશભાઈ રાઠોડ અને પ્રાચાર્ય ડાંગરની ઉપસ્થિતિમાં ૮૦૦ થી વધુ બાળકોને માસિક મિલનના અધિવકતા કિશનભાઈ અભાણીએ નાગરિક કર્તવ્ય પર સરળ ભાષામાં સુંદર પ્રસ્તુતિ કરી. પ્રાચિન ગુરુ-શિષ્ય પરંપરાનું વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં મહત્વ ઘટતા આજે અંધ:પતન થયું અને શાળાના વિદ્યાર્થીઓ ડ્રગ્સ અને હિંસાના કુમાર્ગે વળ્યાં છે.

પરાપીપળીયા ના છેવાડે આવેલ ડોકટર સુભાષ કન્યા વિદ્યાલય માં માસિક મિલનના મુખ્ય શિક્ષક ડોક્ટર નવલુ તથા નાગરિક કર્તવ્ય વિષયના વકતા ડોક્ટર ધરાબેન ઠાકર વ્યાસ દ્વારા સંકુલની ૬૦૦થી વધુ કન્યાઓને ભારતીય સંસ્કૃતિના પાઠ શીખવામાં આવ્યા.

બહાર હોસ્ટેલમાં રહેતી દીકરીઓનું પ્રથમ કર્તવ્ય માતા પિતા અને પરિવારની પ્રતિષ્ઠા છે. આજના આ સમયે દીકરીઓને મોબાઈલ ન આપીને સંકુલ અને છાત્રાલય દ્વારા શ્રેષ્ઠ કાર્ય સમાજ સેવાનું થઈ રહ્યું છે મોબાઈલ નો યોગ્ય ઉપયોગ પણ કરવો હિતાવર છે

રાજકોટની પ્રસિદ્ધ *સનરાઈઝ સ્કુલ* ના છ થી દસ ધોરણના વિદ્યાર્થીઓ સમક્ષ માસિક મિલનના ચિંતક અને વિચારક હાર્દિકભાઈ વ્યાસ તથા વક્તા એડવોકેટ શ્રી નરેન્દ્ર સિંહ જાડેજા દ્વારા નાગરિક કર્તવ્ય વિશે ગોષ્ઠિ કરવામાં આવી હતી.

જીવનમાં રોજ બનતા સામાન્ય પ્રસંગો પર વિવેકપૂર્ણ પ્રતિક્રિયા તમને મહાન બનાવે છે. દરેક બાળક મહાન વ્યક્તિત્વનો સ્વામી બને. માતપિતાને પ્રણામ, જન્મદિવસ ઉજવણીમાં દીપ પ્રજ્વલિત કરવો, અતિથિઓની આગતા-સ્વાગતા, ટ્રાફિકના નિયમોનું પાલન જેવું પાયાનું ગણતર એમના કુમળા માનસમાં પ્રત્યારોપણ કરવા પ્રયત્ન કર્યો છે. સમગ્ર આયોજન માં માસિક મિલનના કાર્યવાહ જાણીતા ઉદ્યોગપતિ દીપકભાઈ પટેલ મહામંત્રી ડો.નવલ શીલુ ,શાળા સંપર્ક પ્રકલ્પના સંયોજક

જાણીતા સી.એ. હાર્દિકભાઈ વ્યાસ, વિરમભાઈ રાઠોડના સઘન પ્રયત્નોથી આ અભિયાન પરિણામ લક્ષી રહેલ છે.

### મિરામ્બીકા શૈક્ષણીક સંકુલ...

ધોરણ ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ તેમજ કોલેજના (BBA, BCA, B.Com, BA, B.Ed) વિદ્યાર્થીઓએ એમ કુલ ૧૦૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. શિક્ષકો અને સ્ટાફની ઉમદા કામગીરીઆ મહોત્સવની સફળતા પાછળ શાળાના તમામ શિક્ષકો અને સ્ટાફગણની રાત-દિવસની મહેનત રહેલી છે. દરેક શિક્ષકોએ વ્યકિતગત રસ લઈને વિદ્યાર્થીઓને વિવિધ રમતો માટે તૈયાર કર્યા હતા અને મેદાન પર પણ સતત ઉત્સાહ પૂરો પાડ્યો હતો. સ્ટાફના સહયોગ અને સુચારૂ સંચાલનને કારણે જ આટલું મોટું આયોજન નિર્વિઘ્ને પૂર્ણ થયું હતું. મેડલ અને પ્રમાણપત્રોનું વિતરણ દરેક રમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર ખેલાડીઓને મહાનુભાવોના હસ્તે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ તેમજ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર ત્રણ દિવસ દરમિયાન કુલ ૩૦૦થી વધારે શીલ્ડ અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર આયોજન સંસ્થાના ચેરમેન હર્ષાબા બી. જાડેજા અને આચાર્ય મયુરદ્વજસિંહ બી. જાડેજા તેમજ દિવ્યાબા એમ જાડેજા ની દેખરેખ હેઠળ પૂર્ણ થયું હતું.

### ભારતીય સૈના...

તૈયારી અને ઉજ્જવળ ભવિષ્ય માટે વિસ્તૃત અને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.યુવાનોમાં ભારતીય સેનામાં જોડાવા માટે અને લીડરશીપ ડેવલપ કરવા માટે વિસ્તૃત માહિતી આપવામાં આવેલહતી. આ આખા કાર્યક્રમનો મૂળ ઉદેશ આજની યુવા પેઢીને દેશપ્રેમ, સમર્પણ અને શિસ્તની ભાવનામાં વધારો થાય અને સેનાની ત્રણેયપાંખમાં કારકિર્દી બનાવવા માહિતી અને પ્રેરણા મળી રહે તે બાબતનો હતો.

## (૧૧માં પાનાનું ચાલુ)

### ડો. કિન્નરી ગુપ્તા

મોટાભાગની ગંભીર બીમારીઓથી બચી શકાય છે. તેમની પુસ્તકની મૂળભૂત ફાઉન્ડેશન ગુજરાતીઓની પ્રચલિત કહેવત જેવું અન્ન તેવું તન અને જેવું તન એવું મન પર આધારિત છે, જેને તેઓ ખૂબ જ સરળ અને વ્યવહારુ ભાષામાં લોકો સુધી પહોંચાડે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે માનવ શરીર ભગવાને બનાવેલું અત્યંત લવચીક (ફ્લેક્સિબલ) તંત્ર છે. વ્યક્તિ જે રીતે શરીરનો ઉપયોગ કરે, નિયમિત કસરત કરે અને સક્રિય રહે, તે મુજબ શરીર સાથ આપે છે. યોગ્ય જીવનશૈલી અપનાવવાથી ઉંમરને આગળ વધતા અટકાવી શકાય છે.

ડો. કિન્નરી ગુપ્તાએ જણાવ્યું હતું કે દૈનિક જીવનમાં વ્યક્તિ શું અનુભવે છે, તેની લાગણીઓ, વિચારધારા અને માનસિક સ્થિતિ-ફહહ આ બાબતો આયુષ્ય પર સીધી અસર કરે છે. સકારાત્મક વિચાર, સંતુલિત આહાર અને સક્રિય જીવનશૈલી લાંબા અને સ્વસ્થ જીવનની ચાવી છે.

### અશોક શાહ

તેમણે કહ્યું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં બાળકોને માત્ર પુસ્તકિયું જ્ઞાન પૂરતું નથી, પરંતુ નૈતિક મૂલ્યો, સંસ્કાર અને સંસ્કૃતિ સાથે ઘડતર થવું અત્યંત જરૂરી છે.

ક્રિષ્ના કિડ્સ પ્રિ-સ્કૂલ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે, જેમાં શિક્ષણ સાથે સંસ્કાર, શિસ્ત, સેવા ભાવ અને ભારતીય સંસ્કૃતિનો સંયોગ કરવામાં આવ્યો છે. આવા માહોલમાં ઉછરેલા બાળકો આવતીકાલે ઉત્તમ નાગરિક અને જવાબદાર સમાજ નિર્માતા બનશે, એમ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

### ‘ક્રિષ્ના કિડ્સ પ્રિ-સ્કૂલ

સામાજિક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ આ પહેલને આવનારી પેઢી માટે આશાસ્પદ ગણાવી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### એઈમ્સ

ડો. મોનાલી માકડિયા વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બર્ન્સ અટકાવ અને જનજાગૃતિ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.આ સાથે રાજકોટ મહાનગરપાલિકા (RMC)ના ચીફ ફાયર ઓફિસર અમિત દવે દ્વારા ફાયર ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અગ્નિસુરક્ષા, ફાયર એક્સટિંગ્યુઈશરનો યોગ્ય ઉપયોગ તથા ફાયર એમ્બ્યુલન્સ અંગે લાઈવ ડેમોન્સ્ટ્રેશન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓ અને નર્સિંગ સ્ટાફે મોક ડ્રિલમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.એઈમ્સ રાજકોટના બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. નુપુર અગ્રવાલે સમગ્ર બર્ન્સ અવેરનેસ સપ્તાહનું સફળ આયોજન અને સંચાલન કર્યું હતું. તેમણે ઓપરેશન થિયેટરમાં બર્ન્સ ટ્રીટમેન્ટ, ઈન્જરી મેનેજમેન્ટ તેમજ ડોક્ટર, દર્દી અને નર્સિંગ સ્ટાફની સુરક્ષા અંગે પણ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના અંતે ઈ-પોસ્ટર અને સ્કિટ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ આયોજનને સફળ બનાવવા માટે સમિતિના સભ્યો ડો. રાજ ડાંગરોસિયા (સિનિયર રેસિડેન્ટ), ડો. ત્રુષિત અને ડો. મોનિકા (જુનિયર રેસિડેન્ટ) તેમજ મમતા (નર્સિંગ ઓફિસર)એ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### સંગઠન માળખા...

સુનિલભાઈ કે. ગોહેલ, ધર્મિષ્ઠાબેન વાઘેલા, કિન્નરીબેન કે. ચૌહાણ, ચાંદનીબેન ડી. ગોંડલીયા, નિશાબેન એન. રાણપરા અને અરૂણાબેન એચ. પરમાર, કોષાધ્યક્ષ તરીકે મયુરભાઈ બી. શાહ અને કાર્યાલયમંત્રી પદે હિતેષભાઈ એસ. ઢોલરીયાની નિયુકતી કરાય છે.

મહામંત્રી પદ માટે જેનું નામ પ્રબળ દાવેદારોમાં માનવામાં આવતું હતુ તે પૈકીનાં એક એવા હાર્દિક એસ. બોરડને મીડિયા વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે. શ્યમા પી. ડાભીને સોશિયલ મીડિયા વિભાગ અને નીખીલેશ જે.રાઠોડને આઈટી વિભાગનો હવાલો સોંપાયો છે.

### કોર્પોરેશનની ચૂંટણીમાં...

છે. સંગઠનની ગાડી ચૂકી જનારાઓને હવે કોર્પોરેશનની ટિકીટ મળશે તેવી આશા જાગી છે. પરંતુ હાઈકમાન્ડ રાજકોટ માટે હંમેશા સરપ્રાઈઝ નિર્ણય લેતુ હોય છે.વિધાનસભાની ચૂંટણીમાં રાજકોટ જિલ્લાની ત્રણ બેઠકો પર ભાજપે સિટીંગ ધારાસભ્યોને રિપીટ કર્યા હતા. જયારે રાજકોટ શહેરમાં પૂર્વ મુખ્યમંત્રી અને મંત્રી સહિતના ચારેય ધારાસભ્યોને ફરી ટિકિટ આપી ન હતી. સંગઠન માળખામાં પણ જિલ્લા પ્રમુખ પદે અલ્પેશ ઢોલરિયાને રિપીટ કરવામાં આવ્યા છે. જયારે રાજકોટ શહેરના પ્રમુખ બદલવામાં આવ્યા છે. સંગઠન માળખામા જે રિતે નો રિપીટના નિયમની કડક અમલવારી કરવામાં આવી છે.તે રિતે કોર્પોરેશનની ચૂંટણીમા પણ જો આવું જ કરવામાં આવશે તો કેટલાકના રાજકારણ પૂરા થઈ જશે.

વર્તમાન બોર્ડની મુદત પૂરી થવાના આડે હવે એક માસ બાકી છે. ત્યારે અનેક કોર્પોરેટરો ફરી ટિકિટ મેળવવા માટે અત્યારથી જ છેડા શોધવા લાગ્યા છે.

### જસ્ટીસ ઈન્ડિયા...

સરકારની ન્યાય વ્યવસ્થામાં માનવ સંસાધન, આયોજન અને ઈચ્છાશક્તિની નિષ્ફળતા દર્શાવે છે.

ન્યાય કોઈ વિશેષાધિકાર નહીં તે દરેક નાગરિકનો અધિકાર છે ત્યારે ન્યાયપાલિકાનાં રેન્કિગમાં ગુજરાત ૧૪માં ક્રમાંકે છે.ગરીબ માટે ન્યાય પહેલાં સજાની સ્થિતિ સર્જાઈ છે. અહેવાલ દર્શાવે છે કે કાનૂની સહાય માટે જે બજેટ ફાળવાય છે, પરંતુ તેનો પૂરતો ઉપયોગ થતો નથી. ગ્રામ્ય વિસ્તારોમાં કાનૂની ક્લિનિક અને પેરાલિગલ વોલન્ટિયરો ઘટી રહ્યા છે પરિણામે ગરીબ નાગરિકો માટે ન્યાયના દરવાજા બંધ કરી રહ્યા છે. મહિલાઓ, દલિતો, આદિવાસીઓ અને ગરીબ વર્ગને ન્યાય સુધી પહોંચવામાં હજુ પણ ભારે અવરોધો છે. દેશભરમાં હાઈકોર્ટમાં માત્ર ૧૪ ટકા મહિલા ન્યાયાધીશો છે જે દર્શાવે છે કે મહિલાઓને સમાન તક ઉપલબ્ધ નથી આ શરમજનક છે. ગુજરાતમાં હાઈકોર્ટ જજની ૩૮.૫, નીચલી કોર્ટનાં જજની ૩૧.૧ ટકા જગ્યાઓ ખાલી છે. મહિલા ન્યાયાધીશોનું પ્રમાણ આશરે ૨૫ ટકા છે પરંતુ નીચલી અદાલતોમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ માત્ર ૨૦ ટકા છે. ગુજરાત હાઈકોર્ટનાં એક ન્યાયાધીશ પાસે સરેરાશ ૪૦૦૦થી વધુ કેસ છે. મોટ પાયે ન્યાય તંત્રમાં કર્મચારીઓ-ન્યાયધીશની ઘટને કારણે ન્યાયમાં વિલંબ હવે વ્યવસ્થાગત સમસ્યા બની ગયો છે. એક દસકામાં ગુજરાતની જેલ ૧૦૦ ટકાથી વધુ ભરાઈ છે. જેલોમાં ભારે ભીડ છે અને ૨૬.૨ ટકા કેદીઓ અન્ડરટ્રાયલ છે વર્ષો સુધી કેસ વિના જેલમાં રાખવામાં આવે છે. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગમાં સ્ટાફની ૫૦ ટકા જગ્યાઓ ખાલી, તપાસ અધિકારીઓની ૩૫ ટકાથી વધુ જગ્યાઓ ખાલી હોવાને કારણે ગુજરાત ૨૦ ક્રમાંક સાથે તળિયાનું સ્થાન મેળવ્યું છે. જે રાજ્ય સરકારની અસંવેદનશીલતા દર્શાવે છે. તપાસ અધિકારીઓમાં એક પણ મહિલાને સ્થાન નથી. પોલીસ તંત્રમાં, ન્યાયપાલિકામાં અને માનવ અધિકાર આયોગમાં ખાલી જગ્યાઓ તાત્કાલિક અસરથી ભરવામાં આવે, કાનૂની સહાય વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવે, ન્યાય વ્યવસ્થાને રાજકીય નિયંત્રણથી મુકત રાખવામાં આવે અને નાગરિકોને સરળતાથી ન્યાય મળેવી શકે તે સુનિશ્ચિત કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે

### કરબોજ ફગાવાશે...

અંદાજપત્ર તેમજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર મંજુર કરવા, આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે સામાન્ય કર અને શિક્ષણ ઉપકર નિયત કરવા, આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે પાણી દર નિયત કરવા, આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ચાર્જ નિયત કરવા, આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ નિયત કરવા, આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વાહન કર નિયત કરવા, આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે થિએટર ટેક્ષ નિયત કરવા, આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે મિલકત વેરામાં વળતર યોજના અમલી કરવા, આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઓનલાઈન પેમેન્ટમાં વળતર આપવા અને વર્ષ ૨૦૨૬-૨૭ માટે એન્વાયરમેન્ટ ચાર્જ નિયત કરવા જેવી દરખાસ્ત અંગે નિર્ણય લેવાશે.

# વિવિધ પ્રગતીશીલ પ્રોજેકટની સમીક્ષા કરતા મ્યુનિ. કમિશનર

### રેલનગર આવાસ યોજના, માધાપર નજીક જી.એસ.આર. તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ન્યારા ખાતે લીટરની ક્ષમતાનો અન્ડર ગ્રાઉન્ડ સંપ અને જી.એસ.આર. પ્રોજેક્ટની સ્થળ વિઝિટ કરી

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરાએ દ્વારા વોર્ડ નં.૩માં નવી બની રહેલી આવાસ યોજનાની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત ન્યારા ખાતે બની રહેલ ૩૪૨.૭૨ લાખ લીટરની ક્ષમતાનો અન્ડરગ્રાઉન્ડ સંપ, પમ્પહાઉસ, તથા વિવિધ પ્રકારનું સિવિલ કામ, ઘંટેશ્વર નજીક બની રહેલા જી.એસ.આર. પ્લાન્ટ સાઈટની પણ મુલાકાત લઈ મ્યુની. કમિશનરે કાર્ય પ્રગતિની સમીક્ષા કરી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ. ૧૧૯.૦૫ કરોડના ખર્ચે ટી.પી. ૧૯ (રાજકોટ) એફ.પી. ૧૨/એ તથા ૧૨/બી પર રેલનગર વિસ્તારમાં EWS- II પ્રકારના ૧૦૧૦ આવાસોની કામગીરી કાર્યરત છે. આવાસ યોજનાઓ ઈન્ટીગ્રેટેડ ઈન્કલુંઝીવ પ્રકારની બનાવવામાં આવેલ છે. જેમાં આવાસોની આંગણવાડી તેમજ શોપિંગ સેન્ટરનું નિર્માણ પણ કરવામાં આવેલ છે. જેથી નાગરિકોને રોજ-બરોજની જીવન જરૂરિયાતની વસ્તુઓ નજીકના વિસ્તારમાં મળી રહે.

# વલભીપુર નજીક બોલેરો પીકપવાનના ચોરખાનામાંથી ૩.૧૦.૩૨ લાખના દારૂ સાથે રાજસ્થાની ઝડપાયો

### એલસીબી એ દરોડો પાડી ₹૩૫૦૪ બોટલ શરાબ, બોલેરો અને મોબાઈલ મળી ૧૫.૩૭ લાખનો મુદ્દામાલ કબજે, જુનાગઢના બાપુ સહિત ચાર શખ્સોની શોધખોળ

**અબતક, રાજકોટ**

જે જગ્યા ભાવનગર જિલ્લાના વલભીપુર નજીક ચામુંડા હોટલ નજીક એલસીબીએ દરોડો પાળી બોલેરો પીકપ વાનના ચોર ખાનામાં છુપાવેલો ૧૦.૩૨ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે રાજસ્થાની ચાલકની ધરપકડ કરી છે પોલીસે ૩૫૦૪ બોટલ શરાબની અને વાહન મળી ૧૫.૩૭ લાખનો મુદ્દા માલ કબજે કરી નાખી છૂટેલા જૂનાગઢના બાપુ નામના સક્ષ સહિત પાંચ શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ભાવનગર જિલ્લામાં દારૂ અને જુગારની બધી દામી દેવા એસપી નિતેશ પાંડે દ્વારા આપેલી સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ એઆર વાળા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ધંધુકા તરફથી બજ્ઞહયજ્ઞિ ।શભસી। વાનમાં રાજસ્થાની જગદીશ કુમાર ઉદયરામ ચારણ નામનો વિદેશી દારૂનો જથ્થો ભરીને ભાવનગર તરફ આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે વલભીપુર નજીક ચામુંડા હોટલ સામે વોચ ગોઠવી હતી ત્યારે જીજે ૮ એ યુ ૫૭૦૬ નંબરની બજ્ઞહયજ્ઞિ વાન ને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૧૦.૩૨ લાખની કિંમતના ₹૩૫ ૦૪ બોટલ વિદેશી દારૂ સાથે જગદીશ ચારણ ની ધરપકડ કરી હતી પોલીસે ઝડપ પહેલા સક્ષની પ્રાથમિક પૂછપરછમાં આદારોનો જથ્થો જુનાગઢના ડુંગરપુર ના બાપુ નામે ઓળખાતા શકશે મંગાવ્યો હોવાની અને રાજસ્થાનના હનુમાન બિસ્નોઈ, વિકાસ બિસનોઈ, માંગીલાલ બિસનોઈ એ મોકલ્યા હોવાનું ખૂલતા તમામની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# સરદારનગર મેઈન રોડ પરથી ઓનલાઈન આઈડી મારફતે સટ્ટો રમાડતો બિરજુ ઝડપાયો

### અમદાવાદથી ભાયાવદર જતો હતો ત્યારે રાજકોટ મિત્રના ઘરે આવી અને દાવ લેતો ’તો, પોરબંદરના અશોકનું નામ ખુલ્યું

**અબતક, રાજકોટ**

સરદારનગર મેઈન રોડ પર આઈડીઓ ફોરવર્ડ કરી ઓનલાઈન જુગાર રમાડતો ભાયાવદરના લિસ્ટેડ પંટરને ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ અનિલ સોનારા, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી અને કોન્સ્ટેબલ રાજેશભાઈ ચાવડાને ૧૫૦ રીંગ રોડ, બાલાજી હોલ પાસે બીરજુ સુરેશ માકડીયા નામનો શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચ, કસીનો, તીનપતી તથા અન્ય ગેમ્સમાં પૈસાની હારજીતનો જુગાર રમવાની આઈ.ડી. ગ્રાહકોને ફોરવર્ડ કરી રમાડી રહ્યો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે સરદારનગર મે.રોડ, લેઉવા પટેલ બોર્ડીંગની સામે રોડ પરથી તે શખ્સને પકડી પાડી નામ પુછતા પોતાનું નામ બીરજુ સુરેશ માકડીયા (ઉવ.૩૬, ધંધો ખેતી, રહે, આસ્થા એપાર્ટમેન્ટ, ફલેટ નં.૪૦૪, જુની મ્યુનીસીપાલ હાઈસ્કુલ સામે, ભાયાવદર) હોવાનું જણાવ્યું હતું.

વધુમાં પોલીસે તેનો મોબાઈલ ફોન ચેક કરતાં તેમાં અલગ અલગ આઈડીની લિંક સર્ચ થયેલ અને બાબતે પુછતા આ બંન્ને આઈડીઓમાં પોતે સટ્ટાનો જુગાર રમાડતો હોવાનુ જણાવેલ હતું.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સે પોરબંદરના અશોક નામના બુકી પાસેથી બંને આઈડીઓ મેળવી હતી જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે પોરબંદરના અશોકની ધરપકડ કરવા પણ તજવીજ હાથ ધરી છે. ઉપરાંત તે હાલ અમદાવાદ રહેતો હોવાનુ અને ત્યાંથી તે પોતાના ઘરે ભાયાવદર થતો હતો ત્યારે રાજકોટ રહેતા મિત્રના ઘરે આટો મારવા રોકાયો હતો અને તે દરમિયાન જ ક્રિકેટ મેચ પર દાવ લેતો હતો અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ત્રાટકી હતી.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**જસદણઃ** લેઉઆ પટેલ જયાબેન હીરપરા (ઉ.વ.૭૫) તે જાણીતા રેડિયોવાળા નરશીભાઈ મોહનભાઈ હીરપરાના પત્ની, સ્વ શૈલેષભાઈ, પંકજભાઈ, ભાવનાબેન, વિલાસબેનના માતા, કિશનભાઈના દાદી, હર્ષાબેન, જોશનાબેનના સાસુનુ તા.૮ ને રવિવારના રોજ જસદણ મુકામે અવસાન થયેલ સદ્‌ગતનું બેસણું તા.૯ ને સોમવારના રોજ સવારથી સાંજ સુધી તેમનાં નિવાસસ્થાન બજરંગનગર, વેકરીયા વાડી નજીક જસદણ ખાતે રાખવામાં આવેલ છે.

**ગોંડલઃ** ગોંડલ દેવચડી સ્વ. ગીરધરભાઈ (બટુકભાઈ) પરસોતમભાઈ ધામેલીયા તે મગનભાઈ પરસોતમભાઈ ધામેલીયાના નાના ભાઈ, મુકતાબેનના મોટા ભાઈ, સ્વ. વિનોદભાઈ, કિશોરભાઈ, નટુભાઈ, અશોકભાઈના પિતા, શશીકાંતભાઈ, હરેશભાઈના કાકા, ભાવેશભાઈ, સુમિતભાઈના દાદાનું તા. ૬ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટઃ** નથુ તુલસી ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિના સ્વ. હર્ષદભાઈ પ્રભુભાઈ જોશી (ઉ.વ.૭૪) નું અવસાન થયેલ છે. તે સ્વ. રંજનબેનના પતિ, પ્રજ્ઞાબેન, શિલ્પાબેન અલ્પેશભાઈના પિતા, યશવંતભાઈ, સ્વ. મેનાબેન, મુકેશભાઈના મોટાભાઈ, નીરુબેન, સ્મિતાબેનના જેઠ, પ્રિયાબેન, જિગ્નેશકુમાર, મેહુલકુમારના સસરા, મંથનના દાદા, માનસી, જીયા, તક્ષના નાના, પ્રકાશભાઈ, પરેશભાઈ, ભાવનાબેન વંદનાબેન, જીલબેનના મોટાબાપુ, અરવિંદકુમાર વ્યાસના મોટા સાળા, સ્વ. પોપટભાઈ ઠાકરના જમાઈ થાય, તેમનું બેસણું તા. ૯ ના બપોરે ૪ થી ૬ વાગે કોમન પ્લોટ શાસ્ત્રીનગર, નાના મૌવા, રાજકોટ રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી અ.ની. કાંતિલાલ વિઠ્ઠલજી કકકડના પત્ની શાંતાબેન કાંતિલાલ કકકડ (ઉ.વ.૮૯) નું તા. ૮-૨ (રવિવાર)ના રોજ અવસાન થયેલ છે. તે અ.ની. જયેશભાઈ, નવીનભાઈ, બાબાભાઈ તેમજ અ.ની. રસિકભાઈ કાંતિલાલ કકકડ તથા દક્ષાબેન શૈલેષકુમાર બુધ્ધદેવના માતા, ચિરાગભાઈ, દર્પણભાઈ, જેવીનભાઈ, રવિભાઈ, નિરવભાઈ, અમીબેન, ટમીબેન, સોનલબેન તેમજ નિધીબેનના દાદીમા તથા સ્વ. મણિલાલ નરસીદાસ નંદાણીના દીકરી અને સ્વ. કાંતિલાલ અને સ્વ. નટુભાઈ મણિલાલ નંદાણીના બહેન થાય તેમની પ્રાર્થના સભા (પિયર પક્ષની સાથે તા. ૯-૨ સોમવાર સાંજે ૪.૩૦ થી ૬ કલાકે બીએપીએસ સ્વામીનારાયણ મંદિર, યોગી સભા ગૃહ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** અરવિંદભાઈ ગગજીભાઈ ચાવડાના પત્ની સ્વ. ભાનુમતિ અરવિંદભાઈ ચાવડાનું તા. ૯ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૩-૨ ને શુક્રવારના રજ શ્રી ગોરેશ્વર મહાદેવ મંદિર, હંસરાજ નગર મેઈન રોડ, જંકશન કો.ઓ. હાઉસીંગ સોસાયટી શેરી નં.૭ રાજકોટ ખાતે સાંજે ૫ થી ૬ દરમિયાન રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ભાજપના કોર્પોરેટર સંજયસિંહ રાણાની કથિત બિભત્સ ચેટ વાયરલ

## વોર્ડ નં.૧૮ના જ મહિલા કાર્યકર સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બિભત્સ ચેટ કરતા હોવાનું સામે આવતા ખળભળાટ: વોર્ડના જ આગેવાને ખેલ પાડ્યો હોવાની ચર્ચા

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની ચુંટણીના આડે હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે ત્યારે શાસક પક્ષ ભાજપના કોર્પોરેટર ફરી એક વખત વિવાદમાં આવ્યા છે. વોર્ડ નં.૧૮ના નગરસેવક સંજયસિંહ રાણાની કથિત બિભત્સ ચેટ સોશિયલ મીડિયા પર વાયરલ થતા ખળભળાટ મચી જવા પામ્યો છે. વોર્ડના જ મહિલા કાર્યકર સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બિભત્સ ચેટ કરતા હોવાનું સામે આવ્યું છે. વોર્ડના અન્ય આગેવાને ખેલ પાડી દીધો હોવાની ચર્ચા ચાલી રહી છે.

વોર્ડ નં.૧૮માં ભાજપના ચારેય કોર્પોરેટરો વચ્ચે છેલ્લા ઘણા સમયથી અણબનાવ ચાલી રહ્યો છે. બે જૂથમાં ચાર કોર્પોરેટરો વેચાઈ ગયા છે. અનેક વખત અધિકારીઓ કે પદાધિકારીઓની હાજરીમાં પણ ચકમક ઝરી ચુકી છે. હવે જ્યારે કોર્પોરેશનની ચુંટણી નજીક આવી



રહી છે ત્યારે બંને જૂથો એકાબીજાને ટિકિટ ન મળે તે માટે સક્રિય થઈ ગયા હોય તેવું લાગી રહ્યું છે. વોર્ડના કોર્પોરેટર સંજયસિંહ રાણા વોર્ડના જ મહિલા કાર્યકર સાથે વોટ્સએપ્પ પ્લેટફોર્મ પર બિભત્સ ચેટ કરતા હોવાનું વાયરલ થયું છે. જેમાં ખૂબ જ ગંદી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. વોર્ડ નં.૧૮ના ડખ્ખાએ હવે શહેર ભાજપને શરમજનક સ્થિતિમાં મૂકી દીધું છે. કોર્પોરેટરોની અંગત બાબતો હવે જાહેર થવા માંડી છે. વોર્ડના જ એક આગેવાને આ ખેલ પાડી દીધો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ અંગે કોઈ મોંઢુ ખોલવા તૈયાર નથી.

વર્તમાન બોડીમાં મોટાભાગના વોર્ડમાં સાથી કોર્પોરેટરો વચ્ચે ડખ્ખા ચાલી રહ્યા છે. અમૂક વોર્ડમાં તો કોર્પોરેટરોને બોલવાના પણ સંબંધો રહ્યા નથી. આવામાં ચુંટણી સમયે જ ભાજપના કોર્પોરેટરની મહિલા કાર્યકર સાથેની બિભત્સ ચેટ વાયરલ કરવા પાછળ મોટું ષડયંત્ર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. શિસ્તબધ્ધ ગણાતી ભારતીય જનતા પાર્ટી હવે કાર્યકરો અને ચુંટાયેલા જનપ્રતિનિધિઓના કારનામાના કારણે મુશ્કેલીમાં મૂકાઈ રહી છે.

### કોંગ્રેસમાં પણ ડખ્ખો: પ્રમુખ સામે પૂર્વ કોર્પોરેટરનો બળાપો

કોંગ્રેસમાં પણ ડખ્ખા જોવા મળી રહ્યા છે. શહેર કોંગ્રેસના પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજા સામે કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર પ્રવિણ સોરાણીએ બળાપો ઠાલવ્યો છે. જો શક્તિ ન હોય તો રાજીનામું આપી દેવું જોઈએ તેવી સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી ફૂકરી ગાંડી કરી છે. જેની સામે પ્રમુખે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી છે. જો કે, શહેર કોંગ્રેસમાં જેટલા નેતા એટલા જૂથની વર્ષો જૂની પરંપરા છે. જેના કારણે પક્ષને એકપણ ચુંટણીમાં સફળતા મળતી નથી. હવે કોર્પોરેટરના પતિદેવ, પૂર્વ કોર્પોરેટર પ્રવિણ સોરાણીએ વર્તમાન પ્રમુખ સામે બળાપો ઠાલવતા આગામી દિવસોમાં વિવાદ વધુ વકરે તેવું લાગી રહ્યું છે.

# જનતાની સમસ્યાઓ હલ કરવામાં ભાજપના શાસકો નિષ્ફળ: રાજદીપસિંહ જાડેજા

## વોર્ડ નં.૧૬ના નીલકંઠ સિનેમા વિસ્તારમાં કોંગ્રેસના જનસંપર્ક અભીયાનને જનતાનો જબ્બર પ્રતિસાદ

**અબતક, રાજકોટ**

કોંગ્રેસ આપને દ્વાર - જનતાની વેદના અભિયાન અંતર્ગત રાજકોટ શહેરના વોર્ડ નં. ૧૬ના નીલકંઠ સિનેમા, મેહુલ નગર વિસ્તારમાં કોંગ્રેસની ટીમ દ્વારા વ્યાપક જનસંપર્ક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં જોડાઈ ખુલ્લેઆમ પોતાની સમસ્યાઓ, પ્રશ્નો અને અપેક્ષાઓ વ્યક્ત કરી કોંગ્રેસને સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. જનસંપર્ક દરમિયાન લોકોએ વધતી મોંઘવારી, યુવાનોમાં બેરોજગારી, પાણી પુરવઠાની અનિયમિતતા, ખાડાવાળા રસ્તાઓ, ટ્રાફિક સમસ્યા, સામાન્ય લોકો ને ટેક્સ માટે હેરાન કરવા,સ્થાનિક વહીવટની નિષ્ક્રિયતા જેવા ગંભીર મુદ્દાઓ ઉપર અસંતોષ વ્યક્ત કર્યો હતો. નાગરિકોએ જણાવ્યું હતું કે વર્તમાન સત્તાધીશો જનતાની અવાજ સાંભળવામાં નિષ્ફળ રહ્યા છે.આ પ્રસંગે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, જનતા આજે જવાબ માંગે છે અને કોંગ્રેસ તે જવાબ મેળવવા માટે રસ્તા પરથી લઈ તંત્ર સુધી સંઘર્ષ કરશે. નીલકંઠ સિનેમા પાસે, મેહુલ નગર સહિત સમગ્ર વોર્ડમાં લોકોનો પ્રતિસાદ સ્પષ્ટ સંદેશ આપે છે કે જનતા હવે બદલાવ ઈચ્છે છે. કોંગ્રેસ જનતાની સાથે છે અને તેમની



લડતને લોકશાહી રીતે આગળ વધારશે.આ જનસંપર્ક કાર્યક્રમ દ્વારા કોંગ્રેસ અને જનતા વચ્ચેનો સંવાદ વધુ મજબૂત બન્યો છે. વોર્ડ નં. ૧૬ નીલકંઠ સિનેમા ના વિસ્તારમાં મળેલા ઉત્સાહજનક પ્રતિસાદથી સ્પષ્ટ થાય છે કે લોકો કોંગ્રેસ સાથે ઉભા છે અને પોતાના હક્કો માટે સંગઠિત થવા તૈયાર છે. જનતાની વેદનાને અવાજ આપવા અને જવાબ દારી નિભાવવામાં કોંગ્રેસ સતત મેદાનમાં રહેશે.વોર્ડ નંબર ૧૬ માં જનસંપર્ક દરમિયાન રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજા, સુરેશભાઈ ગરૈયા, રસીલાબેન ગરૈયા, દિમીબેન સોલંકી, ઈબ્રાહીમભાઈ સોરા, રહીમભાઈ સોરા, મનોજભાઈ ગઢવી, સિકંદરભાઈ ડાકોરા, બુખારી બાપુ, અફઝલભાઈ મેતર, તુષારભાઈ ગરૈયા, ઉમરભાઈ સોરા, રમેશભાઈ ગરૈયા, કમલેશભાઈ વેકરીયા, અભય ભાઈ ગરૈયા, જયદીપ મયાત્રા, ઉપસ્થિત રહ્યા હતા

# સૌરાષ્ટ્ર યુનિ.ના કેરીયર કાઉન્સેલીગ સેન્ટર દ્વારા વર્ગ ૩ની સરકારી નોકરીઓ માટે કોચીંગ વર્ગો યોજાશે

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી મારફત જુદી-જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની સચોટ તાલીમ અને તજજ્ઞ નિષ્ણાંતોના માધ્યમથી કરવામાં આવે છે. જેના કારણે સૌરાષ્ટ્ર વિસ્તારના અનેક છાત્રોને સરકારી નોકરી મેળવવાનું સ્વપન સાકાર થયેલ છે. સીસીડીસીના તાલીમ વર્ગોમાં દરરોજ સીલેકટેડ ટોપીક ઉપર માર્ગદર્શન, સ્વચકાસણી સ્વરૂપ એમ.સી.કયુ. પરીક્ષા, જ્ઞાનના સાગર રૂપી ઈનહાઉસ લાયબ્રેરી તથા પરીક્ષામાં સફળતા મેળવે તે પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, વર્ગ-૩ (ગ્રુપ-એ તથા બીઈ) દ્વારા સમાજ કલ્યાણ નિરીક્ષક-૧૨૫, કાર્યાલય અધિક્ષક-૩, મહેસૂલી કલાર્ક-૧૬૦૦, હેડ કલાર્ક-૧૩૪, સિનિયર કલાર્ક-૫૦૩ અને જુનિયર કલાર્ક-૩૦૦૫ મળી કુલ ૫,૩૭૦ જગ્યાઓની ભરતી કરવામાં આવનાર છે. આ માટે ભરતીની જાહેરાતના અનુસંધાને સી.સી.ડી.સી., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ૨૫-૦૨-૨૦૨૬ ને બુધવારથી સી.સી.ડી.સી. ખાતે પ્રાથમિક પરીક્ષાના તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રાથમિક પરીક્ષાના અભ્યાસક્રમમાં ગુજરાતી, અંગ્રેજી, કવોન્ટીટીવ એપ્ટીટયૂડ અને રીઝનીંગ જેવા વિષયોની સઘન તાલીમ આપવામાં આવશે ઉપરોક્ત તાલીમવર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો તા. ૨૩-૦૨-૨૦૨૬ સુધીમાં ગ્રાઉન્ડ ફલોર, સીસીડીસી બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, ગૌણ સેવા પસંદગી મંડળનું ઓનલાઈન ભરેલ ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી. પ્રુફ, છેલ્લી માર્કશીટ અને સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવાનું શહેશે. રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરવા જણાવાયું છે.

# રાજકોટ ડિવિઝનની ૨ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવાયા

**અબતક,રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે રાજકોટ ડિવિઝન માં થી થઈને જતી ૨ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રેન નંબર ૦૯૫૬૨/૦૯૫૬૧ ઓખા-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૫૬૨ ઓખા - બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૬૧ બાંદ્રા ટર્મિનસ - ઓખા સાપ્તાહિક સ્પેશિયલને ૨૫ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૦૧૮/૦૯૦૧૭ વેરાવળ-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૦૧૮ વેરાવળ - બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલને ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૧૭ બાંદ્રા ટર્મિનસ - વેરાવળ સાપ્તાહિક સ્પેશિયલને ૨૯ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ઉપરોક્ત તમામ આરક્ષિત ટ્રેનોના લંબાવવામાં આવેલા ફેરાનું બુકિંગ ૦૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી તમામ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# સફાઈ કામદારોના પડત્તર પ્રશ્ને કામદાર યુનિયનની વિશાળ રેલી

## હોસ્પિટલ ચોકથી કોર્પોરેશન કચેરી સુધી રેલી યોજી તંત્રને ઢંઢોળવાનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

સફાઈ કામદારોના વિવિધ પડત્તર પ્રશ્ને ફરી એકવાર રાજકોટ કામદાર યુનિયન મેદાનમાં આવ્યું છે. આજે સવારે હોસ્પિટલ ચોક સ્થિત ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસેથી કોર્પોરેશન કચેરી સુધી વિશાળ રેલી યોજી તંત્રને ઢંઢોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં પડત્તર પ્રશ્નો હલ નહિં થાય તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે તેવી પણ જાહેરાત કરવામાં આવી છે.

રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયાની આગેવાનીમાં આજે એક વિશાળ રેલી યોજાઈ હતી. જેમાં કાયમી સફાઈ કામદારોની, મિત્ર મંડળ સફાઈ કામદારો, કોન્ટ્રાક્ટ આધારિત સફાઈ કામદારોના વિવિધ પ્રશ્ન ઝડપથી ઉકેલવાની માંગ કરવામાં આવી હતી. કોર્પોરેશન કચેરીના પ્રવેશ દ્વારે ઉગ્ર સુત્રોચ્ચાર પોકારવામાં આવ્યા હતા. જી.ડી.અજમેરા સફાઈ કોન્ટ્રાક્ટર દ્વારા સફાઈ કામદારોનું શોષણ કરી કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં




આવ્યું છે. જેની પોલીસ ફરિયાદ કરી સંપૂર્ણ રકમ રિકવર કરી સફાઈ કામદારોના ખાતામાં જમા કરાવવાની માંગ કરાય હતી. આ ઉપરાંત તમામ કાયમી, કોન્ટ્રાક્ટ બેઈઝ અને મિત્ર મંડળના સફાઈ સૈનિકોને નિ:શુલ્ક સિટી બસના પાસ આપવા અને રાજકોટ કામદાર યુનિયનને કોર્પોરેશન કચેરીમાં ઓફિસ આપવાની માંગણી કરાય હતી.

# આત્મનિર્ભર ભારત તરફ ગુજરાતનું મજબૂત કદમ: કઠોળ ઉત્પાદન છ વર્ષમાં થયું બમણું

## કાલે વિશ્વ કઠોળ દિવસ: ચણાનો રાજ્યના કુલ કઠોળ ઉત્પાદનમાં ૭૦ ટકાથી વધુ હિસ્સો

**અબતક, રાજકોટ**

ગુજરાતે કૃષિ ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ‘આત્મનિર્ભર ભારત’ મિશનને સાકાર કરતી દિશામાં રાજ્ય સરકારે લીધેલા નિર્ણયો અને ખેડૂતોની મહેનતના પરિણામે ગુજરાતમાં કઠોળ પાકોના ઉત્પાદનને છેલ્લા છ વર્ષમાં બમણું કરવાનું સિદ્ધ થયું છે. રાજ્ય આજે દેશના અગ્રણી કઠોળ ઉત્પાદક રાજ્યોમાં સ્થાન મેળવી ચૂક્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પૂરતું સિંચાઈ પાણી, આધુનિક ખેતી પદ્ધતિઓ અને પોષણક્ષમ ટેકાના ભાવ ઉપલબ્ધ કરાવાતા ખેડૂતો હવે પરંપરાગત પાકોથી આગળ વધીને કઠોળની ખેતી તરફ વધુ વળ્યા છે. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ વિશ્વ કઠોળ દિવસના અવસરે આ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં કઠોળ પાકોના વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતા-ત્રણે ક્ષેત્રે નોંધપાત્ર વધારો નોંધાયો છે.

વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન રાજ્યમાં કઠોળ પાકોનું કુલ ઉત્પાદન ૧૦.૫૮ લાખ મેટ્રિક ટન હતું, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૨૧.૫૨ લાખ મેટ્રિક ટન સુધી પહોંચ્યું છે. આ સમયગાળા દરમિયાન વાવેતર વિસ્તાર ૯ લાખ હેક્ટરથી વધીને ૧૪.૩૯ લાખ હેક્ટર થયો છે, જ્યારે ઉત્પાદકતા પણ ૧,૧૭૩ કિલોગ્રામ પ્રતિ હેક્ટરથી વધીને ૧,૪૯૫ કિલોગ્રામ પ્રતિ હેક્ટર નોંધાઈ છે.

ગુજરાતમાં ચણા કઠોળ પાકોમાં સૌથી અગત્યનું સ્થાન ધરાવે છે અને રાજ્યના કુલ કઠોળ ઉત્પાદનમાં ૭૦ ટકાથી વધુ હિસ્સો ચણાનો છે. ચણાનું ઉત્પાદન ૨૦૧૯-૨૦માં ૬.૩૬ લાખ મેટ્રિક ટન હતું, જે ૨૦૨૪-૨૫માં અઢી ગણાથી વધુ વધીને ૧૫.૬૩ લાખ મેટ્રિક ટન થયું છે. સાથે જ તુવેરના ઉત્પાદનમાં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં ૪૫ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે.

અડદ, મગ, મઠ જેવા અન્ય કઠોળ પાકોના વાવેતરમાં પણ વધારો થયો છે. ખાસ કરીને કચ્છ અને ઉત્તર ગુજરાતના સૂકા વિસ્તારોમાં મઠનું વાવેતર ખેડૂતો માટે આવકનો સારો સ્રોત બની રહ્યું છે. ‘સૌની યોજના’ અને ‘સુજલામ સુફલામ’ જેવી રાજ્ય સરકારની યોજનાઓથી સિંચાઈ સુવિધાઓ વિસ્તરી છે, જ્યારે કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વિકસાવેલી સુધારેલી જાતોના ઉપયોગથી પ્રતિ હેક્ટર ઉત્પાદન વધ્યું છે.

રાજ્યમાંથી કઠોળની નિકાસમાં પણ વધારો થતા ખેડૂતોનો ઉત્સાહ વધ્યો છે. આમ, ગુજરાતમાં કઠોળ ઉત્પાદનમાં આવેલી આ ક્રાંતિ રાજ્યની કૃષિ નીતિઓ, વૈજ્ઞાનિક અભિગમ અને ખેડૂતોની અવિરત મહેનતનું ઉત્તમ ઉદાહરણ બની છે.

# હનુમાન મઢી પાસેના કાફેમાં બે યુવક પર ટોળાનો હુમલો

## હુમલો કરી ફરાર થયેલા મુખ્ય આરોપી મયંક અને સુરેશને ગણતરીની કલાકોમાં પોલીસે દબોચી લીધા

**અબતક, રાજકોટ**

શહેરના રૈયા રોડ પર હનુમાન મઢી પાસે આવેલ એક ઢોસા કાફેમાં મોડી રાત્રે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. ઢોસા જલ્દી બનાવી આપવા જેવી બાબતે મયંક નામના શખ્સ અને તેના ૮ થી ૧૦ લોકોએ કાફેના સંચાલકો પર છરી વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. આ હુમલામાં બે વ્યક્તિઓને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે આ મામલે હુમલાનો ગુનો નોંધી આરોપી મયંક અને સુરેશને નશાની હાલતમાં ગણતરીની કલાકોમાં ઝડપી પાડ્યા છે.

મળતી વિગત મુજબ, સાધુ વાસવાણી રોડ પર કૈલાશ પાર્કમાં રહેતા અબુબકરભાઈ મહમદહનીફ રાઉટર (ઉ.વ. ૪૫) અને આરીફભાઈ અહમદભાઈ (ઉ.વ. ૨૪) રાત્રિના બાર વાગ્યા આસપાસ રૈયા રોડ પરના પોતાના ઢોસા કાફેમાં હાજર હતા. આ સમયે આરોપી મયંક નશાની હાલતમાં ત્યાં આવ્યો હતો અને ’મને તાત્કાલિક ઢોસા બનાવી આપ’ તેમ કહી દાદાગીરી કરવા લાગ્યો હતો. ભોગ બનનારના જણાવ્યા અનુસાર, આરોપી મયંક અવારનવાર કાફેમાં જમવા આવતો હતો અને પૈસા આપ્યા વગર જ જતો રહેતો હતો. ગઈકાલે રાત્રે પણ તે નશામાં હોવાથી ઝઘડો કરવા લાગ્યો હતો. અને ૮ થી ૧૦ સાથીદારોએ કાફેમાં અબુબકરભાઈ તથા આરીફભાઈ પર છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા બંને યુવાનોને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે મુખ્ય આરોપી મયંક મૂળ તમિલનાડુનો વતની છે. પોલીસે આ મામલે હુમલાનો ગુનો નોંધી આરોપી મયંક અને સુરેશને નશાની હાલતમાં ગણતરીની કલાકોમાં ઝડપી પાડ્યા છે.

# હિરાસર એરપોર્ટ પર ઈમીગ્રેશન અને આંતરરાષ્ટ્રીય વિમાન સેવા શરૂ કરાવવા ચેમ્બરની રજૂઆત

## ચેમ્બર પ્રમુખ વીપી વૈશ્નવે ગૃહમંત્રી-ઉડયન મંત્રીઓને પત્ર પાઠવી રાજકોટની વિમાન સેવાની સુવિધા વધારવા કરી માંગ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટને આંતરરાષ્ટ્રીય કક્ષાનું એરપોર્ટ મળ્યું છે ત્યારે એરપોર્ટ પર જ ઈમીગ્રેશન સુવિધા અને આંતરરાષ્ટ્રીય ફલાઈટોની સવલત માટે ચેમ્બર પ્રમુખ વી.પી. વૈશ્નવ અને આગેવાનોએ કેન્દ્રીય ગૃહ મંત્રી અમીતભાઈ શાહ અને ઉડયન મંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી છે. રાજકોટ ખાતે આશરે સવા બે લાખથી વધુ એકમો કાર્યરત હોય અને આયાત-નિકાસ પણ દિન પ્રતિનિધિ વધી રહયું છે. સાથે જ સમગ્ર સૌરાષ્ટ્ર ઔતિહાસીક સ્થળોથી પથરાયેલું હોવાથી વિદેશીઓ સહિત અન્ય રાજયોના પ્રવાસીઓની સંખ્યા પણ વધી રહી છે. ત્યારે હાલમાં રાજકોટ (હિરાસર) ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી આશરે ૨૯ જેટલી ડોમેસ્ટીક ફલાઈટોનું આવન-જાવન થઈ રહ્યું છે. ત્યારે રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નિર્માણ થવાને આશરે સવા બે વર્ષ થઈ ગયેલ હોય ઈન્ટરનેશનલ ફલાઈટો એક પણ ઉડાન ભરી રહી નથી. ત્યારે ઈન્ડીગો એરલાઈન્સ સાથે મૌખીક ચર્ચા થયા મુજબ તેઓ રાજકોટ-દૂબઈ અને રાજકોટ-બેન્કોક માટેની ફલાઈટ શરૂ કરવા માટે તૈયાર છે પરંતુ ઈમીગ્રેશનની સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે તે શક્ય બની રહયું નથી. જયારે કસ્ટમ્સ કલીયરન્સની સંપુર્ણ પ્રક્રિયા પુર્ણ થઈ ગયેલ છે. વધુમાં રાજકોટ (હિરાસર) ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઈમીગ્રેશનની સુવિધા માટે અમદાવાદની ટીમ દ્વારા છેલ્લા નવ માસ પહેલા સર્વે કરવામાં આવેલ હતો અને તેઓ દ્વારા જે સુચનો આપવામાં આવેલ હતા તે પ્રમાણે તમામ ફેરફારો પણ થઈ ગયેલ છે અને તાજેતરમાં જ ત્રણેક માસ પહેલા આ જ કંપની દ્વારા બીજીવાર પણ સર્વે કરવામાં આવેલ હતો અને તમામ વ્યવસ્થાઓ બરાબર હોવાનો અભિપ્રાય પણ આપેલ છે. પરંતુ આજ દીન સુધી ઈમિગ્રેશનની સુવિધા માટે ભારત સરકારના



ગૃહમંત્રાલય દ્વારા મંજુરી મળેલ નથી. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અગાઉ પણ ઈમીગ્રેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ભારત સરકારના કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહને પત્ર લખી કરજુઆત કરવામાં આવેલ હતી.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, ઉડયનમંત્રી કિન્નજારપ્પુ રામમોહન નાયડુ, ઉડયનમંત્રી મુરલીધર મોહોલજી, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સમક્ષ તાત્કાલીક અસરથી રાજકોટ (હિરાસર) ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઈમીગ્રેશનની સુવિધા શરૂ કરાવાવા માટે રજુઆત કરવામાં આવેલ છે.

# ડેન્ગ્યૂ-મેલેરિયાનો એક-એક કેસ નોંધાયો: મચ્છરો ઉત્પતિ સબબ ૧૭૫ને નોટિસ

## શરદી-ઉધરસના ૯૩૯, સામાન્ય તાવના ૮૧૦, ઝાડા-ઉલ્ટીના ૧૮૬ કેસ મળી આવ્યા: પાણીના તમામ ૧૨૭૯ નમૂના ક્લોરિન ટેસ્ટમાં પાસ

**અબતક, રાજકોટ**

શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યૂ અને મેલેરિયા તાવના નવા એક-એક કેસ મળી આવ્યા છે. મચ્છરોની ઉત્પતિ સબબ ૧૭૫ આસામીઓને નોટીસ ફટકારવામાં આવી છે. પાણીજન્ય રોગચાળાની અટકાયત માટે શહેરભરમાંથી લેવામાં આવેલા પીવાના પાણીના તમામ ૧૨૭૯ નમૂના ક્લોરિન ટેસ્ટમાં પાસ થયા છે.

આજે કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. ગત સપ્તાહે શહેરની અલગ-અલગ સરકારી ખાનગી હોસ્પિટલોમાંથી શરદી-ઉધરસના ૯૩૯ કેસ, સામાન્ય તાવના ૮૧૦ કેસ, ઝાડા-ઉલ્ટીના ૧૮૬ કેસ મળી આવ્યા હતા. આ ઉપરાંત મેલેરિયા અને ડેન્ગ્યૂ તાવનો પણ એક-એક કેસ મળી આવ્યો હતો. મચ્છરજન્ય રોગચાળાની અટકાયત માટે ફિલ્ડવર્કરો દ્વારા ૧૭૩૫૬ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. જ્યારે ૧૦૯૫ ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યું હતું. બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોસ્ટેલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્સ, ભંગારના ડેલા, સેલર, હોલ, વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ અને સરકારી કચેરી સહિત બિન રહેણાંક હેતુની ૩૬૭ બિલ્ડીંગોમાં મચ્છરની ઉત્પતિ અંગે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે પૈકી ૨૩ સ્થળેથી મચ્છરોના લારવા મળી આવતા તમામને નોટીસ આપવામાં આવી છે. જ્યારે રહેણાંક હેતુની ૧૫૨ મિલકતોમાંથી મચ્છરોના પોરા મળી આવતા તમામને નોટીસ આપવામાં આવી હતી. પાણીજન્ય રોગચાળાની અટકાયત માટે ૧૨૭૯ નમૂના લેવામાં આવ્યા હતા. જે ક્લોરિન ટેસ્ટમાં પાસ થઈ ગયા છે.



# સમાજ સંગઠિત અને ગુણવાન બનશે ત્યારે જ દેશમાં પરિવર્તન આવશે: મોહન ભાગવત





## મુંબઈમાં 'સંઘ યાત્રા ના ૧૦૦ વર્ષ : નવા ક્ષિતિજો'નામની બે દિવસીય વ્યાખ્યાન માળા યોજાઈ

**અબતક, રાજકોટ**

સંઘના શતાબ્દી વર્ષના નિમિત્તે આયોજિત વ્યાખ્યાનમાળામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવતજીએ જણાવ્યું કે સંઘ સમાજરૂપ સંગઠન ઊભું કરવાનું કાર્ય કરે છે. સમાજ જ્યારે સંગઠિત અને ગુણવાન બનશે, ત્યારે જ દેશમાં સાચું પરિવર્તન આવશે. નેતા-નારા-નીતિ-પાર્ટી-અવતાર-સરકાર-વિચાર-તત્ત્વજ્ઞાન આ બધાં સહાયક તત્ત્વો છે; સમાજ એ બધાનો માલિક છે. તેથી મૂળરૂપે માલિક એટલે સમાજ જાગૃત બનવો જરૂરી છે. ધર્મનિરપેક્ષતા શબ્દ યોગ્ય નથી; તેના સ્થાને પંથનિરપેક્ષતા શબ્દ હોવો જોઈએ. વહેવું પાણીનો અને સળગવું અગ્નિનો ધર્મ છે. ધર્મ આપણો સ્વભાવ અને કર્તવ્ય છે, જે ઈહલોક અને પરલોક બંનેમાં સુખ આપે છે. ધર્મ સર્વનો ઉન્નતિ માર્ગ છે. ધર્મ જે સત્ય પર આધારિત છે, તે અસ્તિત્વની એકતાનો સંદેશ આપે છે. આપણને મહાસત્તા બનવું નથી; મહાસત્તા બળથી પોતાનું પ્રભુત્વ સ્થાપે છે. આપણને વિશ્વગુરુ બનવું છે- સમગ્ર વિશ્વને જોડવું છે.

પ્રથમ સત્રમાં ડો. ભાગવતજીએ જણાવ્યું કે સંઘના સ્વયંસેવકો સંચાલન કરે છે, પરંતુ સંઘ કોઈ પેરામિલિટરી સંગઠન નથી. સ્વયંસેવકો લાઠી-કાઠી ચલાવે છે, છતાં સંઘ કોઈ અખિલ ભારતીય અખાડો નથી. સંઘમાં ભારતીય રાગોના આધારે ઘોષ, વ્યક્તિગત ગીતો અને સામૂહિક ગીતો થાય છે, છતાં સંઘ કોઈ અખિલ ભારતીય સંગીત વિદ્યાલય નથી. સંઘના સ્વયંસેવકો રાજકારણમાં પણ છે, છતાં સંઘ કોઈ રાજકીય પક્ષ નથી. ફક્ત બાહ્ય સ્વરૂપના આધારે સંઘનું મૂલ્યાંકન કરવાથી ગેરસમજો ઊભી થાય છે. સંઘને સાચે સમજવો હોય તો સંઘ શાખાનો અનુભવ લેવો જરૂરી છે. મુંબઈ ખાતે યોજાયેલ 'સંઘ યાત્રા ના ૧૦૦ વર્ષઃ નવા ક્ષિતિજો' નામના બે દિવસીય સંવાદ કાર્યક્રમમાં ૯૦૦થી વધુ પ્રતિષ્ઠિત ગણમાન્ય વ્યક્તિઓ સમક્ષ સરસંઘચાલકજીએ પોતાના વિચારો રજૂ કર્યા. વર્લી સ્થિત નહેરુ સેન્ટર સભાગૃહમાં પ્રથમ દિવસના પ્રથમ સત્રમાં તેમણે સંઘની પ્રેરણાદાયી યાત્રા, તેની ઐતિહાસિક પ્રગતિ અને સમાજમાં તેના યોગદાનનો વિસ્તૃત અવલોકન કર્યો.

આ અવસરે મંચ પર પશ્ચિમ ક્ષેત્ર સંઘચાલક ડો. જયંતીભાઈ ભાડેસિયા, કોંકણ પ્રાંત સંઘચાલક અર્જુન ચાંદેકર તથા મુંબઈ મહાનગર સંઘચાલક સુરેશ ભગેરિયા ઉપસ્થિત રહ્યા હતા.

જિજ્ઞાશા-સમાધાન સત્રમાં ડો. મોહન ભાગવતજીએ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય, સામાજિક તથા સાંસ્કૃતિક વિષયો પર ઉપસ્થિત સભ્યો દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપ્યા

પૂછાયેલા કુલ ૧૪૩ પ્રશ્નોને ૧૪ શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. તેમાં સંઘ નીતિ, હિંદુત્વ, રાષ્ટ્રીય પરિદશ્ય, શિક્ષણ, અર્થતંત્ર, રાજકારણ, વિદેશ નીતિ, રાષ્ટ્રીય સુરક્ષા, સંસ્કૃતિ, કલા, ખેલ, ભાષા, જીવનશૈલી, પર્યાવરણ વગેરે વિષયોનો સમાવેશ હતો.


ડો. મોહન ભાગવતજીએ કહ્યું કે ૨૦૪૭માં દેશ વિભાજનનો ભય મનમાં રાખવા કરતાં અખંડ ભારતના ઉદયની કલ્પના કરો. જે કાર્ય ૫૦૦ વર્ષમાં સુલ્તાન-બાદશાહો અહીં રહીને કરી શક્યા નહીં અને ૨૦૦ વર્ષમાં અંગ્રેજો કરી શક્યા નહીં, તે સ્વતંત્ર ભારતમાં કેમ અને કેવી રીતે થશે? આ ૧૯૪૭ નથી. આપણે ઘણાં આગળ વધી ગયા છીએ. હવે ભારતને તોડનારા પોતે તૂટી જશે. ભારત જોડાશે, અને આ ચોક્કસ થશે. આ સંકલ્પ મનમાં મજબૂત બનાવો.

જબરદસ્તી કે લાલચ આપીને ધર્માંતરણ કરવામાં આવે તો તે નિંદનીય છે અને તેનું ઉત્તર 'ઘર વાપસી' રહેશે, એવું તેમણે સ્પષ્ટ કર્યું. પરંતુ જો કોઈ વ્યક્તિ સ્વેચ્છાએ અથવા સ્વપ્રેરણાથી ધર્મ પરિવર્તન કરે તો તેનો વિરોધ કરવો નહીં. વસ્તીનું પ્રમાણ માત્ર જન્મદર ઘટવાથી જ બદલાતું નથી, પરંતુ ધર્માંતરણ અને ગેરકાયદેસર ઘુસણખોરીને કારણે પણ બદલાય છે - એવું જણાવતાં ગેરકાયદેસર ઘુસણખોરી સંદર્ભે 'ડિટેક્ટ એન્ડ ડિપોર્ટ' નીતિને કડકપણે અમલમાં મૂકવાની અપીલ કરી હતી.

સમાન નાગરિક સંહિતા અંગે પોતાની ભૂમિકા સ્પષ્ટ કરતાં સરસંઘચાલકજીએ કહ્યું કે સમાજની માનસિકતા તૈયાર કરીને અને સમાજના તમામ ઘટકોને વિશ્વાસમાં લઈને જ આવો કાયદો લાગુ કરવો જોઈએ. ઉત્તરાખંડ અને અન્ય કેટલાક રાજ્યોમાં આવા પ્રયોગો થઈ રહ્યા છે, તેથી અમે તેનું સ્વાગત કરીએ છીએ. ભારત વૈવિધ્યમાં એકતા જાળવનાર દેશ છે - આ સિદ્ધાંતને આવા કાયદા બનાવતી વખતે પ્રાથમિકતા આપવી જોઈએ.સંઘના કાર્યકર્તાઓની સરેરાશ ઉંમર ૨૮ વર્ષ છે અને તેને ૨૫ વર્ષથી નીચે લાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. દેશનો યુવા દેશભક્ત અને નૈતિક આચરણ કરનાર છે. જો તેમને તેમની ભાષામાં વિષયો સમજાવવામાં આવે તો તેઓ તેને સ્વીકારે છે અને તેનો આચરણ પણ કરે છે. તેથી તાર્કિક પદ્ધતિથી તેમને તેમના મૂળ વિચારો સુધી પહોંચાડવા જોઈએ. તેમને પ્રયોગ કરવાની સ્વતંત્રતા અને તક આપવી જોઈએ, અને જો પ્રયોગમાં કોઈ ભૂલ થાય તો તેમના પાછળ દૃઢતાથી ઊભા રહેવું જોઈએ. જો વર્તમાન પેઢી યુવાઓની જિજ્ઞાસા સંતોષવાની ક્ષમતા વિકસાવે, તો યુવાપેઢી અને વર્તમાન પેઢીના સમન્વયથી ભવિષ્યનું સશક્ત ભારત નિર્માણ થશે. ભારતીય દર્શન અંતરાત્મા સુધી અસર કરે છે, જ્યારે પાશ્ચાત્ય પ્રભાવ બહારના સ્તર સુધી જ સીમિત રહે છે.

# છેલ્લા ૧૧ વર્ષમાં ઈલેક્ટ્રોનિકમાં આયાતકાર ભારતે નિકાસ આઠ ગણી વધારી દીધી

**અબતક,નવી દિલ્હી**



ભારત જે એક સમયે ઈલેક્ટ્રોનિક વસ્તુઓ માટે વિશ્વના અન્ય દેશો પર નિર્ભર હતું, તે હવે વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઉભરી આવ્યું છે. છેલ્લા ૧૧ વર્ષમાં ભારતે ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે કાયાપલટ કરતા ઉત્પાદનમાં ૬ ગણો અને નિકાસમાં ૮ ગણો તોતિંગ વધારો નોંધાવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે ભારત હવે માત્ર આયાતકાર મટીને દુનિયાને ટેકનોલોજી વેચતો દેશ બની રહ્યો છે.

આયાતથી નિકાસ સુધીની સફર એક દાયકા પહેલા ભારત મોટાભાગના મોબાઈલ અને ઈલેક્ટ્રોનિક પાર્ટ્સ વિદેશથી મંગાવતું હતું. આજે સ્થિતિ એવી છે કે ભારત વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ બની ગયો છે.વર્ષ ૨૦૧૪-૧૫માં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ₹૧.૯ લાખ કરોડ હતું, જે ૨૦૨૪-૨૫માં વધીને ₹૧૧.૩ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે.ઈલેક્ટ્રોનિક્સ નિકાસ ₹૦.૪ લાખ કરોડથી વધીને આશરે ₹૩.૩ લાખ કરોડ થઈ ગઈ છે.આ સમગ્ર ક્રાંતિમાં મોબાઈલ સેક્ટરે સિંહફાળો આપ્યો છે. ૧૧ વર્ષ પહેલા મોબાઈલ નિકાસ માત્ર ₹૧,૦૦૦ કરોડની આસપાસ હતી, જે આજે ₹૨ લાખ કરોડને આંબી ગઈ છે. આ ૧૦૦ ગણો વધારો ભારતની આર્થિક શક્તિનું પ્રતીક છે.ભારત હવે 'નેટ એક્સપોર્ટર' બન્યો છે, એટલે કે આપણે જેટલા મોબાઈલ મંગાવીએ છીએ તેના કરતા વધુ વિદેશમાં વેચીએ છીએ. ''મેક ઈન ઈન્ડિયા'' અભિયાન હેઠળ ભારત હવે વિશ્વ માટે એક વિશ્વાસપાત્ર સપ્લાય ચેઈન પાર્ટનર બની ગયું છે.

## PLI સ્કીમ ગેમ-ચેન્જર સાબિત થઈ

સરકારની પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાએ આ સફળતામાં મહત્વની ભૂમિકા ભજવી છેઃડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં આ યોજના હેઠળ ₹૧૫,૦૦૦ કરોડથી વધુનું રોકાણ આવ્યું છે.તેમજ આ સેક્ટરે ૧.૭ લાખથી વધુ યુવાનોને ડાયરેક્ટ રોજગારી પૂરી પાડી છે લેપટોપ અને ટેબ્લેટ જેવા આઈટી હાર્ડવેરના ઉત્પાદન માટે પણ PLI 2.0 યોજના હેઠળ ₹૧૬,૫૦૦ કરોડનું ઉત્પાદન થઈ ચૂક્યું છે.

# નવું સંગઠન રાજકોટ ભાજપને વધુ મજબૂત બનાવશેઃ ધારાસભ્ય ઉદય કાનગડ

## શહેર ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ



**અબતક, રાજકોટ**

ભારતીય જનતા પાર્ટી રાજકોટ મહાનગર સંગઠનમાં તાજેતરમાં નિમણૂંક પામેલા સર્વે નવ હોદેદારો તેમજ તમામ મોરચાના નવનિયુક્ત પ્રમુખ મહામંત્રીઓને ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપના પૂર્વ મહામંત્રી અશ્વિન મોલીયા, કિશોરભાઈ રાઠોડ, પૂર્વ ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર દ્વારા હૃદયપૂર્વક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ તકે તેઓએ જણાવેલ કે, રાજકોટ મહાનગર ભાજપના નવા સંગઠનમાં વર્ષોનો અનુભવ ધરાવતા વરિષ્ઠ કાર્યકર્તાઓ અને નવી ઉર્જા સાથે આગળ વધતા નવલોહિયા કાર્યકર્તાઓનો અદભૂત સમન્વય જોવા મળે છે, જે સંગઠન માટે અત્યંત શુભ સંકેત છે.

વધુમાં તેઓએ જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટી હંમેશા સંગઠનને સર્વોચ્ચ મહત્વ આપતી પાર્ટી રહી છે. રાજકોટ મહાનગરમાં રચાયેલું નવું સંગઠન પાર્ટીની વિચારધારા, શિસ્ત અને કાર્યક્ષમતાને વધુ મજબૂત બનાવશે. સંગઠનના દરેક હોદેદાર જનસેવા, કાર્યકર્તા સંવેદના અને વિકાસલક્ષી દ્રષ્ટિ સાથે કાર્ય કરશે. તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# ફ્રેક્ટલ એનાલિટિક્સ લિમિટેડનો આઈપીઓ ખૂલ્યોઃ બુધવાર સુધી ઈશ્યુ ભરી શકાશે

**અબતક, રાજકોટ**

ફ્રેક્ટલ એનાલિટિક્સ લિમિટેડે સોમવાર, ૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પ્રત્યેક રૂ. ૧ની ફેસ વેલ્યુ ના તેના ઈક્વિટી શેરના આઈપીઓ ખોલવા પ્રક્રિયા પુરી દેશે એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એકદિવસ પહેલા એટલે કે શુક્રવાર, ૦૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ છે.

fractal INTELLIGENCE FOR IMAGINATION

પ્રત્યેક રૂ. ૧ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. ૮૫૭થી રૂ. ૯૦૦ના ભાવે ઓફરની પ્રાઈઝ બેન્ડ ફિક્સ કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૧૬ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૧૬ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે.

કંપની દ્વારા રજૂ કરાયેલા આઈપીઓમાં રૂ. ૧૦,૨૩૫ મિલિયન સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને રૂ. ૧૮,૧૦૪ મિલિયન સુધીના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર(the Offer for Sale, and together with the Fresh Issue, the Offer)નો સમાવેશ થાય છે. આ વેચાણ માટેની ઓફરહાલના શેરધારકો દ્વારા રજૂ કરવામાં આવી રહી છે જેમાં ક્વિનાગ બિડકો લિમિટેડ, ટીપીજી ફેટ હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ, સત્યા કુમારી રેમાલા અને રાવ વેંકટેશ્વર રેમાલા તથા જીએલએમ ફેમિલી ટ્રસ્ટનો સમાવેશ થાય છે. આ ઓફરમાં લાયક કર્મચારીઓ દ્વારા સબ્સ્ક્રીપ્શન માટે રૂ.૬૦૦ મિલિયન સુધીના એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનનો સમાવેશ થાય છે.

## રાજયોગિની બ્રહ્માકુમારી ડો. નલિનીદીદીજીની સ્મૃતિમાં

# બ્રહ્માકુમારીઝ દ્વારા ''વિશ્વ માતૃત્વ દિવસ''ની ઉજવણી


## દીદીમાંએ જીવનભર જે માતૃત્વની ભાવના હાશ અનેરના જીવનના પરિવર્તન લાવ્યું

**અબતક, રાજકોટ**

બ્રહ્મા કુમારીસે આજે દિવસને ''માતૃ વાત્સલ્ય દિવસ - એક માં ના શાશ્વત પ્રેમને યાદ કરવાનો દિવસ'' તરીકે જાહેર કર્યો છે, જે રાજયોગિની બ્રહ્માકુમારી ડો. નલિનીદીદીજી (દીદીમાં)ની સ્મૃતિમાં ઉજવવામાં આવશે.

બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા ૯ ફેબ્રુઆરીને '''માતૃ વત્સલ દિવસ'- માં ના શાશ્વત પ્રેમને યાદ કરવાનો દિવસ'' તરીકે જાહેર કર્યો છે. આ દિવસ રાજયોગિની બ્રહ્માકુમારી ડો. નલિનીદીદીજીની પવિત્ર સ્મૃતિને સમર્પિત છે - જેમને બધા પ્રેમથી 'દીદી માં' તરીકે ઓળખે છે.

૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ, એવં પુજનીય નલિનીદીદીએ પોતાના ભૌતિક શરીરનો ત્યાગ કરી વ્યક્તથી અવ્યક્ત તરફની યાત્રા શરૂ કરી. આજે તેમને અવ્યક્ત થયા ને એક વર્ષ પછી પણ, તેમની શાંત, પ્રેમાળ અને પ્રેરણાદાયી હાજરી અસંખ્ય આત્માઓના જીવનમાં અનુભવાય રહી છે. તેમની નિઃસ્વાર્થ સેવા, કરુણાપૂર્ણ વર્તન અને ગહન આધ્યાત્મિક માર્ગદર્શન દ્વારા સમગ વિશ્વમાં આજે પણ શાંતિ, શક્તિ અને આશાના સ્પંદનો ફેલાવી રહ્યા છે.



પૂજ્ય દીદી માં એ જીવનભર જે માતૃત્વની ભાવના દ્વારા અનેકો ના જીવન માં પરિવર્તન લાવ્યું, તેની યાદ અને સન્માનમાં જ 'માતૃ વત્સલ દિવસ' ની ઘોષણા કરવામાં આવી છે. તેમના સ્નેહ પૂર્ણ વર્તન અને ઉપદેશો દ્વારા, તેમણે અસંખ્ય આત્માઓને સુરક્ષા અને આત્મીયતાની ભાવના, માતૃત્વનો પ્રેમ અને ગુરુનું શકિતશાળી માર્ગદર્શન પ્રદાન કર્યું. આ દિવસ આપણને એ શાશ્વત સત્યની યાદ અપાવે છે કે સાચું માતૃત્વ સીમાઓથી પણ પરે છે, સર્વ સમાવેશી અને પરિવર્તનકારી છે, જે ભૌતિક દેહ થી પણ આગળ જઈ અનેક હૃદયોનું માર્ગદર્શન કર્યા કરે છે.

આ પ્રસંગે, આધ્યાત્મિક પ્રેરક વક્તા, પ્રખ્યાત કટાર લેખક અને બ્રહ્માકુમારીઝના મીડિયા અને જનસંપર્ક સેવાઓના રાષ્ટ્રીય સંયોજક રાજયોગી બ્રહ્મકુમાર નિકુંજજીએ કહ્યું કે દીદીમાંનું ભૌતિક નિવાસ સ્થાન મુંબઈમા હોવા છતાં, તેમની આધ્યાત્મિક સેવાઓ કોઈ એક સ્થાન સુધી મર્યાદિત ન હોતી. પ્રેરણાદાયી આધ્યાત્મિક જ્ઞાનસત્રો, આંતર ખંડીય સેવાઓ, ટેલિવિઝન કાર્યક્રમો અને ઓન લાઈન મીડિયા દ્વારા, તેમણે વિવિધ સંસ્કૃતિઓ, દેશો અને પેઢીઓમાં આધ્યાત્મિક જ્ઞાન ફેલાવ્યું. વિશ્વભરની આત્માઓએ તેમના અનોખા માતૃત્વપ્રેમનો અનુભવ કર્યો જેમાંના નિઃસ્વાર્થ પ્રેમ અને ગુરુનાદૈવી અને સ્વપન દ્રષ્ટા માર્ગદર્શનનું એક દુર્લભ સંગમ હતું. અનેક લોકો માટે, તે માત્ર એક આધ્યાત્મિક શિક્ષક જ નહીં, પરંતુ એક જીવંત, દયાળુ અને સાર્વત્રિકમાં પણ હતા - જેમણે હૃદયોને આગળ કર્યા, મનને સશકત બનાવ્યા અને દરેક આત્માન તેની જન્મ જાત પવિત્રતા, ગૌરવ અને આંતરિક શકિતની યાદ અપાવી. બ્રહ્માકુમારીઝે આ દિવસને આજ સાર્વત્રિક માતૃત્વની લાગણીને ઓળખવા માટે સમર્પિત કર્યો છે.

આ સ્મરણોત્સવ સમાજના તમામ ક્ષેત્રના લોકોને શાંતિ, સ્મરણ અને કૃતજ્ઞતાની ભાવનામાં ભેગા થવાનું આહ્વાન કરે છે - એક એવી મહાન આત્માને નમન કરવા માટે જેમનો પ્રેમાળ અને જીવન પરિવર્તનશીલ વારસો માનવતાને આંતરિક જાગૃતિ, સંવાદિતા અને નિઃસ્વાર્થ સેવાના માર્ગ ઉપર ચાલવા માટે સતત માર્ગદર્શન કરી રહ્યો છે.

# અમેરિકાની 'આંધી' સામે આજે પણ વાડીનારની નયારા રિફાઈનરી ધમધમે છે

## રિફાઈનરી વાર્ષિક ૨૦ મિલિયન મેટ્રિક ટન કાચા તેલને પ્રોસેસની ક્ષમતા ધરાવે છેઃ દેશની ઈંધણની જરૂરિયાત પૂરી કરવામાં મોટું યોગદાન આપ્યું છે

**અબતક, દિલ્હી**

એક તરફ વૈશ્વિક રાજનીતિના બદલાતા સમીકરણો અને બીજી તરફ અમેરિકાની કડક તેલ નીતિના પડકારો; આ બંનેની વચ્ચે ગુજરાતના દરિયાકિનારે આવેલી નયારા રિફાઈનરી આજે પણ અડીખમ ઊભી છે. રશિયા-યુક્રેન યુદ્ધ બાદ લાગેલા આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો અને અમેરિકાના સંભવિત 'દંડ'ના ખતરા છતાં ભારતની આ બીજી સૌથી મોટી ખાનગી રિફાઈનરીએ તેની કાર્યક્ષમતા અને સપ્લાય ચેઈનને જાળવી રાખી છે. રશિયન ક્રૂડ ઓઈલ મેળવવામાં આવતી મુશ્કેલીઓ વચ્ચે પણ નયારાનું આ રીતે ધમધમવું એ ભારતની મજબૂત વિદેશ નીતિ અને ઉર્જા ક્ષેત્રે તેની પકડનો પુરાવો છે.

વૈશ્વિક પ્રતિબંધોના વંટોળ વચ્ચે પણ જામનગરની નયારા રિફાઈનરીનો ધમધમાટ યથાવત છે. અમેરિકા દ્વારા રશિયન ક્રૂડ પર લાદવામાં આવેલી મર્યાદાઓ અને ટ્રમ્પ વહીવટીતંત્રની આકરી શરતો છતાં નયારા એનર્જીએ પોતાની કામગીરીમાં પીછેહઠ કરી નથી. મુશ્કેલ સંજોગોમાં પણ આ રિફાઈનરી જે રીતે ભારતની ઉર્જા જરૂરિયાતોને પૂરી કરી રહી છે. અત્યારે આ પરિસ્થિમાં પણ રશિયાથી રો મટીરિયલ આવવાનું બંધ નથી. જેથી નયારા રિફાઈનરી આજે અડીખમ ઊભી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને કહ્યું છે કે જો રશિયા પાસેથી કાચું તેલ લેવાનું બંધ નહીં કરવામાં આવે, તો ભારત પર ૨૫% પેનલ્ટી લગાવામાં આવશે. આ જાહેરાતથી ગુજરાતના વાડિનાર આવેલી નયારા એનર્જી રિફાઈનરી મુશ્કેલીમાં મુકાઈ શકે છે. નયારા રિફાઈનરીમાં રશિયાની સરકારી કંપની 'રોઝનેફ્ટ'નો મોટો હિસ્સો છે. આ રિફાઈનરી અત્યાર સુધી રશિયાના તેલ પર નિર્ભર હતી. હવે જો અમેરિકા પ્રતિબંધો કડક કરે, તો નયારા માટે કામ કરવું અઘરું થઈ જશે. આ કારણે એવી પણ ચર્ચાઓ શરૂ થઈ છે કે કદાચ આ રિફાઈનરીના માલિક બદલાઈ શકે છે (એટલે કે રશિયન કંપની પોતાનો હિસ્સો વેચી શકે છે), પણ અત્યારની સ્થિતિ જોતા કોઈ નવો ખરીદનાર પણ આગળ આવતા ડરી રહ્યો છે. લગભગ ૩૧.૫% ભારત અત્યારે રશિયા પાસેથી સૌથી વધુ તેલ ખરીદે છે.



ભારત અમેરિકા સાથે વાટાઘાટો કરી શકે છે કે નયારા રિફાઈનરી માટે થોડા પ્રમાણમાં તેલ લાવવા દેવામાં આવે. ભારત હવે અમેરિકા પાસેથી પણ તેલ અને ગેસની ખરીદી વધારી શકે છે જેથી ટ્રમ્પ પ્રશાસનને ખુશ રાખી શકાય અને સાથે સાથે આપણી જરૂરિયાતો પણ પૂરી થાય. નયારા રિફાઈનરી ગુજરાતના જામનગરના વાડિનારમાં આવેલી દેશની બીજી સૌથી મોટી પ્રાઈવેટ રિફાઈનરી છે. તેની આર્થિક સ્થિતિની અસર સ્થાનિક રોજગાર અને ઉદ્યોગ પર પડે છે. જો રશિયાનું સસ્તું તેલ બંધ થાય અને અમેરિકા પેનલ્ટી લગાવે, તો દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ પર તેની સીધી અસર પડી શકે છે. પરંતુ અત્યારે એવા કંઈ જ સંજોગો બનતા દેખાતા નથી કારણ કે નયારા રિફાઈનરી માં કોઈ અસર થઈ નથી.

નયારા રિફાઈનરીએ રશિયન ક્રૂડનો જથ્થો અગાઉથી જ બુક કરી લીધો છે. આનો અર્થ એ છે કે અત્યારે જે તેલ પ્રોસેસ થઈ રહ્યું છે અથવા રસ્તામાં છે, તેના પર નવા પ્રતિબંધોની તાત્કાલિક કોઈ અસર પડી નથી. નયારા વિશ્વની સૌથી આધુનિક રિફાઈનરીઓ પૈકીની એક છે, જે 'હેવી ક્રૂડ' સાફ કરવામાં સ્પેશિયાલિસ્ટ છે. રશિયન તેલ આ રિફાઈનરી માટે સૌથી અનુકૂળ હોવાથી, જ્યાં સુધી સપ્લાય ચાલુ છે ત્યાં સુધી તેના ઉત્પાદન કે ગુણવત્તામાં કોઈ ઘટાડો થયો નથી. ભારતમાં અને વિદેશમાં પેટ્રોલિયમ પેદાશોની માગ સતત વધી રહી છે. નયારા માત્ર ભારત જ નહીં પણ યુરોપ અને અન્ય દેશોમાં પણ તેલ નિકાસ કરે છે. આ સતત માગને કારણે રિફાઈનરીના યુનિટ્સ ૨૪ કલાક કાર્યરત છે.

આ રિફાઈનરી વાર્ષિક ૨૦ મિલિયન મેટ્રિક ટન કાચા તેલને પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે. એટલે કે, ગમે તેટલા વૈશ્વિક પડકારો હોય, તેની આટલી મોટી ક્ષમતાને કારણે તે દેશની ઈંધણની જરૂરિયાત પૂરી કરવામાં મોટું યોગદાન આપી રહી છે. નયારા માત્ર ભારત માટે જ નહીં, પણ અહીંથી તૈયાર થયેલું ઈંધણ વિશ્વના અનેક દેશોમાં નિકાસ થાય છે. આ વૈશ્વિક જોડાણને કારણે અત્યાર સુધી તેની કામગીરી પર કોઈ આર્થિક બ્રેક લાગી નથી.

# ઉંમર નહીં, જીવનશૈલી નક્કી કરે યુવાનપણું: આઈએમએના મંચ પરથી નિષ્ણાંતોનું માર્ગદર્શન

## ડો. જીતેન્દ્ર અઢિયા, ડો. કિન્નરી ગુપ્તા અને ડો. પ્રદીપ કણસાગરાએ સ્વસ્થ, સક્રિય અને લાંબું જીવન જીવવાની કળા સમજાવી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં આજના ઝડપી અને તણાવસભર જીવનશૈલી વચ્ચે સ્વસ્થ, સક્રિય અને યુવાન રહેવાના મહત્વને ઉજાગર કરવા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) રાજકોટ દ્વારા 'તણાવ છોડો, યુવાન બનો' વિષયક વિશેષ આરોગ્ય સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્વામી ઓડિટોરિયમ, રૈયા રોડ ખાતે યોજાયેલા આ સેમિનારમાં તબીબી ક્ષેત્રના નિષ્ણાતો અને પ્રેરક વક્તાઓ દ્વારા તણાવમુક્ત અને આરોગ્યસભર જીવન માટેનું વૈજ્ઞાનિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સેમિનારમાં પ્રખ્યાત પ્રેરક વક્તા ડો. જીતેન્દ્ર અઢીયા, ડો. કિન્નરી ગુપ્તા તથા રીટાયર્ડ યુરોલોજિસ્ટ ડો. પ્રદીપ કણસાગરાએ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી યુવાન રહેવાની કળા, ઉંમરના વિવિધ પાસાઓ અને વૃદ્ધાવસ્થાને ધીમી કરવાની વ્યવહારુ પદ્ધતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કોમ્પ્યુટર પ્રેઝન્ટેશન દ્વારા તેમણે દૈનિક જીવનમાં સરળતાથી અપનાવી શકાય તેવા આરોગ્યલક્ષી ઉપાયો સમજાવ્યા હતા.

આ કાર્યક્રમમાં IMA રાજકોટના પ્રેસિડેન્ટ ડો. જયેશ ડોબરિયા, APRના પ્રેસિડેન્ટ ડો. તેજશ કરમટા અને માનદ સેક્રેટરી ડો. કૃપાલ પુજારાએ ઉપસ્થિતોને સંબોધતાં જણાવ્યું હતું કે, આજના યુગમાં યુવાન રહેવા માટે દવાઓ નહીં પરંતુ સંતુલિત જીવનશૈલી અને તણાવમુક્ત વિચારધારા અપનાવવી જરૂરી છે. આવા સેમિનારો સમાજને સ્વસ્થ જીવન તરફ પ્રેરિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.સેમિનારમાં મોટી સંખ્યામાં નાગરિકોની હાજરી જોવા મળી હતી.

ઉપસ્થિતોએ તબીબોના માર્ગદર્શનને ઉપયોગી અને પ્રેરણાદાયક ગણાવી આવાં કાર્યક્રમો ભવિષ્યમાં પણ આયોજિત કરવા માંગ વ્યક્ત કરી હતી.


રિપોર્ટર: વિપુલ ચૌહાણ
તસવીર: અભિષેક આશીયાણી







### 'એજ લેસ બોડી' કોઈ કલ્પના નથી, યોગ્ય જીવનશૈલીથી શક્ય છે: ડો. જીતેન્દ્ર અઢિયા



'હંમેશા યુવાન કેમ રહો' સેમિનાર સંદર્ભે અબતક સાથે વાતચીત કરતાં પ્રખ્યાત પ્રેરક વક્તા ડો. જીતેન્દ્ર અઢિયાએ જણાવ્યું હતું કે તેઓ રાજકોટના પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે એક અનોખા અને સમયની જરૂરિયાત એવા વિષય સાથે આવ્યા છે – હંમેશા યુવાન કેવી રીતે દેખાવું, લાંબુ અને સક્રિય જીવન કેવી રીતે જીવવું તથા ઊર્જા સાથે કેવી રીતે રહેવું.

ડો. અઢિયાએ જણાવ્યું હતું કે 'એજ લેસ બોડી'નો અર્થ એવો શરીર કે જેમાં ઉંમર દેખાતી જ ન હોય. તેમણે જણાવ્યું હતું કે તેમની વાસ્તવિક ઉંમર ૭૫ વર્ષ હોવા છતાં તેઓ આજે પણ યુવાન જેવું કાર્ય કરે છે, નિયમિત કસરત કરે છે અને સતત સક્રિય જીવન જીવીએ છે. જો મને જોઈને તમને મારી ઉંમર ન લાગે, તો તમે પણ એવું બની શકો છો, એમ તેમણે આત્મવિશ્વાસપૂર્વક જણાવ્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'એજ લેસ બોડી' વિષય પર તેમણે વિશાળ સંશોધન કર્યું છે અને અત્યાર સુધી તેમના કુલ ૧૩૦ પુસ્તકો પ્રકાશિત થયા છે, જેમાં તેમનું ૧૩૦મું પુસ્તક 'એજ લેસ બોડી' છે. આ અગાઉ 'પ્રેરણાનું ઝરણું' નામે તેમનું લોકપ્રિય પુસ્તક પણ પ્રકાશિત થયું છે.

ડો. અઢિયાએ જણાવ્યું હતું કે આ વિચારધારા તેમને અમેરિકાના પ્રખ્યાત લેખક ડો. દીપક ચોપરાની પુસ્તક 'અલય ક્યતત ઈ જ્ઞ મ, ઝ શ ળ ય - હ ય ત ત ખ શ ક્ષ મ' વાંચ્યા બાદ પ્રેરણા રૂપે મળી હતી. આ વિચારને તેમણે ભારતીય જીવનશૈલી અને સંસ્કૃતિ સાથે જોડીને દેશભરમાં સૌપ્રથમ વખત રજૂ કર્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

### હંમેશા યુવાન રહેવું શક્ય છે જો જીવનશૈલી બદલો: ડો. કિન્નરી ગુપ્તા




'હંમેશા યુવાન કેમ રહો' વિષયક સેમિનાર દરમિયાન ડો. કિન્નરી ગુપ્તા એ અબતક સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે તેઓ પ્રિવેન્ટિવ મેડિસિનના ક્ષેત્રમાં કાર્ય કરે છે, જેમાં બીમારીઓ થવા પહેલાં તેને અટકાવવાની દિશામાં મુખ્ય ધ્યાન આપવામાં આવે છે. આ જ વિચારધારામાંથી એજલેસ એટલે કે ઉંમર વધવાની પ્રક્રિયાને ધીમી કરવાની સંકલ્પના ઉભી થઈ છે.

ડો. ગુપ્તાએ જણાવ્યું હતું કે જો વ્યક્તિ પોતાની ઉંમરને ઝડપથી વધતા અટકાવે તો

(અનુ. આઠમા પાને)

### યોગ્ય આહાર, નિયમિત કસરતથી હંમેશા યુવાન રહી શકાય: ડો. પ્રદીપ કણસાગરા



'હંમેશા યુવાન કેમ રહો' સેમિનાર સંદર્ભે અબતક સાથે વાતચીત કરતાં ડો. પ્રદીપ કણસાગરાએ જણાવ્યું હતું કે લોકો ઘણીવાર તેમને પૂછે છે કે વજન કેવી રીતે ઘટાડ્યું અને ડાયાબિટીસ કેવી રીતે નિયંત્રણમાં રાખી. તેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે તેમણે ભોજન બાબતે અત્યંત શિસ્તબદ્ધ જીવનશૈલી અપનાવી છે.કેટલું જમવું, શું જમવું, ક્યારે જમવું અને કેવી રીતે જમવું – આ ચાર બાબતો પર ખાસ ધ્યાન આપવાથી સ્વાસ્થ્યમાં મોટો ફેરફાર આવે છે. તેઓ સાંજે ૭ વાગ્યા પહેલાં જ ભોજન કરી લે છે અને સવારે ૮ વાગ્યા પછી જ નાસ્તો કરે છે, જેના કારણે તેમને નોંધપાત્ર લાભ મળ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે દરરોજ લગભગ દોઢ કલાક નિયમિત કસરત કરવાથી શરીરમાં સ્ફૂર્તિ, ઊર્જા અને સ્વાસ્થ્યની અનુભૂતિ થાય છે. આ સાથે તેમણે હસો અને હસાવોનો સંદેશ આપતાં જણાવ્યું હતું કે આનંદી મન પણ સ્વસ્થ જીવનનું મહત્વનું અંગ છે.યુવાનો હવે વધુ હેલ્થ કોન્શિયસ બનતા જાય છે તે આનંદની વાત ગણાવતા ડો. કણસાગરાએ ચેતવણી આપી હતી કે ઘરની બહારનું જમવાનું અને અતિપ્રોસેસ્ડ ફૂડ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે. તેમણે જણાવ્યું હતું કે તેમના પાસે એવું વિશેષ યંત્ર છે, જેના દ્વારા વ્યક્તિ શું જમે છે અને શરીરમાં એન્ટી-ઓક્સિડન્ટનું પ્રમાણ કેટલું છે તે જાણી શકાય છે.તેમના ઘરે પણ બાળકો ભોજન બાદ આ યંત્ર દ્વારા એન્ટી-ઓક્સિડન્ટ ચેક કરે છે અને પોતે જ નક્કી કરે છે કે કયું ભોજન સ્વાસ્થ્ય માટે યોગ્ય નથી. પરિણામે તેઓ મેગી, સોડા અને મીઠાઈ જેવી વસ્તુઓથી દૂર રહે છે.

# સંસ્કાર અને શિક્ષણનો સંગમ: 'ક્રિષ્ના કિડ્સ પ્રિ-સ્કૂલ એન્ડ એક્ટિવિટી સેન્ટર'નું ઉદઘાટન

## વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર મહોદયના આશિર્વાદથી શુભારંભ:લંડન સ્થિત દાતા ધામેચા પરિવારની વિશેષ ઉપસ્થિતિ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં શિક્ષણ સાથે સંસ્કારના બીજ વાવવાના હેતુથી 'ક્રિષ્ના કિડ્સ પ્રિ-સ્કૂલ એન્ડ એક્ટિવિટી સેન્ટર'નું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું. શૈક્ષણિક સંસ્થાનો મંગલ શુભારંભ વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમાર મહોદયના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે લંડન (યુકે) સ્થિત મુખ્ય સેવાર્થી દાતા પ્રદીપભાઈ ધામેચા અને વીણાબેન ધામેચાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

ઉદઘાટન પ્રસંગે વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમાર મહોદયે આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, આજના યુગમાં માત્ર શિક્ષણ પૂરતું નથી, પરંતુ બાળકોને નાનપણથી જ ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને આધ્યાત્મિક મૂલ્યો સાથે જોડવા અત્યંત જરૂરી છે. ક્રિષ્ના કિડ્સ પ્રિ-સ્કૂલ દ્વારા આધુનિક શિક્ષણની સાથે સાથે ગમ્મતભર્યા માધ્યમથી સંસ્કારનું સિંચન કરવામાં આવશે.

આ પ્રસંગે સંસ્થાના સંચાલક ખ્યાતિબેન આશરા, વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO)ના અગ્રણીઓ તેમજ રાજકોટના અનેક જાણીતા ઉદ્યોગપતિઓ,

(અનુ. આઠમા પાને)






તસવીર: શૈલેષ વાડોલિયા

### સંસ્કારની જ્યોત જીવનભર પ્રજ્જવલીત રહે છે: વ્રજરાજકુમાર



વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર મહોદયે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, બાળક ભીની માટી સમાન હોય છે, જેમાં જે સંસ્કાર વાવીએ તે જ જીવનભર ફળે છે. ક્રિષ્ના કિડ્સ પ્રિ-સ્કૂલ દ્વારા બાળકોને એકેડેમિક શિક્ષણ સાથે હિંદુ ધર્મના સંસ્કારોથી ઘડવામાં આવશે. પૈસા જીવનમાં જરૂરિયાત પૂરી કરે છે, પરંતુ સાચી શાંતિ સંસ્કારોથી જ મળે છે, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું.

### સંસ્કારથી ઘડાયેલી પેઢી જ સમાજનું ભવિષ્ય ઘડે છે : અશોક શાહ



VYO રાજકોટના મેનેજિંગ ઈન્ડસ્ટ્રી વિંગના અશોકભાઈ શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજકોટ શહેર માટે આજનો દિવસ અત્યંત આનંદ અને ગૌરવનો છે. શહેરમાં 'ક્રિષ્ના કિડ્સ પ્રિ-સ્કૂલ એન્ડ એક્ટિવિટી સેન્ટર' જેવી સંસ્કાર આધારિત શૈક્ષણિક સંસ્થાનો પ્રારંભ થવો એ આવનારી પેઢી માટે આશાસ્પદ પહેલ છે. (અનુ. આઠમા પાને)

### સંસ્કારયુક્ત શિક્ષણ માટે સહયોગ આપવાનો ગૌરવ: પ્રદીપ ધામેચા



મુખ્ય સેવાર્થી દાતા પ્રદીપભાઈ ધામેચાએ જણાવ્યું હતું કે, આ પ્રિ-સ્કૂલને સહયોગ આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે આનંદની વાત છે. તેમણે કહ્યું કે, બાળકોને ભણાવવાની સાથે સંસ્કાર અને ધર્મનું જ્ઞાન આપવું અત્યંત મહત્વપૂર્ણ છે. રાજકોટમાં શરૂ થયેલ આ સંકલ્પને ભવિષ્યમાં અન્ય શહેરો અને દેશોમાં પણ વિસ્તૃત કરવાની તેમની ભાવના વ્યક્ત કરી હતી.

# એઈમ્સ ખાતે બર્ન્સ અવેરનેસ સપ્તાહ અંતર્ગત માર્ગદર્શન અને સેમિનાર થકી કરાયા સતર્ક

### દાઝવાના બનાવોથી બચાવ માટે જનજાગૃતિ, સ્પર્ધાઓ અને ફાયર ડ્રિલ દ્વારા અસરકારક સંદેશો







**અબતક, રાજકોટ**

એઈમ્સ રાજકોટના બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી વિભાગ દ્વારા ૨ ફેબ્રુઆરીથી ૭ ફેબ્રુઆરી સુધી બર્ન્સ અવેરનેસ સપ્તાહનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં દાઝવાના બનાવોને અટકાવવા અંગે જાગૃતિ ફેલાવવાનો તેમજ સ્થાનિક નાગરિકો, હોસ્પિટલ સ્ટાફ અને વિદ્યાર્થીઓને બર્ન્સથી બચવાના ઉપાયો અંગે માહિતગાર કરવાનો હતો.

સપ્તાહ દરમિયાન ઈ-પોસ્ટર અને સ્કિટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નર્સિંગ ઓફિસર્સ, સિનિયર રેસિડેન્ટ (SR), જુનિયર રેસિડેન્ટ (JR) તેમજ MBBS વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્કિટ રજૂઆત અને જાગૃતિ કાર્યક્રમો દ્વારા વિવિધ સ્થળોએ લોકોમાં દાઝવાના કારણો, પ્રાથમિક સારવાર અને બચાવના ઉપાયો અંગે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત સિનિયર રેસિડેન્ટ અને ફેકલ્ટી સભ્યો દ્વારા બર્ન્સ જાગૃતિ સંબંધિત વ્યાખ્યાન પણ આપવામાં આવ્યા હતા.

૭ ફેબ્રુઆરીએ યોજાયેલા વિશેષ સમાપન કાર્યક્રમમાં એઈમ્સ રાજકોટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પ્રો. ડો. એલ. એન. દૌરેરાજન, ડેપ્યુટી ડાયરેક્ટર લેફ્ટનન્ટ કર્નલ અંકુર પ્રતાપ સિંહ અને મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ પ્રો. ડો. પિંકી સાહુ દ્વારા કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લેફ્ટનન્ટ કર્નલ અંકુર પ્રતાપ સિંહ દ્વારા ફાયર પ્રિવેન્શન વિષય પર વિશેષ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પીડીયુ મેડિકલ કોલેજ, રાજકોટના પ્લાસ્ટિક સર્જરી વિભાગની વિભાગાધ્યક્ષ

(અનુ. આઠમા પાને)

# સ્પોર્ટ્સ અબતક

## નેપાળે ઈંગ્લેન્ડની "મન"માં રાખી દીધી!

# ધડકન ચુકી જાય તેવી મેચની છેલ્લી ઓવરમાં ૪ રને નેપાળને હરાવી ઈંગ્લેન્ડે "આબરૂ"બચાવી

### હાઈ-વોલ્ટેજ મેચમાં છેલ્લી ઓવર સુધી કોણ જીતશે તે કહેવું મુશ્કેલ હતું, પરંતુ સેમ કરનના બહોળા અનુભવે અંગ્રેજોની લાજ બચાવી લીધી



**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં એસોસિયેટ રાષ્ટ્રો મુખ્ય ટીમોને કઠિન સ્પર્ધા આપી રહ્યા છે. પાકિસ્તાને નેધરલેન્ડ્સને હરાવવા માટે સંઘર્ષ કર્યો, જ્યારે ભારતે સૂર્યકુમાર યાદવને કારણે યુએસએ સામે સાંકડી જીત મેળવી. હવે, ઈંગ્લેન્ડે નેપાળ સામે જીતવા માટે સખત મહેનત કરવી પડી હતી. વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી ગ્રુપ સી મેચમાં, ઈંગ્લેન્ડે નેપાળ સામે ૪ રનથી જીત મેળવી હતી. પ્રથમ દાવ ખેલી રહેલા ઈંગ્લેન્ડે ૭ વિકેટે ૧૮૪ રન કર્યા હતા.ફિલ સોલ્ટ ૫ રને આઉટ થયા બાદ જોસ બટલર અને જેકબ બેથેલે બીજી વિકેટ માટે ૩૮ રન સાથે સ્કોર ૪૩ સુધી પહોંચાડ્યો. બટલર ૧૭ બોલમાં ૨૬ રન કરી આઉટ થતાં બેથેલ અને કેપ્ટન હેરી બ્રુકે ચોથી વિકેટ માટે ૭૧ રનની ભાગીદારી કરી. બેથેલે ૩૫ બોલમાં ૫૫ રન કર્યા હતા. હેરી બ્રુકે ૩૨ બોલમાં ૫૩ રન કર્યા હતા. ૭મા ક્રમે બેટિંગમાં આવેલા વિલ જેક્સે શાનદાર રીતે ફિનિશરની ભૂમિકા ભજવી ૧૮ બોલમાં અણનમ ૩૯ રન કર્યા હતા. ઈંગ્લેન્ડે ૭ વિકેટે ૧૮૪ રન કર્યા હતા. દિપેન્દ્ર સિંહ અરે અને નંદન યાદવે બે-બે વિકેટ તેમજ શેર મલ્લા અને સંદીપ લામિછાનેએ એક-એક વિકેટ લીધી હતી.નેપાળે શરૂઆતથી જ ઈંગ્લેન્ડના પ્રબળ બોલરોનો સામનો કર્યો. કુશલ ભૂર્ટેલે બીજી ઓવરમાં જોફ્રા આર્ચરની ઓવરમાં ત્રણ ચોગ્ગા ફટકાર્યા. ત્રણ ઓવર પછી ટીમનો સ્કોર ૩૧ હતો. બાદમાં ઈંગ્લેન્ડે સ્પિન સાથે હુમલો કરતાં બીજો ઓપનર આસિફ શેખ ૭ રને આઉટ થયો. ભૂર્ટેલે ૧૭ બોલમાં ૨૯ રન કર્યા હતા. બાદમાં દીપેન્દ્ર સિંહ અરે અને કેપ્ટન રોહિત પૌડેલે જવાબદારી સંભાળી. બંનેએ ૫૪ બોલમાં ત્રીજી વિકેટ માટે ૮૨ રન ઉમેર્યા. નેપાળને છેલ્લી ચાર ઓવરમાં જીતવા માટે ૫૬ રનની જરૂર હતી ત્યારે લોકેશ બામે બાજી સંભાળી. ૧૮મી ઓવરમાં ૨૨ રન કર્યા, જેમાં લોકેશના બે છગ્ગાનો સમાવેશ થાય છે. ટીમને છેલ્લી ઓવરમાં જીતવા માટે ૧૦ રનની જરૂર હતી, પરંતુ સેમ કુરન તેના અનુભવનો ફાયદો ઉઠાવીને માત્ર પાંચ રન આપ્યા અને નેપાળને જીતવા ન દીધું. જોરદાર બેટિંગ કરી રહેલા લોકેશ બામ છેલ્લી ઓવરમાં મોટો શોટ ચૂકી ગયો હતો.

### રસપ્રદ પીચને કારણે ટુર્નામેન્ટમાં અપસેટની શક્યતા વધી ગઈ

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પીચ ક્યુરેટર્સ દ્વારા જબરદસ્ત અને રસપ્રદ પીચ તૈયાર કરવામાં આવી છે, જેના કારણે કોઈ પણ ટીમને ઝટકો લાગી શકે છે. આ વર્લ્ડ કપ ભારત અને શ્રીલંકામાં રમાઈ રહ્યો છે,આ વખતે આઈસીસીએ ક્યુરેટર્સને સૂચના આપી છે કે પીચ પર ઘાસનું સ્તર થોડું વધુ રાખવું, જેથી પીચ સંતુલિત રહે અને બેટ્સમેન તેમજ બોલર બંનેને મદદ મળે. શ્રીલંકાના કેપ્ટન દાસુન શનાકાએ પણ આ વાતનો ઉલ્લેખ કર્યો છે કે આવી પીચની કન્ડિશન્સને કારણે સ્ટ્રાઈક રેટ અને વિકેટ પેટર્નમાં ફેરફાર જોવા મળી શકે છે, જેનાથી બેટિંગ વધુ પડકારજનક બની શકે છે.આ પીચોને કારણે ટુર્નામિન્ટમાં અપસેટની શક્યતા વધી ગઈ છે. મજબૂત ટીમો પણ નાની ટીમો સામે ઝટકો ખાઈ શકે છે, કારણ કે પીચ બોલર-ફ્રેન્ડલી અને અણધારી રહેશે. બેટ્સમેનોએ વધુ સાવચેતી રાખવી પડશે, અને બોલરોને વધુ તકો મળશે. આ વર્લ્ડ કપમાં પીચની ગુણવત્તા અને ક્યુરેટર્સના કામને કારણે મેચો વધુ રોમાંચક અને અનિશ્ચિત બની રહી છે!

# અમેરિકાના આક્રમણ સામે દિગ્ગજો "ધૂળ ચાંટતા": સૂર્યા શક્તિએ ભારતને બચાવ્યું

### ડિફેન્ડિંગ ચેમ્પિયનનો વિજયી પ્રારંભ: વાનખેડેમાં ટોપ ઓર્ડર ફેલ થયા બાદ કેપ્ટન સૂર્યકુમાર યાદવે બાજી સંભાળી: ૧૬૨ રનના ટાર્ગેટ સામે અમેરિકા ઘૂંટણીયે, સિરાઝ, અક્ષર અને અર્શદીપની પણ શાનદાર બોલિંગ



**અબતક, રાજકોટ**

મુંબઈ ના ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમમાં ક્રિકેટ રસિયાઓ માટે શનિવારની રાત યાદગાર બની રહી હતી. 'ડિફેન્ડિંગ ચેમ્પિયન' ભારતીય ટીમે 'આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં વિજયી શ્રીગણેશ કર્યા છે. ગ્રુપ એ ની હાઈ-વોલ્ટેજ મેચમાં ભારતે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાને ૨૯ રનથી હરાવીને ટાઈટલ બચાવવાની દિશામાં મજબૂત ડગલું માંડ્યું છે. આ મેચમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવની બેટિંગ અને મોહમ્મદ સિરાજની બોલિંગ નિર્ણાયક સાબિત થઈ હતી.

મેચની શરૂઆત ભારત માટે અત્યંત ખરાબ રહી હતી. ટોસ હારીને બેટિંગમાં ઉતરેલી ભારતીય ટીમનો 'ટોપ ઓર્ડર' અમેરિકન બોલરો સામે ધરાશાયી થઈ ગયો હતો. ઓપનર અભિષેક શર્મા પહેલા જ બોલે આઉટ થયા હતા. ત્યાર બાદ ઈશાન કિશન ૨૦, તિલક વર્મા ૨૫ અને શિવમ દુબે શૂન્ય સસ્તામાં પેવેલિયન ભેગા થતા ભારતનો સ્કોર એક સમયે ૪૬/૪ થઈ ગયો હતો અને ટીમ મુશ્કેલીમાં મુકાઈ હતી.આવી નાજુક પરિસ્થિતિમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવે જવાબદારી સ્વીકારી અને 'કેપ્ટન ઈનિંગ્સ' રમી હતી. તેમણે એક છેડો સાચવી રાખીને અમેરિકન બોલરોનો મક્કમતાથી સામનો કર્યો હતો. સૂર્યાએ ૪૯ બોલમાં અણનમ ૮૪ રન ફટકાર્યા હતા, જેમાં ૧૦ ચોગ્ગા અને ૪ છગ્ગા સામેલ હતા. તેમની આ ઈનિંગ્સના કારણે ભારત સન્માનજનક સ્કોર સુધી પહોંચી શક્યું હતું.

નોંધનીય છે કે, 'વાયરલ ફીવર'ને કારણે જસપ્રીત બુમરાહ આ મેચમાં રમ્યા નહોતા. તેમ છતાં ભારતીય બોલરોએ શિસ્તબદ્ધ પ્રદર્શન કરીને ટીમને જીત અપાવી હતી. હવે ભારતનો પ્રયાસ આ જીતનો લય જાળવી રાખીને વર્લ્ડ કપ જીતવાના ઈતિહાસને બદલવાનો રહેશે, કારણ કે આજ સુધી કોઈ ટીમ ટી૨૦ વર્લ્ડ કપ સફળતાપૂર્વક ડિફેન્ડ કરી શકી નથી.

### નામિબિયા સામેના મેચમાં બુમરાહ પરત ફરશે

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારતે જીત સાથે પોતાનું ખાતું ખોલ્યું. જોકે, પહેલી મેચે એ પણ બતાવ્યું કે ટીમને હજુ પણ કેટલીક બાબતો પર કામ કરવાની જરૂર છે. યુએસએ સામેની મેચમાં, ભારતીય બેટિંગ શરૂઆતમાં જ નિષ્ફળ ગઈ અને ટીમ દબાણમાં આવી ગઈ. કેપ્ટન સૂર્યકુમાર યાદવે જવાબદાર ઈનિંગ્સ સાથે પરિસ્થિતિને સંભાળી, ટીમને સન્માનજનક સ્કોર તરફ દોરી ગઈ. ભારત હવે ૧૨ ફેબ્રુઆરીએ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં નામિબિયાનો સામનો કરશે. આ મેચ પહેલા ભારતીય ટીમની પ્લેઈંગ ઈલેવનમાં ફેરફારની અપેક્ષા છે.વાયરલ ફીવરને કારણે પહેલી મેચમાં બહાર રહેલો જસપ્રીત બુમરાહ હવે ફિટ માનવામાં આવે છે. તેની ઉપલબ્ધતા ભારતીય ટીમ માટે મોટી રાહત છે. બુમરાહની ભાગીદારી ડેથ ઓવરોમાં ટીમની પકડ મજબૂત કરશે અને વિરોધી બેટ્સમેન પર દબાણ બનાવશે. જોકે, બુમરાહની હાજરી માટે ફાસ્ટ બોલિંગ વિભાગમાં એક ખેલાડીને બહાર બેસવાની જરૂર પડશે. અર્શદીપ સિંહ કે મોહમ્મદ સિરાજ બન્નેમાંથી કોઈ એકને ટીમમાંથી બહાર કરવામાં આવશે. તે પિચ અને રણનીતિ પર આધાર રાખે છે. અર્શદીપની ડાબા હાથની બોલિંગ વિવિધતા પ્રદાન કરે છે, જ્યારે સિરાજ નવા બોલ સાથે આક્રમક બની શકે છે.

# શ્રીલંકાના સ્પિનરોનો દબદબો યથાવત: આયર્લેન્ડ સામે ૨૦ રને જીત મેળવી

**અબતક, રાજકોટ**

આઈસીસી ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ની છઠ્ઠી મેચ શ્રીલંકા અને આયર્લેન્ડ વચ્ચે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. આયર્લેન્ડે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. યજમાન શ્રીલંકાએ પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૬૩ રન બનાવ્યા હતા. જવાબમાં આયર્લેન્ડે ૨૦ ઓવરમાં પોતાની બધી વિકેટ ગુમાવીને ૧૪૩ રન બનાવ્યા હતા. પરિણામે તેમની ટીમ ૨૦ રનથી મેચ હારી ગઈ અને શ્રીલંકાએ પણ ટુર્નામિન્ટની શરૂઆત જીત સાથે કરી હતી. ટોસ હારીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ શ્રીલંકાની ક્રિકેટ ટીમની શરૂઆત ધીમી રહી. પહેલા પથુમ નિસાન્કાએ ૨૩ બોલમાં ફક્ત ૨૪ રન બનાવ્યા. બીજા ઓપનર કામિલ મિશારાએ ૧૧ બોલમાં ૧૪ રન બનાવ્યા. વિકેટકીપર-બેટ્સમેન કુસલ મેન્ડિસે ૫૬ રનની મહત્વપૂર્ણ અણનમ ઈનિંગ રમી. ત્યારબાદ કામિંદુ મેન્ડિસે છેલ્લે બેટિંગમાં આવ્યો અને ૧૯ બોલમાં ૨૩૧.૫૮ ના સ્ટ્રાઈક રેટથી ૪૪ રન બનાવ્યા, જેમાં ૪ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા. શ્રીલંકાએ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૬૩ રન બનાવ્યા. આયર્લેન્ડ માટે બેરી મેકાર્થી અને જ્યોર્જ ડોકરેલે પણ ૨-૨ વિકેટ લીધી. માર્ક એડેર અને ગેરેથ ડેલાનીએ ૧-૧ વિકેટ લીધી.૧૬૪ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી આયર્લેન્ડની શરૂઆત સારી રહી ન હતી. આયર્લેન્ડ તરફથી રોસ અડાયરએ ૩૪ રન બનાવ્યા, જ્યારે હેરી ટેક્ટરે પણ ૪૦ રન બનાવ્યા. ત્યારબાદ આયર્લેન્ડના બેટ્સમેન મેદાન પર ટકી શક્યા નહીં અને મોટી ઈનિંગ રમી શક્યા નહીં. પરિણામે તેમની ટીમ ૧૯.૫ ઓવરમાં બધી વિકેટ ગુમાવી દીધી અને માત્ર ૧૪૩ રન બનાવી શક્યી. શ્રીલંકન ક્રિકેટ ટીમના મહેશ તીક્ષણા અને વાનિન્દુ હસરંગાએ ૩-૩ વિકેટ લીધી, જ્યારે મથિશા પથિરાનાએ પણ ૨ વિકેટ લીધી.



### ન્યુઝીલેન્ડે પ્રથમ મેચમાં અફઘાનિસ્તાનને હરાવ્યું

ટી ૨૦ વિશ્વકપ ટુર્નામેન્ટની જંગી રનની ચેઈઝવાળી મેચમાં ન્યુઝીલેન્ડે પાંચ વિકેટે અફઘાનિસ્તાનને હરાવી પોતાનો શાનદાર પ્રારંભ કર્યો હતો. ૧૮૨ કરવા છતાં અફઘાન ટીમે હારનો સામનો કરવો પડ્યો હતો. રવિવારે અહીંના ચેપોક સ્ટેડિયમ પર ખેલાયેલી મેચમાં ટોસ જીતીને પ્રથમ દાવ લેનારા અફઘાનિસ્તાને ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૮૨ રન કર્યા હતા. ન્યુઝીલેન્ડના લોકી ફર્ગ્યુસને ૪ ઓવરમાં ૪૦ રન આપીને બે વિકેટ લીધી હતી. મેટ હેનરી, જૈકબ ડફી અને રચિન રવીન્દ્રનને ૧-૧ વિકેટ મળી હતી. ન્યુઝીલેન્ડની શરૂઆત ખરાબ રહી. બીજી ઓવરમાં ફિન એલન અને રચિન રવીન્દ્રનને મુજીબ ઉર રહેમાને સતત બે બોલમાં આઉટ કરતાં ન્યુઝીલેન્ડ ટીમમાં સન્નાટો ફેલાયો હતો. જો કે બાદમાં ટીમ સિફર્ટ અને ગ્લેન ફિલિપ્સે બાજી સંભાળીને પાવર પ્લે પૂરો થયો ત્યાં સુધીમાં ૫૦ રનનો સ્કોર કર્યો હતો. બંને વચ્ચે ૪૬ બોલમાં ૭૪ રનની ભાગીદારી કરી હતી. બાદમાં રશિદખાને ફિલ્સને બોલ્ડ કર્યો હતો. ફિલ્સે ૨૫ બોલમાં ૪૨ રન કર્યા હતા.

### કામિંદુ મેન્ડિસે ૧૯ બોલમાં ૨૩૧.૫૮ ના સ્ટ્રાઈક રેટથી ૪૪ રન બનાવ્યા: મહેશ તીક્ષણા અને વાનિન્દુ હસરંગાએ ૩-૩ વિકેટ લીધી

# સ્કોટલેન્ડે ઈટલીને ૭૩ રને હરાવી વર્લ્ડકપમાં પ્રથમ જીત મેળવી

### સ્કોટલેન્ડે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૦૭ રન બનાવ્યા, જવાબમાં ઈટલી ૧૩૪માં ખખડી ગયુ: મેકમુલને ૧૮ બોલમાં અણનમ ૪૧ રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ



**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં સ્કોટલેન્ડે ઈટલીને મોટા અંતરે હરાવીને પોતાની પ્રથમ જીત નોંધાવી છે.

ઈટલીએ ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય લીધો હતો, કારણ કે આ તેમની ટી૨૦ વર્લ્ડ કપમાં પ્રથમ મેચ હતી.સ્કોટલેન્ડે બેટિંગ કરતાં શાનદાર પ્રદર્શન કર્યું અને ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૦૭ રન બનાવ્યા, જે આ ટુર્નામિન્ટમાં એસોસિયેટ ટીમ દ્વારા બનાવવામાં આવેલો પ્રથમ ૨૦૦+ સ્કોર હતો.

સ્કોટલેન્ડની ઈનિંગ્સમાં ઓપનર જ્યોર્જ મન્સીએ અડધી સદી ફટકારી અને માઈકલ જોન્સ સાથે ૧૦૦+ની ઓપનિંગ પાર્ટનરશિપ કરી. ત્યારબાદ બ્રાન્ડન મેકમુલનએ ૧૮ બોલમાં ૪૧* રનની ઝડપી ઈનિંગ્સ રમી. છેલ્લા ઓવરમાં માઈકલ લિસ્કએ ૫ બોલમાં ૨૨ રન બનાવીને સ્કોરને ૨૦૭ સુધી પહોંચાડ્યો.

જવાબમાં ઈટલીની ટીમ ૨૦૮ રનના ટાર્ગેટનો પીછો કરવામાં નિષ્ફળ રહી અને માત્ર ૧૬.૪ ઓવરમાં ૧૩૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. શરૂઆતમાં ઈટલીએ ૧૧૩/૩ સુધી સારું પ્રદર્શન કર્યું હતું, પરંતુ ત્યારબાદ તેમની ઈનિંગ્સ તૂટી પડી.

સ્કોટલેન્ડના માઈકલ લિસ્કએ શાનદાર બોલિંગ કરીને ૪ વિકેટ ઝડપી (૪/૧૭) અને ઈટલીની મિડલ ઓર્ડરને તોડી નાખી. આ જીતથી સ્કોટલેન્ડે ટુર્નામિન્ટમાં પોતાના ખાતે પ્રથમ પોઈન્ટ્સ નોંધાવ્યા (તેઓએ પહેલી મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે હાર્યા હતા).આ મેચમાં સ્કોટલેન્ડની બેટિંગ અને બોલિંગ બંને વિભાગોમાં દબદબો રહ્યો, જ્યારે ઈટલી માટે આ ડેબ્યુ મેચમાં સારો અનુભવ મળ્યો અને તેઓ આગામી મેચોમાં સુધારો કરી શકશે.

# અમદાવાદમાં આજે ફોર્મ વધુ મજબૂત બનાવવા દક્ષિણ આફ્રિકા મેદાને ઉતરશે

### સાંજે ૭ વાગ્યાથી દક્ષિણ આફ્રિકા અને કેનેડા વચ્ચે ટક્કર

**અબતક, રાજકોટ**

અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ની મેચનું યજમાન બનશે. દક્ષિણ આફ્રિકા અને કેનેડા વચ્ચેની મેચ આ ટુર્નામિન્ટની ખેલાતી પ્રથમ મેચ છે. દક્ષિણ આફ્રિકા આ મેચમાં કેનેડા સામે તાજેતરના ફોર્મમાં વધારો કરીને ટુર્નામિન્ટમાં અત્યારથી જ વધુ મજબૂત બની રહેવાનો લક્ષ્યાંક ધરાવે છે. ટાઈટલ માટે પડકાર ફેંકવા માટે પોતાનું તાજેતરનું ફોર્મ વધારવું પડશે.રવિવારે સાંજે દ.આફ્રિકાના ખેલાડીઓએ મેદાન પર નેટપ્રેક્ટિસ કરી હતી. બાદમાં મોડી સાંજે કેનેડિયન ખેલાડીઓએ પણ પ્રેકટિસ કરી હતી. કેપ્ટન એડન માર્કરમની આગેવાની હેઠળની પ્રોટીઝ ટીમ ટુર્નામિન્ટમાં વિજયી શરૂઆત અને મજબૂત શરૂઆતી ગતિ પર નજર રાખી રહી છે. દ.આફ્રિકાના ગ્રુપમાં ન્યુઝીલેન્ડ, અફઘાનિસ્તાન અને યુએઈનો પણ સમાવેશ થાય છે.જૂન ૨૦૨૪માં ભારત સામે ૨૦૨૪ના ટી૨૦ વર્લ્ડ કપ ફાઈનલમાં હાર્યા પછી દક્ષિણ આફ્રિકા ૩૨ મેચોમાંથી ફક્ત ૧૨ જ જીતી શક્યું છે.

જોકે, ગયા વર્ષે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની જીત સાથે ટ્રોફીના દુષ્કાળનો અંત લાવ્યા પછી, હવે તેઓ વિશ્વ ખિતાબ જીતવાનો વિશ્વાસ ધરાવે છે.

# અમદાવાદ એરપોર્ટ પર અંડર-૧૯ વર્લ્ડકપ હીરોઝનું શાનદાર સ્વાગત

### વેદાંત અને ખિલનના સ્વાગત માટે એરપોર્ટ પર ઊમટી ભીડ, પરિવારની આંખોમાં હરખનાં આંસુ




**અબતક, રાજકોટ**

અંડર-૧૯ વર્લ્ડકપમાં વિજય મેળવીને દેશનું નામ રોશન કરનાર ગુજરાતના બે તેજસ્વી ખેલાડી- વેદાંત ત્રિવેદી અને ખિલન પટેલ, ૮ ફેબ્રુઆરીએ મોડીરાતે મુંબઈથી અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતાં. આ બંને વિજેતાને આવકારવા માટે તેમનાં પરિવારજનો અને રમતપ્રેમીઓ દ્વારા એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.અમદાવાદ એરપોર્ટ પર મોડીરાત્રે વેદાંત ત્રિવેદી અને ખિલન પટેલનું આગમન થયું હતું. તેમના આગમન સમયે પરિવારના સભ્યો અને રમતપ્રેમીઓ દ્વારા હાર પહેરાવીને ગુલાબની પાંદળીઓનો વરસાદ કરીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમગ્ર એરપોર્ટ પરિસર વેદાંત ત્રિવેદી અને ખિલન પટેલના નામના ગુંજારવથી ગાજી ઊઠ્યો હતો અને પરિવારની આંખોમાં હરખનાં આંસુ જોવા મળ્યાં હતાં. મળતી વિગત અનુસાર બંને ખેલાડી ઝિમ્બાબ્વેથી મુંબઈ અને ત્યાંથી અમદાવાદ આવ્યા છે.મોડાસાના નહેરુ કંપાના અને હાલ મોડાસાના સોપાનમાં રહેતા ખિલન પટેલના પિતા અનિલભાઈ વિઠ્ઠલભાઈ પટેલ વ્યવસાય મૂળ ખેડૂત છે. ખિલન પટેલે પ્રથમ તબક્કાનો અભ્યાસ મોડાસાની સ્કૂલમાં કર્યો હતો અને ત્યાર બાદ શહેરની મેઘરજ રોડ ઉપર આવેલ સરસ્વતી સ્કૂલમાં અભ્યાસ દરમિયાન તેનું અરવલ્લીમાં અંડર ૧૧માં સિલેક્શન થયું હતું.જો કે તેણે અંડર-૧૬માં એક વર્ષ સ્ટેટમાં રમ્યા બાદ તેની જીસીએમાં અંડર-૧૯ માં પસંદગી થતાં તે છેલ્લા બે વર્ષ સ્ટેટમાં રમ્યો હતો. જ્યાં તેણે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં તેની ભારતીય ટીમના ખેલાડી તરીકે અંડર ૧૯ ક્રિકેટ વર્લ્ડ કપમાં પસંદગી થઈ હતી.પિતા અનિલભાઈ પટેલ અને માતા મનીષાબેન પટેલે જણાવ્યું હતું કે, નાનપણથી જ ક્રિકેટ પ્રત્યે ભારે લગાવ ધરાવતા પુત્રને તેમણે ક્રિકેટક્ષેત્રે ઊંચાઈ સર કરે તે માટે તમામ પ્રયત્નો કરી રહ્યા છે.

# પિસ્તોલની અણીએ પરિણીતાનું અપહરણ કરી દેહ ચૂંથનાર બુટલેગર હથિયાર સાથે પકડાયો

## પાંચેક વર્ષ પૂર્વે પરિચય થયાં બાદ હરેશ જાદવે પોતાના ઘરે બર્થડે પાર્ટીમાં બોલાવી કેફી પીણું પીવડાવી ગાંધીગ્રામની પરિણીતા પર દુષ્કર્મ ગુજાર્યુ'તુ

### ચાર દિવસ પૂર્વે ફરીવાર હથિયારની અણીએ કારમાં ઈન્દોર ખાતે ઉઠાવી જઈ શિયળ લૂંટ્યું'તું : બગોદરા ખાતે ધમકી આપી ઉતારી દઈ નાસી છૂટ્યો'તો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી મહિલાને પિસ્તોલ બતાવી અપહરણ કરી દુષ્કર્મ આચરનાર બુટલેગરને એસઓજીની ટીમે હથીયાર સાથે દબોચી કાર્યવાહી કરી હતી. મહિલાને પાંચ વર્ષ પહેલાં મળેલ કુખ્યાત શખ્સે પહેલીવાર પોતાના ઘરે કેફી પીણું પીવડાવી દેહ ચૂંથ્યો હતો. જે બાદ ચારેક દિ' પહેલા કારમાં અપહરણ કરી ઈન્દોર લઈ જઈ ત્યાં દેહ અભડાવ્યો અને બાદમાં ધમકી આપી બગોદરા ખાતે ઉતારી દઈ નાશી ગયો હતો.

બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં દુષ્કર્મ, આર્મ્સ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયા બાદ એસઓજીની ટીમે પણ આર્મ્સ એકટ હેઠળ બીજો ગુનો નોંધ્યો હતો. મામલામાં ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી ૩૮ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે હરેશ મોતી જાદવ (રહે. વાછકપર બેડીગામ, રાજકોટ) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે દુષ્કર્મ, આર્મ્સ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓને આરોપી હરેશ જાદવે પાંચેક વર્ષ પહેલા તેની રિક્ષામા ઘરે મુકવા આવી ઓળખાણ કરી મોબાઈલ નંબરની આપ-લે કરી હતી. જે બાદ બંને વચ્ચે વાતચીત થતી હતી. ત્રણેક વર્ષ પહેલા આરોપીનો બર્થડે હોય જેથી તેના ઘરે વાછકપર બેડી ગામે બોલાવી મહિલાને પરાણે કેફી પીણુ પીવડાવી તેણી સાથે પરાણે શરીર સબંધ બાંધેલ હતો. જેથી મહિલાએ આરોપી સાથે સબંધ તોડી નાખેલ હતો. જે બાદ ત્રણેક દીવસ અગાઉ



આરોપીએ તેની સફેદ કલરની કારમાં આવી પિસ્તોલ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી શરીરે મુંઢ માર મારી બળજબરીથી અપહરણ કરી ઈંદોર તેના ઓળખીતાના ઘરે લઈ જઈ ત્યાં કેફી પીણુ પીવડાવી અર્ધ બેભાન કરી પરાણે શરીર સબંધ બાંધ્યો હતો. બીજા દિવસે બગોદરા પાસે કારમાંથી ઉતારી જો આ વાત કોઈને કહીશ કે મારી સામે ફરિયાદ કરીશ તો તારા આખા ખાનદાનને પતાવી દઈશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી તરછોડી આરોપી નાસી છૂટ્યો હતો.જે બાદ તે યેનકેન પ્રકારે રાજકોટ પહોંચી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીઆઈ એસ આર મેઘાણી અને ટીમે તપાસ આદરી હતી. જે ગુનાની ગંભીરતા જોઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તુરંત આરોપીને હથિયાર સાથે પકડવાની આપેલ સૂચનાથી એસઓજી પીઆઈ એસ.એમ. જાડેજાની રાહબરીમાં પીએસઆઈ વી.કે. ઝાલા ટીમ સાથે આરોપીની તપાસમાં હતાં. ત્યારે એએસઆઈ રાજેશભાઈ બાળા, હેડ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહ જાડેજાને મળેલ ચોક્કસ બાતમી આધારે બેડી (વાછકપર) ગામથી જાહેરમાં ગેરકાયદેસર દેશી બનાવટની પીસ્ટલ નંગ-૦૧, જીવતા કાર્ટીસ નંગ - ૦૩ તથા ફુટેલ ખાલી કાર્ટીસ નંગ ૦૧ સાથે હરેશ ઉર્ફે ભુરો મોતી જાદવ (ઉ.વ. ૩૦ રહે. બેડી વાછકપર) ને પકડી પાડી તેની સામે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો.

ઉલ્લેખનીય છે કે, આરોપી લિસ્ટેડ બુટલેગર છે અને તેમના વિરુદ્ધ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં દારૂ, મારમારી સહિતના અનેક ગુના પણ નોંધાયેલ છે.

### એસઓજી પીઆઈ એસ એમ જાડેજાની ટીમે આરોપીને પિસ્તોલ, જીવતા અને ફુટેલ કાર્ટીસ સાથે દબોચ્યો

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં દિલીપ પટેલે ચોથી વખત ઉમેદવારી નોંધાવી

### બીસીજીની બે ચૂંટણીમા સૌથી વધુ મતનો રેકોર્ડ મળી ત્રણ ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ વધુ એક વખત દાવેદારી કરી

**અબતક, રાજકોટ**

વકીલોની માતૃ સંસ્થા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં બીસીઆઈ મેમ્બર દિલીપભાઈ પટેલે ઉમેદવારી પત્ર રજૂ કરતા સૌરાષ્ટ્ર કચ્છના વકીલોમાં ખૂબ જ આવકાર મળી રહ્યો છે. બીસીજીમાં સતત ત્રણ વર્ષથી ચૂંટાતા દિલીપ પટેલ છેલ્લી બે ટર્મમાં સૌથી વધુ મતથી વિજેતા થયેલા છે. રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી ,પ્રદેશ લીગલ સેલના પુર્વ સહ કન્વીનર, ભાજપના પુર્વ કોર્પોરેટર દિલીપભાઈ પટેલે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં ચોથી વખત ઉમેદવારી નોંધાવ્યા બાદ તેમની ટીમ સાથે સમગ્ર સૌરાષ્ટ્રના તમામ બાર એસોસિએશનના ચૂંટણી પ્રવાસ શરૂ કરી દીધો છે. જેમાં દરેક બાર એસોસિએશનમાં પ્રચારને આવકાર મળી રહ્યો હોવાનો તેમણે દાવો કર્યો છે.દિલીપભાઈ પટેલ ગુજરાત બાર કાઉન્સિલમાં ત્રણ ટર્મ ચૂંટાઈને એટલે કે છેલ્લા ૨૦ વર્ષથી વકીલ ભાઈ બહેનો સાથે સંપર્ક જાળવી વકીલોના દરેક પ્રશ્ન માટે હંમેશા અગ્રેસર રહ્યા હતા. અને



''સેવા હી મેરા સંકલ્પ''ના સૂત્ર અનુસાર વકીલોના પ્રશ્નોએ જાગૃતતા બતાવી વકીલોના કામને અગ્રતા આપી બાર કાઉન્સિલને પારદર્શક બનાવેલ હતી. વકીલોના પ્રશ્નોને અગ્રતા આપી સંગઠિત કરવાનો હંમેશા પ્રયત્ન કરનાર દિલીપ પટેલે સિનિયર અને જુનિયર વકીલોને પ્રથમ મત પોતાને આપવા સૌરાષ્ટ્ર કચ્છના વકીલ મતદારોને અપીલ કરી છે. તેમજ તા. ૬/૩/૨૦૨૬ના રોજ મતદાનના દિવસે તેમના નામ સામે ''એકડો '' કરી બાર કાઉન્સિલમાં પોતાના સક્રિય અને હંમેશા હાજર પ્રતિનિધિને ચૂંટવા જણાવ્યું છે.

# કુવાડવા રોડ પર ભગવતી પાર્કમા પત્ની પ્રેમી સાથે ભાગી જતાં યુવાનનો આપઘાત

### દિવાળી પછી પત્ની યુવક સાથે ભાગી જતાં ચાંદી કામદારે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જેમાં પત્ની અન્ય યુવાન સાથે ભાગી જતાં સમાજમાં આબરૂ જશે તેવા ડર અને માનસિક આઘાતમાં આવી ગયેલા ૩૫ વર્ષીય યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી વિગતો મુજબ, કુવાડવા રોડ પર આવેલી અખાડા વાળી શેરી, ભગવતી પાર્ક-૧ માં રહેતા રવિભાઈ કિશોરભાઈ પરમાર (ઉં.વ. ૩૫) ના લગ્ન ૧૫ વર્ષ પહેલા થયા હતા. દિવાળીના તહેવાર દરમિયાન તેમની પત્ની આશિકાબેન મોરબીના શખ્સ સાથે ભાગી ગઈ હતી. પત્નીના આ પગલાને કારણે રવિભાઈ ભારે માનસિક તણાવમાં હતા અને ગામમાં પોતાની આબરૂ ગઈ હોવાનું અનુભવી રહ્યા હતા. જેને લઈ ગઈકાલે બપોરે ૧:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે રવિભાઈ પોતાના ઘરે હતા, ત્યારે તેમણે ગળાફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં જ તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક રવિભાઈ ચાંદી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ એક ભાઈ અને ત્રણ બહેનોમાં સૌથી નાના હતા. તેમને સંતાનમાં એક પુત્ર છે, જેણે પિતાની છત્રછાયા ગુમાવી છે. બનાવને પગલે પોલીસે જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે. રવિભાઈના અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# સૂકી સાજડીયાળી ગામે ગુટખાના પૈસા બાબતે પતિ સાથે ઝઘડો થતા પરિણીતાનો આપઘાત

### ''તું મારા પૈસાની વિમલ કેમ લાવ્યો?'' કહી પતિ સાથે બોલાચાલી થતા ૨૨ વર્ષીય મહિલાએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટ તાલુકાના સૂકી સાજડીયાળી ગામે ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં માત્ર વિમલ પાનમસાલાના પૈસા જેવી સામાન્ય બાબતે પતિ સાથે થયેલી રકઝક બાદ ૨૨ વર્ષીય પરિણીતાએ ઝેરી દવા પીને પોતાનું જીવન ટૂંકાવ્યું છે. મહિલાના મોતથી શ્રમિક પરિવારમાં માતમ છવાયો છે.પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ દાહોદ જિલ્લાના જમ્બવા ગામના વતની અને હાલ રાજકોટના સૂકી સાજડીયાળી ગામે વલ્લભભાઈ ટાઢાણીની વાડીમાં ખેત મજૂરી કરતા શૈલેષભાઈ બાબેરિયાના પત્ની મંજુલાબેન (ઉં.વ. ૨૨) એ શનિવારે રાત્રિના સમયે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટના બાદ ગંભીર હાલતમાં તેમને રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

મૃતકના પતિ શૈલેષભાઈના જણાવ્યા અનુસાર, શનિવારે સાંજે તેઓ જ્યારે વિમલ પાનમસાલા લઈને ઘરે પરત ફર્યા ત્યારે પત્ની મંજુલાબેને પૂછ્યું હતું કે, ''તું મારા પૈસાની વિમલ કેમ લાવ્યો?'' આ સામાન્ય બાબતે દંપતી વચ્ચે બોલાચાલી થઈ હતી. પતિ સાથેની રકઝકથી મંજુલાબેનને લાગી આવતા રિસાઈ ગયા હતા અને આવેશમાં આવી જઈ ઓરડીમાં પડેલી ઝેરી દવા પી લીધી હતી. આ બનાવ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકી દ્વારા આજીડેમ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો તૈયાર કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો. એક નાનકડી જીદ અને આવેશમાં ભરેલા આ પગલાને કારણે ૨૨ વર્ષની વયે પરિણીતાએ જીવ ગુમાવતા ખેતમજૂરોમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# રામનગરમાં માસૂમ બાળકીનું કેન્સરની બીમારીથી મોત નીપજ્યું

### ૧ વર્ષથી કેન્સરની બીમારીથી પીડાતી બાળકીનું અમદાવાદ અને રાજકોટની હોસ્પિટલોમાં લાંબી સારવાર દમ તોડયો

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા મેઈન રોડ પર આવેલા રામનગર વિસ્તારમાં રહેતી સવા બે વર્ષની દીકરીનું કેન્સરની બીમારી બાદ મોત નીપજ્યું છે. માત્ર સવા બે વર્ષની માસૂમ બાળકી છેલ્લા એક વર્ષથી આ જીવલેણ બીમારી સામે ઝઝૂમી રહી હતી, પરંતુ અંતે તે આજરોજ જનાના હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રામનગર શેરી નંબર ૩ માં રહેતા પિયુષભાઈ જેતપરિયાની પુત્રી પ્રિન્સી (ઉં.વ. સવા બે વર્ષ) ને છેલ્લા એક વર્ષથી કેન્સરની ગંભીર બીમારી હતી. પ્રિન્સીની સારવાર અર્થે તેને પ્રથમ અમદાવાદ અને ત્યારબાદ રાજકોટની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આજે પ્રિન્સી ઘરે હતી ત્યારે અચાનક તેની તબિયત લથડી હતી અને તે બેભાન થઈ ગઈ હતી. પરિવારજનો તેને તાત્કાલિક સારવાર માટે જનાના હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. ત્યારબાદ બાળકીના મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. તેના પિતા વ્યવસાયે ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ચેક રિટર્ન કેસમાં ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ આરોપીએ કોર્ટમાં હાજર રહ્યા વિના કેસનો ત્વરિત નિકાલ થશે

### પ્રથમ સમન્સમાં પ્રિન્ટ કરેલા ક્યુઆર સ્કેનથી પક્ષકારને ચુકવવા પાત્ર રકમ નામ વિગેરે જેવી વિગતો જોવા મળશે

### સિસ્ટમ પારદર્શિતા, સુરક્ષા અને ઓડિટેબીલીટી પણ સુનિશ્ચિત કરે

**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લા ન્યાયાલય, દ્વારા આજરોજ તા. ૯/૨/૨૦૨૬ થી સમાજની સુખાકારી અને ત્વરિત કેસના નિકાલ માટે એક નવી પહેલ કરવામાં આવી છે.જેમાં ''ચેક બાઉન્સના કેસમાં સમન્સ મળ્યેથી ચછદ્વારા નાણાનું ચુકવણું કરો અને કોર્ટમાં એકપણ વખત હાજર રહ્યા વિના કેસનો ત્વરિત નિકાલ''સાથે કેસનો નિકાલ કરવામાં આવશે વધુ વિગત મુજબ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અંતર્ગત દાખલ કરવામાં આવેલા કેસમાં પ્રથમ સમન્સમાં એક ચછ છાપવામાં આવશે અને તે ચછ સ્કેન કરવાથી પક્ષકારને તેના કેસમાં ચુકવવા પાત્ર રકમ, કેસના નંબર, પક્ષકારો ના નામ વિગેરે જેવી વિગતો જોવા મળશે. કેસમાં પક્ષકાર ધ્વારા ઓનલાઈન પેમેન્ટ થકી ચેકની રકમની ચુકવણી કરી શકશે અને આવી ઓનલાઈન પેમેન્ટની સફળ ચુકવણી બાદ તુરંત જ પક્ષકાર ધ્વારા કરવામાં આવેલ ઓનલાઈન પેમેન્ટની વિગત, કેસની વિગત રાજકોટ જીલ્લા ન્યાયાલય,ને મળશે અને આવા કેસોમાં આરોપીએ એકપણ વખત હાજર રહ્યા વિના તેના કેસનો ત્વરિત નિકાલ કરવામાં આવશે.આ પહેલ Sanjabij Tari vs Kishor Borkar કેસમાં સુપ્રિમ કોર્ટના નિર્દેશોનું પાલન કરીને હાથ ધરવામાં આવી છે, જેમાં તમામ જિલ્લા અદાલતોને સમન્સના તબક્કે જ આરોપીને ચેકની રકમની ઓનલાઈન ચુકવણી કરવાનો વિકલ્પ પૂરો પાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.જેથી કેસના વહેલા સમાધાન અને ઝડપી નિકાલને પ્રોત્સાહન મળી શકે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગરવાલ વડપણ હેઠળ, ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ અને રાજકોટ જીલ્લાના વહિવટી જજ ઈલેશ જે. વોરાના સક્રિય નિર્દેશોનુસાર અને રાજકોટ મુખ્ય જીલ્લા ન્યાયાધીશ જે. આર. શાહના નેતૃત્વના પરિણામે રાજકોટના ચીફ જયુડીશીયલ કોર્ટમાં આ સિસ્ટમનો અમલ કરવામાં આવેલ છે.આ સિસ્ટમ પારદર્શિતા, સુરક્ષા અને ઓડિટેબીલીટી પણ સુનિશ્ચિત કરે છે, બધા વ્યવહારો કોર્ટના બેંક ખાતા દવારા થાય છે. કાયદાકીય રજિસ્ટર અને કોર્ટ ખાતઓમાં નોંધાયેલા છે. નાણાકીય સંસ્થાઓ, કંપનીઓ અને અરજદારોને બંન્નેને ફાયદો થશે કારણકે ચૂકવણી સીધી કોર્ટમાં પહોંચે છે અને કેસ પ્રક્રિયાગત વિલંબ વિના નિકાલ કરી શકાય છે. આ સુધારો ટેકનોલોજી આધારિત ન્યાયિક પ્રક્રિયા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે અને સુપ્રિમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના ન્યાયિક પ્રક્રિયાને ઝડપી, વધુ કાર્યક્ષમ અને કોર્ટ વપરાશકર્તાઓ માટે વધુ સુલભ બનાવવાના વ્યાપક દ્રષ્ટિકોણ સાથે સુસંગત છે.આ સિસ્ટમ હેઠળ, નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કેસમાં આરોપી ચછ સ્કેન કરી ચેકની રકમ કોર્ટમાં હાજર રહ્યા વિના સીધી જ કોર્ટના નિયુકત બેંક ખાતામાં જમા કરાવી શકે છે. રકમ મળ્યા પછી, કોર્ટ બેંકની સિસ્ટમ ધ્વારા તરત જ વ્યવહારની ચકાસણી કરી શકે છે અને કેસના કંમ્પાઉન્ડિંગ અને નિકાલ માટે યોગ્ય આદેશો પસાર કરી શકે છે અને કેસોનો નિકાલ આવે છે.

# રાજનગરમાં પારિવારિક કલેશથી કંટાળી યુવાનનો આપઘાત

### પત્ની લાંબા સમયથી પિયર રહેતી હોવાથી માનસિક તણાવના કારણે અંતિમ પગલું ભર્યાનું અનુમાન

**અબતક, રાજકોટ**

શહેરના રાજનગર વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં ૩૭ વર્ષીય યુવાને પારિવારિક કંકાસથી કંટાળી પોતાના ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. પત્ની લાંબા સમયથી પિયર રહેતી હોવાથી યુવાન માનસિક તણાવમાં હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

મળતી વિગત મુજબ, રાજનગર શેરી નંબર ૩ માં રહેતા વિશ્વજીતસિંહ રાજેન્દ્રસિંહ રહેવર (ઉં.વ. ૩૭) એ આજે વહેલી સવારે ૫:૩૦ વાગ્યાની આસપાસ પોતાના રૂમમાં પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. મૃતકના પિતા રાજેન્દ્રસિંહ સવારે જ્યારે બહાર સૂઈને ઉઠ્યા અને પુત્રના રૂમમાં ગયા, ત્યારે પુત્રને લટકતી હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. બનાવની જાણ થતા જ ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી, જ્યાં ઈએમટીએ યુવાનને મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ માલવિયા નગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ સારંગભાઈ અને રાઈટર વિમલભાઈ તાત્કાલિક દોડી ગયા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. પરિવારજનોની પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, મૃતક વિશ્વજીતસિંહ બે ભાઈ અને એક બહેનમાં સૌથી નાના હતા. તેમના લગ્ન થયા બાદ પત્ની માત્ર ત્રણ મહિના જ તેમની સાથે રહી હતી અને ત્યારબાદ લાંબા સમયથી રિસાઈને પિયરે રહેતી હતી. પત્ની સાથેના આ ગૃહકલેશ અને એકલતાથી કંટાળીને વિશ્વજીતસિંહે આ અંતિમ પગલું ભર્યું હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# અક્ષરનગરમાં મકાનમાંથી મહિલા સંચાલિત જુગારધામ ઝડપાયું

### છ મહિલા સહિત સાત પત્તા પ્રેમીને એલ સી બી ઝોન ટુ એ ઝડપી લીધા

**અબતક, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા અક્ષર નગરમાં મકાનમાં ચાલતા મહિલા સંચાલિત જુગાર ધામ પર એલ સી બી ઝોન ૨ એ દરોડો પાડી જુગાર રમતી છ મહિલા સહિત સાત પતા પ્રેમીને ઝડપી લઈ જુગારના પટમાંથી રૂ.૧૦ હજારની રોકડ કબ્જે કરી છે. એલ સી બી ઝોન , ૨ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, અક્ષર નગર શેરી ૦૩ માં રહેતી લક્ષ્મીબેન નરેન્દ્રભાઈ સિરપાલી નામની મહિલા તેના મકાનમાં જુગારનો અખાડો ચલાવી રહી છે.

એલ સી બી ઝોન ૨ની ટીમે અક્ષરનગરમાં મકાનમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી, જુગાર રમતી લક્ષ્મી નરેન્દ્ર ભાઈ શિરપાલી, ગાંધીગ્રામ હરસિધ્ધિ સોસાયટીના જ્યોતિબેન રમેશભાઈ વાઘેલા, મહાવીર નગરના રમાબેન ગોવિંદભાઈ વાઘેલા, મનહર પર ગોકુલ ટેનામેન્ટના પારૂલબેન મેહુલભાઈ રાણા, લોહાનગર મફતીયા પરા ના હસીનાબેન અશરફભાઈ ઠાસરીયા ,અટીકા ફાટક પાસે રહેતા મીનાબેન રામ બહાદુર ગુરુમ અને અક્ષર નગરનો મિતેશ નરેન્દ્રભાઈ સિરપાલી નામના પત્તા પ્રેમીઓને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૧૦ હજારની રોકડ કબ્જે કરી છે. આ દરોડાની કામગીરી એલ સી બી ઝોન ૨ પી એસ આઈ આર એચ ઝાલા, એ એસ આઈ હરપાલસિંહ જાડેજા, જે વી ગોહેલ, હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ઝાલા, ધર્મેન્દ્રભાઈ વાઘેલા અને શિલ્પાબેન સહિતના સ્ટાફે કરી છે. જ્યારે બીજો જુગારનો દરોડો કુવાડવા રોડ પોલીસની ટીમ બીડી ગામે આવેલા બેડી માર્કેટિંગ યાર્ડ ની સામે દેવ દ્વારકાધીશ હોટેલ ની બાજુમાં શેરીમાં પાડી જુગાર રમતા રાજકુમાર જોનભાઈ નિશાદ, નાનકુભાઈ સીતારામ ભાઈ નિષદ ,ગુડુભાઈ ફુલચંદભાઈ નિશાદ, સોનુ શિવપ્રસાદ નિશાદ ,જુગલકિશોલ ભોલા પ્રસાદ યાદવ ,રાજા મન હનુમાનભાઈ જાદવ ,અશોક શ્રીજયરામભાઈ નિષાદ ,અને રાજેશ કામતા પ્રસાદ નિશાદ નામના શખ્સોને રૂ.૧૧ હજારની રોકડ સાથે ઝડપી લીધા છે.

# અકસ્માત વળતર મેળવવાના પુરાવામાં છેડછાડ અને બોગસ પુરાવાઓ ઉભા કરનાર સામે ફરિયાદ

### બીદડા સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટીને સાક્ષીને તપાસતા રસીદોમાં રૂા.૧૦૦ના બદલે રૂ.૧,૦૦૦ ની રસીદો બનાવેલ હોવાનુ કોર્ટ સમક્ષ ખુલ્યું

**અબતક, રાજકોટ**

અકસ્માત વળતર મેળવવા અંગે દાખલ કરેલી અરજીમાં મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રિબ્યુનલ સમક્ષ ખોટા અને બનાવટી દસ્તાવેજો રજુ થતા કોર્ટે ખાસ નોંધ લઈ આરોપી વિરૂધ્ધ ગાંધીગ્રામ - ૨ (યુનિ. પોલીસ સ્ટેશનમાં) ગુનો દાખલ કરવા હુકમ કર્યો હતો. વધુ વિગત મુજબ રાજકોટના એડિશનલ સેશન્સ કોર્ટ (મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ) સમક્ષ જીતેન્દ્ર ડાયાલાલ મારકણાએ એમ.એ.સી.પી. કેસ નં. ૧૮૪/૨૦૧૬થી દાખલ કર્યો હતો. આ કેસના કામે જીતેન્દ્ર મારકણાએ કોર્ટ સમક્ષ રજૂ કરેલા પુરાવાઓમાં જે પૈસા ભર્યાની બીદડા સર્વોદય ટ્રસ્ટની રસીદો રજુ કરી હતી. આ રસીદોમાં રકમ રૂા. ૧,૦૦૦ દર્શાવી રજુ કરી હતી. વીમા કંપની તરફથી બીદડા સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટી રાજુભાઈ પદમશીભાઈ ચંદેને સાક્ષી તરીકે તપાસેલા હતા, તેઓએ ટ્રિબ્યુનલ સમક્ષ હાજર

થઈ જીતેન્દ્ર મારકણાએ કોર્ટમાં રજુ કરેલી રસીદો ઓફીસ કોપી સાથે સરખાવતા તેમના ટ્રસ્ટમાંથી જીતેન્દ્ર મારકણાને ઈસ્યુ કરવામાં આવેલ રસીદોમાં માત્ર રૂા. ૧૦૦ની રસીદ આપવામાં આવેલ હોવાનું બહાર આવ્યું હતું.આમાં ટ્રસ્ટ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ રસીદોમાં પાછળથી ચેડા થયા હોવાનું એટલે કે રકમમાં પાછળ શુન્ય ઉમેરી રૂા.૧૦૦ ના બદલે રૂા. ૧,૦૦૦ ની રસીદો બનાવેલ હોવાનુ કોર્ટ સમક્ષ રેકર્ડ ઉપર આવ્યું હતું. ટ્રિબ્યુનલ સમક્ષની કાર્યવાહીમાં જીતેન્દ્ર મારકણાએ પુરાવામાં છેડછાડ કરી બોગસ પુરાવાઓ ઉભા કર્યા હોવાનું સ્પષ્ટ થતા ટ્રિબ્યુનલ કોર્ટે આખરી હુકમમાં આ તમામ ઓબ્ઝર્વેશન કરેલ અને આ હુકમ પત્ર સાથે પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ - ૨ (યુનિ.) પોલીસ, ખાતે આરોપી જીતેન્દ્ર મારકણા અને તપાસમાં ખુલે તે તમામ સામે ગુન્હો દાખલ કર્યો છે, તેમાં આરોપી જીતેન્દ્ર મારકણાએ દસ્તાવેજોમાં પોતે છેડછાડ કરેલ છે કે અન્ય કોઈ વ્યકિતએ છેડછાડ કરેલ છે કે કોઈ વ્યકિતના માર્ગદર્શન હેઠળ છેડછાડ કરી છે. તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. આથી કોર્ટ કે ટ્રિબ્યુનલ સમક્ષ ખોટા દસ્તાવેજો ઉભા કરનાર અને તેને સાચા તરીકે ઉપયોગમાં લેનાર તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

રાજકોટ જિલ્લા ભાજપના સંગઠન માળખાના મહામંત્રી સહિતના અનેકને રિપીટ કરાયા હતા જયારે

# રાજકોટ શહેર ભાજપ માટે 'પક્ષ'માં અલગ જ નિયમ ! સંગઠન માળખામાં 'નો રિપીટ'ને પ્રાધાન્ય





## ત્રણ મહામંત્રી આઠ ઉપપ્રમુખ અને આઠ મંત્રી પદે નવા ચહેરાને તકઃ જૂનાને ઘરે બેસાડી દેવાયા કોષાધ્યક્ષ તરીકે મયુરભાઈ શાહ અને કાર્યાલય મંત્રી તરીકે હિતેષ ઢોલરીયાને રિપીટ કરાયા

### કોર્પોરેશનની ચૂંટણીમાં 'નો રિપીટ'? કોર્પોરેટરોનાં જીવ અદ્ધર

**સંગઠન માળખાની જાહેરાતે અનેકને આંચકા આપ્યા હતાઃ કેટલાયના રાજકારણ પર પૂર્ણ વિરામ**

રાજકોટ શહેર ભાજપનું સંગઠન માળખું જાહેર થઈ ગયું છે. જેમાં નો રિપીટ થીયરી અપનાવવામાં આવી છે. સંગઠનની ટીમ જાહેર થતાની સાથે જ કોર્પોરેટરોના જીવ અદ્ધર થઈ ગયા છે.જો ટિકિટ ફાળવણીમાં પક્ષ નો રિપીટ થીયરી અપનાવશે તો અનેકના રાજકારણ પર મોટુ પૂર્ણ વિરામ મૂકાય જશે. કેટલાકે તો બિસ્તરા પોટલા બાંધવાનું પણ શરૂ કરી દીધું છે.

વર્ષ ૨૦૨૧માં યોજાયેલી કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીમાં ભાજપે માત્ર ૧૨ સિટીંગ કોર્પોરેટરોને ફરી ટિકિટ આપી હતી.બાકી નવા ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા હતા. હવે ૨૦૨૬માં પણ ભાજપ ૬૮ પૈકી ૫૦ થી વધુ કોર્પોરેટરોને ફરી ટિકિટ આપવાના મૂડમાં ન હોવાનું જાણવા મળી રહ્યું છે. બીજી તરફ જે રિતે સંગઠન માળખામાં નોરિપીટ અપનાવવામાં આવી છે તે જોતા એવું લાગી રહ્યું છેકે કોર્પોરેશનની ચૂંટણીમાં પણ પક્ષ દ્વારા નો રિપીટને વધુ પ્રાધાન્ય આપવામાં આવશે તે લગભગ નિશ્ચિત મનાય રહ્યું

(અનુ. આઠમા પાને)

### સંગઠનમાં વિધાનસભા-૬૮નો દબદબો દેખાયો

રાજકોટ શહેર ભાજપના સંગઠન માળખામાં ૬૮ રાજકોટ વિધાનસભા પૂર્વ બેઠકનો દબદબો જોવા મળી રહ્યું છે. ૨૧ પદ પૈકી ઉપપ્રમુખ, મહામંત્રી અને મંત્રી સહિત પાંચ પદ મુખ્ય સંગઠન માળખામાં વિધાનસભા ૬ને મળ્યા છે આ ઉપરાંત સાત મોરચા પૈકી ત્રણ મોરચાનું અધ્યક્ષ પદ મળ્યું છે. યુવા મોરચાના પ્રમુખ તરીકે વોર્ડ નં.૬ના મિલનભાઈ લીંબાસીયાની, મહિલા મોરચાના અધ્યક્ષા તરીકે વોર્ડ નં.૧૬ના લીનાબેન રાવલની અને બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે વોર્ડ નં.૫ના બાબુભા, માટીયાની નિયુકતી કરવામાં આવી છે.

### શહેર ભાજપનું સંગઠન માળખું

| પદ | નામ |
|---|---|
| ઉપપ્રમુખ | મેહુલભાઈ ડી. નથવાણી<br>મહેશભાઈ એલ. પીપરીયા<br>ભાર્ગવભાઈ વી. મિયાત્રા<br>દીપાબેન વી.કાચા<br>કેતનભાઈ જી. વાછાણી<br>કૌશીકભાઈ આર. ચાવડા<br>સોમાભાઈ આર. ભાલીયા<br>મેઘાબેન કે. વૈશ્નવ |
| મહામંત્રી | વલ્લભભાઈ પી. દુધાત્રા<br>લલીતભાઈ જે. વાડોલીયા<br>યોગેન્દ્રસિંહ જી. જાડેજા |
| મંત્રી | કિશનભાઈ જે. ટીલવા<br>ગેલાભાઈ બી. રબારી<br>સુનિલભાઈ કે. ગોહેલ<br>ધર્મિષ્ઠાબેન વાઘેલા<br>કિન્નરીબેન કે. ચૌહાણ<br>ચાંદનીબેન ડી. ગોંડલીયા<br>નિશાબેન એન. રાણપરા<br>અરૂણાબેન એચ. પરમાર |
| કોષાધ્યક્ષ | મયુરભાઈ શાહ |
| કાર્યાલયમંત્રી | હિતેષભાઈ એસ. ઢોલરીયા |

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર ભાજપ માટે પ્રદેશ હાઈકમાન્ડના મનમા કંઈક અલગ જ છાપ છવાઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. પક્ષના પ્રાથમિકથી લઈ આકરા તમામ નિયમો રાજકોટને લાગુ પડે છે. તાજેતરમાં રાજકોટ જિલ્લા ભાજપના સંગઠન માળખામા ત્રણેય મહામંત્રી સહિત અનેક હોદેદારોને રિપીટ કરવામાં આવ્યા હતા. દરમિયાન ગઈકાલે રાત્રે જાહેર કરાયેલા રાજકોટ શહેર ભાજપના સંગઠન માળખામાં નો રિપીટ થિયરીનો અમલ કરવામાં આવ્યો છે. ત્રણેય મહામંત્રી, આઠ ઉપપ્રમુખ અને આઠ મંત્રીઓ પદે નવા ચહેરાઓને તક આપવામાં આવી છે. સાત મોરચા પૈકી છ મોરચાના પ્રમુખ અને મહામંત્રી પણ નવા મૂકવામાં આવ્યા છે. જેઓના નામ જોર શોરથી ચર્ચાય રહ્યા તેઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી. યુવા અને અનુભવીઓનો સમન્વય કરવામાં આવ્યો છે.

લાંબા સમયથી ચાલતી અટકળોનો રવિવારે રાતે અંત આવી ગયો છે. મોવડી મંડળની લીલીઝંડી મળતા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ સંગઠન માળખું અને વિવિધ સાત મોરચાના પ્રમુખ તથા મહામંત્રીના નામની ઘોષણા કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લા ભાજપમાં હાઈકમાન્ડ દ્વારા રિપીટ થીયરીનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ત્રણેય મહામંત્રી સહિતના અનેક હોદેદારોને રિપીટ કરવામાં આવ્યા છે. જયારે રાજકોટ શહેર માટે નોરિપીટ થિયરી અપનાવવામાં આવી છે. પ્રમુખ પદ પછી સૌથી મહત્વના મનાતા મહામંત્રીની ત્રણ જગ્યાઓ માટે પૂર્વ ડેપ્યુટી મેયર અને અગાઉ પણ મહામંત્રી તરીકે જવાબદારી નિભાવી ચૂકેલા વલ્લભભાઈ દુધાત્રાને વર્ષો પછી ફરી એકવાર મહામંત્રી તરીકેની જવાબદારી આપવામાં આવી છે. આ ઉપરાંત લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજાને પણ મહામંત્રી બનાવવામાં આવ્યા છે.

જયારે ઉપપ્રમુખ તરીકે મેહુલભાઈ ડી. નથવાણી, મહેશભાઈ એલ. પીપરીયા (પીપળીયા), ભાર્ગવભાઈ વી.મિયાત્રા, દીપાબેન વી. કાચા, કેતનભાઈજી. વાછાણી, કૌશીકભાઈ આર. ચાવડા, સોમાભાઈ આર. ભાલીયા અને મેઘાબેન કે. વૈશ્નવની જયારે મંત્રી તરીકે વલ્લભભાઈ પી. દુધાત્રા, લલીતભાઈ જે. વાડોલીયા, યોગેન્દ્રસિંહ જી. જાડેજા, કિશનભાઈ જે. ટીલવા, ગેલાભાઈ બી. રબારી,

(અનુ. આઠમા પાને)

### ભાવનગર શહેર ભાજપના

## ઓબીસી મોરચાના અધ્યક્ષ બનાવ્યાના સમાચાર મળે તે પૂર્વે જ ભાવેશ રબારીનું નિધન

### સવારે હાર્ટએટેકથી નિધન થયું સાંજે ઓબીસી મોરચાના અધ્યક્ષ તરીકે નિમણુંક થવાના સમાચાર આવ્યા



'ન જાણ્યુયં જાનકી નાથે કાલે સવારે શું થવાનું' ભાવનગર શહેર ભાજપના ઓબીસી મોરચાના પ્રમુખ તરીકે વરણી કરાયાના સમાચાર આવે તે પૂર્વે જ ભાવનગરના મહેનતુ કાર્યકર ભાવેશભાઈ રબારીનું હાર્ટ એટેકથી નિધન થતા કાર્યકરોમાં ઉંડા શોકની લાગણી વ્યાપી જવા પામી છે.

ભાવનગરના કુંભારવાડા વિસ્તારના મહેનતું કાર્યકર ભાવેશભાઈ રબારીનું ગઈકાલે સવારના સમયે સિવિયર હાર્ટ એટેકથી મોત નિપજયું હતુ. દરમિયાન ભાવનગર શહેર ભાજપ પ્રમુખ કુમાર શાહે સાંજે સંગઠન માળખાની જાહેરાત કરી હતી. જેમાં ભાવેશભાઈ રબારીને ઓબીસી મોરચાના પ્રમુખ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

ભારતીય જનતા પાર્ટી ભાવનગરના ખૂબ જ મહેનતુ કાર્યકર્તા જેમની આજે ભાવનગર મહાનગરના બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે નિમણૂક થઈ છે ત્યારે હરખ કરવા અભિનંદન આપવા માટે કેટલાક આગેવાનોઅને નેતાઓ ફોન કરતા. ફોન બંધ આવતા તેમના ભાઈને ફોન કરીને ભાવેશભાઈ નો સંપર્ક કરાવવા જણાવ્યું ત્યારે જાણવા મળ્યું કે બપોરના ભાવેશભાઈ રબારી નું હાર્ટ એટેક થી મૃત્યુ થયું છે સમાચાર સાંભળી ખૂબ દુઃખ અને આઘાત પહોંચ્યો કે કુદરતની ક્રૂરતા તો જુઓ ભારતીય જનતા પાર્ટી ભાવનગરનો એક સંઘર્ષશીલ અને પાર્ટીના કામ માટે હંમેશા તત્પર પાર્ટી લાઈનમાં રહી વફાદારી પૂર્વક કામ કરનારા કાર્યકર્તા ને ઈનામ સ્વરૂપ જયારે બક્ષીપંચ મોરચાના અદયક્ષની જવાબદારી મળે છે ત્યારે તેના સમાચાર તેને મળે તેના પહેલાજ તેનું મર્ત્યું થયું છે.

**યુવા મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | મિલન લીંબાસીયા<br>જયકિશન ઝાલા |
| મહામંત્રી | હિમાંશુ રાજયગુરૂ |

**મહિલા મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | લીનાબેન રાવલ<br>કિરણબેન હરસોડા |
| મહામંત્રી | માધવીબેન જોગીયા |

**કિસાન મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | યોગેશભાઈ જી. ભુવા<br>રાજેશભાઈ આર. ડાંગરીયા |
| મહામંત્રી | અનીલસિંહ એન. પરમાર |

**બક્ષીપંચ (ઓબીસી) મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | બાબુભાઈ માટીયા<br>મહેશભાઈ મિયાત્રા |
| મહામંત્રી | રાજેશભાઈ સવનીયા |

**અનુસુચિત મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | દિનેશભાઈ એમ. ગોહેલ<br>સંજયભાઈ એલ. બગડા |
| મહામંત્રી | અભિષેક ગોરી |

**અનુસુચિત જન જાતિ મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | મનોજભાઈ દુબલ<br>વિજયભાઈ એચ.રાઠોડ |
| મહામંત્રી | જીતેન્દ્રભાઈ વાઘેલા |

**લઘુમતી મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | ઈબ્રાહીમભાઈએફ. સોની<br>ફિરોજભાઈ ડેલા |
| મહામંત્રી | અમનભાઈ એચ. સમા |

---

**૨૦૨૨માં ચોથા ક્રમે**

# 'જસ્ટીસ ઈન્ડિયા' રેન્કિંગમાં ગુજરાત ૧૧માં ક્રમે ધકેલાયું

## જયાં ભાજપની સત્તા નથી તેવા રાજયો કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા અને કેરલ ટોચ પરઃ કોંગ્રેસના પ્રહાર

**અબતક, રાજકોટ**

'જસ્ટીસ ઈન્ડિયા' રેન્કિંગમાં વર્ષ ૨૦૨૫માં ભાજપ શાસિત ગુજરાત ૧૧માં ક્રમે ધકેલાય ગયું છે. સુશાસનના દાવાઓ સંપૂર્ણ પણે યોગ્ય સાબિત થયા છે.

પોલીસ, ન્યાયપાલિકા, જેલ વ્યવસ્થા અને કાનૂની સહાય આ ચાર આધારસ્તંભો પર આધારિત આ અહેવાલ કેન્દ્ર અને રાજય સરકારોના અધિકૃત આંકડાઓ પરથી તૈયાર 'જસ્ટીસ ઈન્ડિયા' અહેવાલમાં ભાજપ શાસનમાં ધરાશાયી ન્યાય વ્યવસ્થાની પોલખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો.હિરેન બેન્કરે જણાવ્યું હતું કે ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ દેશની ન્યાય વ્યવસ્થાનું તટસ્થ અને તથ્ય આધારિત મૂલ્યાંકન રજૂ કરે છે. આ અહેવાલમાં જુદા જુદા ૧૦૨ જેટલા સૂચકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમ ગુજરાત પ્રથમ દસ રાજ્યોમાંય સ્થાન મેળવતું નથી. ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ ગુજરાત માટે આ અહેવાલ ચેતવણીની ઘંટડી સમાન છે. આ અહેવાલ ભાજપ સરકારના સુશાસનના દાવાઓને સંપૂર્ણપણે ખોટા સાબિત કરે છે. મોટા રાજ્યોમાં કર્ણાટક પ્રથમ ક્રમાંકે, આંધ્ર પ્રદેશ બીજા, તેલંગાણા ત્રીજા, કેરળ ચોથા અને તમિલનાડુ પાંચમા ક્રમાંકે છે નાના રાજ્યોમાં સિક્કિમ પ્રથમ ક્રમાંકે, હિમાચલ પ્રદેશ બીજો ક્રમાંકે, અરુણાચલ પ્રદેશ ત્રીજા ક્રમાંકે, ત્રિપુરા ચોથા ક્રમાંકે, મેઘાલય પાંચમા ક્રમાંકે આવે છે. જે બતાવે છે કે જ્યાં ભાજપ સત્તામાં નથી, ત્યાં ન્યાય વ્યવસ્થા વધુ કાર્યક્ષમ છે. વર્ષ ૨૦૨૨માં ગુજરાત ચોથા સ્થાને હતુ જે વર્ષ ૨૦૨૫માં ભાજપ શાસિત ગુજરાત સીધું ૧૧મા સ્થાને પહોચી ગયું છે. આ માત્ર રેન્કિંગનો ઘટાડો નહીં, પરંતુ શાસનની નિષ્ફળતાનો પુરાવો છે. દેશભરમાં પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી, મહિલા હેલ્પડેસ્ક જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ છે. વિવિધતા- ડાયર્વસીટી રેન્કમાં ગુજરાત માત્ર ૪.૮૧ સ્કોર ૧૦માં સ્થાને આવે છે. આશરે ૨૦.૩ લાખ પોલીસ કર્મચારીઓમાંથી ૧,૦૦૦ થી પણ ઓછી મહિલાઓ ઉચ્ચ અધિકારી પદે છે આ દર્શાવે છે કે બેટી બચાવો માત્ર નારા પૂરતું રહી ગયું છે. દેશભરમાં ન્યાયાધીશો અને સ્ટાફની મોટી ખાલી જગ્યા છે. ગુજરાતની રેન્કિંગમાં થયેલો ઘટાડો માત્ર આંકડો નથી,તે ભાજપ

(અનુ. આઠમા પાને)

# મહાશિવરાત્રીના મેળામાં ગિરનાર રોપ-વે સેવામાં ભાવિકોને ખાસ ડિસ્કાઉન્ટ

## પાંચ દિવસ સુધી રોપ-વેની ટિકિટના રૂ.૭૫૦ના બદલે રૂ.૬૩૦ ચૂકવવાના રહેશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં આગામી બુધવારથી મહાશિવરાત્રીના મેળાનો આરંભ થઈ રહ્યો છે ત્યારે ભાવિકો માટે પાંચ દિવસ સુધી ગીરનાર રોપ-વેની ટિકિટમાં ખાસ ડિસ્કાઉન્ટ ઓફર જાહેર કરવામાં આવી છે.

જૂનાગઢ ખાતે યોજાનાર મહાશિવરાત્રિ મેળાને નિમિત્તે ગિરનાર રોપ-વે દ્વારા ભાવિક-ભક્તો માટે ખાસ ડિસ્કાઉન્ટ ઓફર જાહેર કરવામાં આવી છે.

રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ આ ઓફર અમલમાં મૂકવામાં આવી છે. આ ઓફર અંતર્ગત ભક્તોને ગિરનાર રોપ-વેની ટિકિટ રૂપિયા ૬૩૦ (જીએસટી સહિત)ના વિશેષ દરે ઉપલબ્ધ રહેશે. આ યોજના તા.૧૧ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન માન્ય રહેશે.

દરરોજ સવારે ૦૭:૦૦ વાગ્યાથી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી આ ઓફરનો લાભ લઈ શકાશે. નોંધનીય છે કે, સાંજે ૪:૦૦ વાગ્યા બાદ ફક્ત એક તરફી ટિકિટ જ ઉપલબ્ધ રહેશે. શિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે વધુમાં વધુ ભક્તો ગિરનાર રોપ-વે દ્વારા સુગમ, સુરક્ષિત અને આધ્યાત્મિક યાત્રાનો આનંદ માણી શકે તે હેતુથી આ વિશેષ ઓફર રજૂ કરવામાં આવી હોવાનું ગિરનાર રોપ વે મેનેજમેન્ટની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

---

# ટ્રેડ ડિલ સૌરાષ્ટ્રના ઓટો પાર્ટસ ઉદ્યોગને 'બખ્ખા' કરાવી દેશે

## અમેરિકામાં ભારતીય ઓટો કમ્પોનન્ટ્સ પર ટેરિફ ઘટતા રાજકોટના એન્જિનિયરિંગ ઉદ્યોગને મળશે સીધો લાભ

**અબતક, નવી દિલ્હી**

તાજેતરમાં ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ઐતિહાસિક વેપાર સમજૂતી ભારતીય ઓટો કમ્પોનન્ટ ઉદ્યોગ માટે ગેમ ચેન્જર સાબિત થઈ છે. આ કરાર હેઠળ ભારતીય નિકાસકારોને અમેરિકન માર્કેટમાં મોટી રાહત મળવા જઈ રહી છે, જેનો સીધો ફાયદો ગુજરાતના ઓટો હબ ગણાતા રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોને થશે.

આ સમજૂતી હેઠળ, અમેરિકામાં નિકાસ થતા ભારતીય ઓટો પાર્ટ્સ પર ટેરિફ (આયાત જકાત) ઘટાડવામાં આવ્યો છેઅને કેટલીક પ્રોડક્ટ્સ માટે તે 'ઝીરો ડ્યુટી' કરી દેવામાં આવ્યો છે. અગાઉ ૫૦% સુધીની ડ્યુટી લાગતી હતી તે હવે દૂર થતા, રાજકોટમાં બનતા બેરિંગ્સ, પિસ્ટન, લાઈનર, ક્રેન્ક શાફ્ટ અને ફોર્જિંગ પાર્ટ્સ અમેરિકામાં સસ્તા દરે વેચી શકાશે.

રાજકોટ એ એન્જિનિયરિંગ અને ઓટો પાર્ટ્સનું હબ છે. અહીંથી મોટા પ્રમાણમાં ફોર્જિંગ અને કાસ્ટિંગ કમ્પોનન્ટ્સ વિદેશમાં નિકાસ થાય છે. આ ડીલને કારણે અમેરિકન ઓટો કંપનીઓ ચીનને બદલે હવે ભારત અને ખાસ કરીને રાજકોટ જેવા મેન્યુફેક્ચરિંગ હબ તરફ વળશે. જેના કારણે સ્થાનિક ફેક્ટરીઓમાં કામનું ભારણ વધશે અને રોજગારીની નવી તકો સર્જાશે.

નિષ્ણાતોના મતે, આ કરારથી ભારત 'વર્લ્ડ ક્લાસ મેન્યુફેક્ચરિંગ હબ' તરીકે ઉભરી આવશે. ભારત ફોર્જ અને યુનો મિન્ડા જેવી મોટી કંપનીઓએ આ ડીલને આવકારી છે, જેની પોઝિટિવ અસર તેમના વેન્ડર્સ તરીકે કામ કરતા રાજકોટના નાના અને મધ્યમ ઉદ્યોગો પર પણ પડશે.

### મહત્વના મુદ્દા

- ટેરિફમાં ઘટાડો ભારતીય ઓટો પાર્ટ્સ હવે અમેરિકામાં સસ્તા થશે.
- ઝીરો ડ્યુટી એક્સેસ નેશનલ સિક્યુરિટી ટેરિફ હેઠળ આવતા પાર્ટ્સ પર હવે ટેક્સ નહીં લાગે.
- સ્પર્ધાત્મક કિંમત ચીન જેવા દેશોની સરખામણીએ ભારતીય માલની કિંમત ઘટતા ડિમાન્ડ વધશે.
- નિકાસમાં ઉછાળો ચાલુ વર્ષના પ્રથમ ૬ મહિનામાં જ નિકાસ ૩.૧ બિલિયન ડોલરે પહોંચી છે, જે હવે વધુ વધશે.

### રાજકોટ અને સૌરાષ્ટ્રને શું ફાયદો?

- એન્જિનિયરિંગ હબને વેગ રાજકોટના ઓટો એન્સિલરી ઉદ્યોગો માટે અમેરિકન માર્કેટના દરવાજા વધુ ખુલ્યા.
- મુખ્ય પ્રોડક્ટ્સ બેરિંગ્સ, ડીઝલ એન્જિન પાર્ટ્સ, ફોર્જિંગ આઈટમ્સ અને કાસ્ટિંગ પ્રોડક્ટ્સની નિકાસ વધશે.
- એમએસએમઈને લાભ મોટી કંપનીઓને ઓર્ડર મળતા તેમના સપ્લાયર તરીકે કામ કરતા નાના કારખાનેદારોને સીધો ફાયદો.
- રોકાણ આકર્ષશે એક્સપોર્ટ ઓર્ડર વધતા ઉત્પાદન ક્ષમતા વધારવા માટે નવા રોકાણો આવશે.

---

# બજેટને કાલે સ્ટેન્ડિંગ કમિટી આપશે બહાલીઃ કરબોજ ફગાવાશે, વ્યાજમાફી અપાશે

## બાકીદારોને ચડત વેરા પર સંપૂર્ણ વ્યાજમાફી આપવાના બદલે અંશતઃ વ્યાજ માફ કરવામાં આવે તેવી શક્યતાઃ ચૂંટણી વર્ષમાં અનેક નવી યોજનાઓનો અંદાજપત્રમાં કરાશે ઉમેરો



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ-૨૦૨૬/૨૦૨૭ના ડ્રાફ્ટ બજેટમાં મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા દ્વારા પાણી વેરો અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ચાર્જમાં વધારો કરી શહેરીજનો પર ૯૫ કરોડનો કરબોજ લાદવાની દરખાસ્ત કરવામાં આવી છે.

કોર્પોરેશનની ચુંટણીના આડે હવે ત્રણ મહિના જેટલો જ સમય બાકી હોય શાસક પક્ષ ભાજપ ચુંટણી વર્ષમાં કરબોજની દરખાસ્ત ફગાવી દે તેવી શક્યતા હાલ દેખાઈ રહી છે. સાથોસાથ વર્ષોથી બાકી નીકળતું કરોડો રૂપિયાનું લેણું વસુલવા માટે વેરામાં વ્યાજમાફીની યોજના પણ જાહેર કરવામાં આવે તેવી શક્યતા જણાઈ રહી છે.

ગત સપ્તાહે મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા દ્વારા નવા નાણાકીય વર્ષનું રૂ.૩૫૯૫.૭૦ કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત સ્વરૂપે રજૂ કરવામાં આવેલા આ બજેટમાં રાજકોટવાસીઓ પર ૯૫ કરોડનો કરબોજ લાદવામાં આવ્યો હતો. પાંચ દિવસથી ખડી સમિતિના ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને બજેટનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આવતીકાલે સવારે ૧૦ કલાકે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ડ્રાફ્ટ બજેટને બહાલી આપવામાં આવશે. ચુંટણી વર્ષને ધ્યાનમાં રાખી બજેટમાં જે ૯૫ કરોડનો કરબોજ લાદવાની દરખાસ્ત કરવામાં આવી છે. તેને સંપૂર્ણપણે ફગાવી દેવામાં આવશે. બીજી તરફ શહેરીજનોને રાજી કરવા માટે વ્યાજમાફી યોજના પણ જાહેર કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે. સંપૂર્ણ વ્યાજ માફ કરવામાં આવશે નહિં. પરંતુ અંશતઃ વ્યાજ માફ કરવામાં આવે તેવું હાલ દેખાઈ રહ્યું છે.

આ ઉપરાંત ભાજપના શાસકો દ્વારા કોર્પોરેશનની ચુંટણીને ધ્યાનમાં રાખી કેટલીક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવે તેવી પણ શક્યતા નકારી શકાતી નથી. કોર્પોરેટરોની ગ્રાન્ટમાં પણ વધારો કરવામાં આવી શકે છે. મ્યુનિ.કમિશનરે વર્તમાન નાણાકીય સ્થિતિને ધ્યાનમાં રાખી વાસ્તવિક બજેટ આપવાનો પ્રયાસ કર્યો છે. હવે જોવાનું એ રહે છે કે શાસકો બજેટમાં કેટલો ઉમેરો કરશે.

કાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ધી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ-૯૪ હેઠળ રજુ કરવાના થતા રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ ના આવક-ખર્ચના વાર્ષિક હિસાબોની ગાઈડ લાઈનને અનુરૂપ તથા ડિજિટલાઈઝડ ફોર્મમાં જાળવેલા આનુષંગીક રેકર્ડ/દસ્તાવેજો/વાઉચર્સ વગેરેને મંજુરી આપવા તથા ઉક્ત વર્ષો દરમ્યાન કરવામાં આવેલ રોકાણો તથા લેવામાં આવેલ ધિરાણોને મંજૂરી આપવા તેમજ ધી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ-૯૫ મુજબ મહાનગરપાલિકાનું નાણાકીય વર્ષ-૨૦૨૫/૨૬નું રિવાઈઝડ

(અનુ. આઠમા પાને)